
રમુજ સંગરહ

રચનાર

જીજીભાઈ ખ. કાપડયા માસતર.

તે

પરશીઅન તેલ્સ, બાબા સાહેબ, અમીર બચ્ચો. ખોદાઈ લાકડીને અવાજ હોય કે ?, પેટબોલુ પંચી, ખબરદાર, વગેરે બીજાં ઘણાંક અંગ્રે-જી તથા ગુજરાતી શાળોપયોગી પુસ્તકો લખનાર.



ANGLO-PERSIAN
PRESS.
1891.

કીંમત ૧૨ અણા.

મારા બેહેસ્તી પીતા

ખરસેદજી હોરમશજી ભઈમુનસીની

માન પૂર્વક યાદગારીને


આ લઘુ પુસ્તક

પુ ત્ર ભા વ ની

એક નિશાની તરીકે

અરપણ કરયું છે.

જીજીભાઇ ખ. માસતર.



ગમ ગોસાર.

રમુજ સંગ્રહ.

કેમ મી૦ અસલાજી, કાંઇ દોખમાંની જગાની મરામત કરવાનાં ફંડમાં ભરશો?

અસલાજી જાતે ઘણા કંજુસ હોવાથી કાંઇ પણ ફંડ ભરી આપવાને ના પાડી, અને કારણ તરીકે તેના જવાબમાં કહયું જે ભાઇ, અલબતાં વરસ ૪૦) ની વાત ઉપર મારા બાવાએ દુખમાં સમારવાનાં ફંડમાં નાણું ભરયું હતું, પણ તે પૈસા તદન રદ ગયા; કારણ અમારા કુટુંબના વપરાસમાં દોખમું કોઇ દિવસ હજી આવ્યું નથી, અને તેવાજ હાલ વળી આ દોખમાંના બાબમાં પણ થવાના.

મ્હાગ્નાની દાકતર જોહનસન એક મખ્યાત શબ્દકોષ રચનાર થઇ ગયો છે. તેને વિષે એવું કહે છે કે, એક બાઇએ તેને નિચ શબ્દો ગોઠવ્યાં જ્યા-

રે તેણીને ચિડવવા ખાતર કાંઈ પણ બુરા શબ્દો વાપરવાને આંચકી લાગી જેથી તે બદલે તેણે વ્યાકરણના શબ્દો જેવા કે ક્રિયાવિશેષણ અવ્યય, ઉભયાન્વયી અવ્યય, કેવળ પ્રયોગી અવ્યય, શબ્દયોગી અવ્યય, ધાતુસાધીત અવ્યય, એવા શબ્દોનો ઉપયોગ કર્યો, જેને પેલા માછણ સામી ગાળ સમજી અત્યંત ચિરડાઇ ગઈ અને ત્યાં આગળથી જતી રહી.

—⊛—

બે નાના છોકરાઓ લડતા હતા, જ્યારે તેમની મા વચ્ચે પડી તેમનો ફૈંસલો ટોળવા બેઠી. તેણીને સમજ પડી નહિ કે ટપકો કોણને ઘટતો હતો. આખરે તેણી બોલી; "ઠીક છે, લુચ્ચાઓ, આજે નહિ તો કયામતને દહાડે હું જરૂર પકડી કાઢીશ કે તમારામાંથી જુઠું કોણ બોલ્યું છે."

થોડાક દિવસ પછી ગામમાં તોફાન થઇ આવ્યું. ઉપલા છોકરાઓનાં ઝુપડાંનું છાપરૂં ઉડી ગયું. છોકરાઓ ઘણા ગભરાયા, અને દેવની પ્રાર્થના કરવા લાગા. જ્યારે મા તેમની આગળ આવી ત્યારે તેઓ માંહેલા જે છોકરે આગળ માને જુઠું સમજાવ્યું હતું તે બોલ્યો, "માજી, આજનો દિવસ કયામતનો હોય તો મારે તમને કેહેવું જોઇએ કે પેલે દહાડે તમને ખોટું સમજાવનાર હું હતો."

મુંબઈ શેહેરમાં જ્યારે છેલ્લા સેન્સસ યાને વસ્તીની ગણત્રી લેવાઇ ત્યારે એક વાણીયનેબિહ-કની મારી નીચે પ્રમાણે ગણત્રો લેનારને ખબર આપી હતી.

"મારા સુધાં કુટુંબમાં અમે આઠ જણ છિયેજી."

"ઠીક, વારૂં તામારી ઉમ્મર કેટલાં વર્ષ-ની છે?"

"મારી ઉમ્મર! જી, મારી ઉમ્મર સાથ તમને શું કામ તે હોય?

"બાઈ, આ સરકારી કાગળ પુરવા જે પુછું તેના જવાબ આપો નહિ તો કાયદાથી તમને ફરજ પડશે."

"ઉમ્મર મારી ત્રીશ અને ચાલીશની વચ્ચે છે."

"એટલે કે પાંત્રીસ."

"નહિ, એટલી નહિ, હું માત્ર ૩૩ વર્ષની છું."

"ઠીક, જેમ તમે કહો તેમ ૩૩ લખું છું."

"હવે છોકરાંની ઉમ્મર જણાવો. છેક નાનાંથી શરૂ કરજો.

"મારૂં નાનું બાળક ૧૦ વર્ષનું છે."

"નાનું બાળક ૧૦ વર્ષનું; લખ્યું, પછી."

"નાની છોકરી ૧૨ વર્ષની."

"ઠીક, પછી ?"

"તેથી ચઢતી છોકરી ૧૫ વર્ષની."

"ઠીક, પછી."

"તેથી મોટી ૧૮ વર્ષની."

"આગળ ?"

"મારી વડી દીકરી, જે એકજ પરણેલી છે તેણી ૨૭ વર્ષની છે."

"૨૭ વર્ષની, તમે બોલ્યાં ?"

"હાજી, કાં તેમાં નવાઇ જેવું શું છે?"

"તે કેમ કહી શકું; પણ શું આ વાત નવાઇ જેવી નથી કે તમારી ઉમ્મર ૩૩ વર્ષની જ્યારે તમારી વડી બેટીની ૨૭ છે ત્યારે એ ઉપરથી તમે શું એવું કેહેવા માગોછો કે તમે ૬ વર્ષની ઉમ્મરે વ્યાયાં હતાં ?"

મુંબઇની એક સુધરેલી પારસણ તેલીફોનના ત્રાન્સમીતરમાં કાંઇ બોલતી હતી, જ્યારે તેણીની નજદીક ઉભેલી એક ગામડેની સ્ત્રી-

એ તેણીને પુછ્યું:—"રે પોરી, આ તું શું કરતી હતી." જવાબ મળ્યો, "હું દુરના મારા એક બે-શી સાથ વાત કરતી હતી." ગામડયન પોતાની અચરતી જણાવતાં બોલી, "વાહ! ત્યારે તો તે સગો કોઇ અજાયબ જેવાં નાનાં કદનો હોવો જોઈએ."

—૦—

"તકસીરવાર કે બેતકસીર?" એક કાનવાલે પુછ્યું.

"બે તકસીર, સાહેબ."

"ત્યારે આ કચેરીમાં તને શામાટે લાવ્યાછે? નીકળ અહિંથી."

—○—

અક્કલનો નમુનો—એક માતબર ઘરમાં ઘર-ધણીઆણી એકાએક બિમાર પડી ગઈ. ઘર ધણી-એ ઘોડાવાલાને ગાડી તઈયાર કરી દાકતરને ઘર જવા કહ્યું, અને પોતે દાકતર ઉપર ચીઠી લખવા બેઠો. ચીઠી લખતો હતો એટલામાં બઇરી હુશિયાર થઈ જ્યારે તેણે ચીઠીની છેવટે લખ્યું હવે આવવા-ની તસ્દી લેશોના મારી સ્ત્રી સાજી થઇ છે.

—○—

જડજ—બેધવા, તારી ઉંમર કેટલાં વરશની છે?

કેદી- ૨૨ વરશની સાહેબ.

જડજ-પણ તારા તપકા ઉપરથી ૨૩ વરશની જણાય છે.

કેદી-બરાબર છે, પણ તેમાંથી એક વરશ મેં કેદખાણામાં ગુજાર્યું તેને હું ફોકટ ગયલું સમજી રદ ગણું છું.

જડજ—(શાખસીને) તું સોગંદ લઇ કહે છે કે આ પ્રતીવાદી રાતના ૧૧.૨૫ના વખતે ઘરમાં હતો?

શાખસી—હા, મેહેરબાન.

જ.—તે ચોકસ વખત નોંધી લેવાનું કારણ શું હતું.

શા.—હું મારી ઘડીયાલ માડતો હતો એટલે પ્રતીવાદી પાસેના ઓરડામાં હતો તેને મેં વખત પુછયો હતો.

જ.—વારૂં ઠીક છે, પણ આ સાંમેની ઘડિયાળમાં જો, અને કહે કે તેમાં કેટલા વાગ્યા છે.

શાખશી મુગો મન્તર થઇ ઉભો તેનાથી એક શબ્દ બોલાયો નહિ, કારણ તેને ઘડિયાળ જોતાં આવડતું ન હતું.

સુખીઆરૂં જોરૂ !!—કેમ ભાઇ એમ કેમકે તમારી અને તમારી સ્ત્રીવચ્ચે હંમેશ ઝગડો થાયછે?

કારણ અમે બન્ને એકજ વિચારનાં છિયે.

એકજ વિચારનાં હોવતો કજીયો શામાટેથાય

એકજ વિચારનાં તે એમ કે તેણી મારી ઉપર પોતાનો આંકોશ રાખવા માંગે છે અને તેમજ હું પણ કરૂં છું. કેમ હવે અમે એકજ વિચારનાં છિયે કેની ?

———o———

એક કાકટ સ્ત્રી માંદી પડી જ્યારે તેણીએ પોતાના ધણીને પોતાની પાસે બેસાડી કહ્યું, "આ દુન્યા એક મોટી બળા છે."

"જબરી," ધણીએ જવાબ દીધો.

"તારાખાતર ન હોત તો હું તો અત્યારમાં એ છોડી ગઇ હોત."

"રે મારી પ્રિયા," વર બોલ્યો, "તું મારા વિશે એવો વિચાર કેમ દોડાવે છે કે હું તારાં સુખની આડે આવીશ? જા, બેફાસક જા !"

તે સ્ત્રી અંતે સારી થઇ.

———

ઇંગ્લેન્ડની રાણી એલીઝાબેથ વિશે એવું કહેવાયલું છે કે એક મખ્યાત સ્પેન્યર્દની ખુબસુર-

તીથી વસ્મય પામી તેને તે માટે મુબારકબાદી આપતાં તેણીએ પુછયું કે તું જેવા એક ખુબસુરત સપેસાલારનું જીગર જીતવાને કેઇ નાર ભાગ્યવાન થઇ હશે!

સ્પેન્યર્દે જવાબ દીધો, "મેહેરબાન પાદશાહઝાદી, આવા પ્રસંગે આશક કાંઇ પણ ખુલ્લું જણાવતાં મોટો જોખમ ખેંચી લે છે! પણ તમો નામદારની મરજીને હું કાયદો સમજું છું અગર તે ભાગ્યશાલી નારનું નામ ન દેવા માટે હું દરગુજર ચાહું છું, તોપણ અરજ ગુજારૂં છું કે તેણીની છબી તમે કબુલ રાખશો."

તેણીને માટે તેને મોહડું જોવાની એક આરસી મોકલી આપી.

કેહે છે કે રૂશિઆ દેશના શેહેનશાહ પીતરનો લહુઓ સંકટની વેળાએ પોતાને તેમજ બીજાઓને બચાવી લેવામાં ઘણોજ ચાળાક રહેતો હતો. એક સમય તેના કોઇ સગા ઉપર પાદશાહની નાંતરાજી થઇ અને શેહનશાહે તેને મોતની શિક્ષા ફરમાવી. તે સાંભળી લહુઓ રાજાની કચેરીમાં સગા માટે માફી મેળવવા ગયો, તેને જોતાંજ રાજા તેના આવવાની મતલબ સમજી ગયો અને બુમ પાડી તેને ત્યાંથી તરત પાછો ફરવાને કહયું. તે બોલ્યો.

"અહિં આવ્યાથી તને કાંઇ ફાયદો થનાર નથી; હું સોગંદ લઈ કહું છું કે તું જે ખાહેસ્ત કરશે તે હું તને બક્ષીશ નહિ."

એ સખુન સાંભળતાંજ લહુઓ રાજાની નજદીક ધુંટણીએ બેઠો અને બોલ્યો "રે રાજા, મારી એવી અરજ છે કે આ ગુનાહગારને મારી નાખ એને જીવતદાન બક્ષી છુટો મુકીશના."

આ વાતથી રાજાને હસવું આવ્યું અને લહુઆની ચાલાકીથી અજાયબ થઇ ગુનાહગારને તેણે મારી બક્ષી.

એક શખસે પોતાની બૈરીને પોતાના ખીસામાંથી રૂપીઓ ચોરતાં પકડી. જ્યારે તેણીને પૂછવામાં આવ્યું ત્યારે તેણી બોલી કે, "રૂપાં કામ ઘસીને સાફ કરતી હતી તેથી સાથે લાગી તારા રૂપ્યા પણ સાફ કરવાનો વિચાર કરતી હતી.

થતો જમાઈ—હું જાણવા માગું છું કે અગર તમારી દીકરીસાથ હું પરણું તો તેણીને તમે શું આપશો?

સસરો—અને હું જાણવા માગું છું કે તું તારા કેટલાં કરજ મારા પૈસાથી અપાવવા માગેછે?

એક શખસ એક સાંજરે એક હોટેલમાં ગયો. તે હોટેલ સમરાવું હતું માટે તેના દરવાજા બંધ હતા. તે શખસે તે ઉઘડાવવાને જોરથી બારણું ઠોક્યું. એક રાહદારીએ તેને જણાવ્યું કે તે હોટેલ બંધ થયલું છે; તોપણ પેલા શખસે ઠોક્યા કીધું. ફરીથી પેલા રાહદારીએ બુમ પાડી કહ્યું, "ભાઈ. એ હોટેલ બંધ છે." તેના બોલવાની દરકાર કરયા વગર તેણે દરવાજા ઠોકવાના ચાલુ રાખ્યા, જ્યારે પેલા રાહદારીએ ફરીથી બુમ પાડી કહ્યું, "ભાઈ સાહેબ આ હોટેલ બંધ થયુ છે." તે સાંભળતાંજ પેલો શખસ રાહદારી તરફ ફરયો અને ચિરડાઈને બોલ્યો, "બેવકુફ મરદ, તું શું એમ સમજે છે કે હું બેહેરો છું અને કે તારી બુમ હું સમજતો નથી. હોટેલ બંધ છે તે હું શું આંધળો છું કે મને જણાતું નથી. તે બંધ છે, તેથીજ હું ઠોકું છું કે કોઈ તે ઉંઘાડે."

—o—

એક ગુનાહગારને એક પાદરીએ તેનાં બંદીખાણામાં જઈ પુછ્યું કે "તારૂં અંતકરણ કેવા ખવાસનુ છે?" જવાબ મળ્યો કે "તે તદન નવજેવું સાફ છે, કારણ મેં તેનો કોઈ દી ઉપયોગ કરયો નથી."

"એઈ છોકરા, તું કેવો ખરાબ છે? માખી-ઓને કેમ પાણીમાં બુડારી મારે છે?" છોકરે જ-વાબ દીધો, "હું કાંઈ માખીઓને પાણીમાં બુડારી મારી નાખતો નથી; હું તો તેમને થંડક પાડવા તેમાં નાખું છું."

—(o)—

એક પારસી છોકરો ઘણોજ મસ્તાન રહેતો હતો. તેણે એક દિવસે એક મોટા પારસીને કોતની બજારમાં ઘણો મારયો. પેલા બીચારા માર ખાનાર પારસીએ તે બાબે તે છોકરાના બાપ આગળ ફ-રિયાદ કીધી જ્યારે બાપ બોલ્યો, "શું બોલ્યો? મારા છોકરાએ માર ખાધો?"

"નારે સાહેબ, ઉલટો તમારા છોકરે મને મુક્કી મુક્કીએ મારયો."

"તને મારયો! તો ઠીક!"

"ઠીક કાં, સાહેબ?"

"ઠીક એમ કે તેણે મારૂં નામ રાખ્યું. નહિ તો કે—"

"નહિ તો કે શું સાહેબ?"

"નહિ તો કે હું તને મારતે."

"જેમ બોલીએચ તેમ લખતાં હું તમારા છોકરાને શિખવીશ," શિક્ષક બોલ્યા.

"ગરીબ, બીચારો દામલો!" દામલાની મા બોલી.

"દામલાને શું?"

"તે ગુંગણું બોલે છે ત્યારે તો તેનું લખવાનું પણ ગુંગણુંજ થશે!"

ડાકતર લઇદોહુના સાથ તમારી ઓળખ કરાવતાં મને ખુશી ઉપજે છે.

તમારી ભેટ લેતાં મને મોટી ખુશી ઉપજે છે, ડાકતર સાહેબ. પણ હું જાણતો હતો કે તમે અહિં હશો.

તે શા ઉપરથી તમે જાણો?

કારણ કબ્રસ્થાન આગળથી પસાર થતાં મેં અહિં ઘણી ઘોર દીઠી.

એક ફ્રેન્ચ નાણાવતીએ રૌથ્સ ચાઇલ્દ ઉમરાવ આગળ ફરિયાદ કરીકે એક લાર્ડ તેના પાસેથી ૧૦ હજાર પૌંદ ઉછીકા લઇ કોન્સ્તેન્તીનોપલ જતો રહ્યોછે અને કે તેના હાથ મચકડાં તેના પાસ કાંઇ

નથી. ઉમરાવે જણાવ્યું કે તું તેના ઉપર ૭૦ હજાર પૌંડની ઉઘરાણી કર કે તે ૧૦ હજાર કબુલ કરશે.

—o—

એક બખીલ પોતાની કંજુસાઇ માટે જાણીતો થયો હતો તેને એક માંખી પકડીને ખાંડના દાબડામાં નાખી ઢાંકણું બંધ કરી દેતાં એક શખસે દીઠો. જ્યારે તેમ કરવાનું કારણ પૂછવામાં આવ્યું ત્યારે જણાવ્યું કે તેમ કરવાનું કારણ એટલુંજ કે ચાકર ખાંડ ચોરે છે કે નહિ તે જણાઇ આવે.

—o—

એક કુમારા ગ્રહસ્થને ઘણાજ થોડા ગુણો ધરાવનારી મોહોરદાર જોઇએ છે—અને તે એટલાજ છે કે તે ભાગ્યશાલી બાનુંનો સારો સ્વભાવ, તનની સુખાકારી, સારી સમજ શકતી, ચેહેરાનો મનપસંદ ઘાટ, સમતોલ શરીર, સારૂ ખાંનદાંન, સંસારી કામ કાજનો માહાવરો, રમત ગમતની સમજ, ખુશ મિજાજ, વાતચીત કરવાની હુશિયારી, સુધરેલી રીતભાત અને છેલ્લે—પૈસા! એટલુંજ માત્ર જો તેણીમાં હશે તો બસ થશે! અગર એવી ૪૦ કે ૫૦ વરસ સુધી ખોલ કરતાં નહિ મળે તો બીજા ભવ ઉપર સબર રાખી હાલ તરત તો જરા કબરની હવા ખાવી.

—o—

રોમ શેહેરના વડા કેતોને વાસ્તે એવું કહે-છે કે જ્યારે કેટલાક બેદરકાર રોમન લોકોએ તેની યાદગારી કાયમ રાખવા માટે તેનું એક પુતળું ઉભું કરવા દેવાની તેની પાસેથી રજા માગી ત્યારે તે એવું કહેતો જણાયો છે કે મારૂં પુતળું લોકો ઉભું કરે તેને બદલે લોકો પછવાડેથી એમ પુછે કે કેતોની યાદગારી કાયમ રાખવા એક પુતળું કાં નહિ ઉભું કરવામાં આવ્યું એવું મને ગમે છે.

—o—

બાઇઝેનશિયમનો એક અસલી ફીલસુફ પાયથો એક વેળા પોતાના લોકોને દેશમાં સંપ કરવાને ઉશકેરવા ખાતર એક મોટી મિજલસમાં ભાષણ કરતો હતો જ્યારે તેનાં મોટાં જાડાં કદનેલીધે લોકો તેની હાસી કરતા હતા, તે જોઇ તે બોલ્યો, "મારૂં કદ તમને નવાઇ જેવું લાગે છે; પણ જ્યારે તમે સાંભળશો કે મારી બાયડી મારા કરતાં વધારે ઢોંગી છે ત્યારે તમે શો વિચાર કરશો? એટલું છતાં અમે એક બિછાણે રહી શકીએ છિએ; પણ તેણીનો સ્વભાવ હાથમાંથી જવાનો સમો થયો એટલે આખાં ઘરમાં પણ અમારો બંધેનો ઠાગ લાગી શકતો નથી." સ્વભાવ તારૂં નખોદ જજો!

માશજી, આ સ્ત્રી ચીતળ કાં પેહેરે છે અને તું કાં નહિ પેહેરતી ?

કારણ તેનો ધણી હઇયાત છે.

ત્યારે હું હઇયાતછું ને તું કાં નહિ ચીતળ પેહેરતી ?

—o—

ઈંગ્લેંડનો એક નામીચો શાહેર બચગીમાં કવીતા જોડવાનો બહુ શોખ ધરાવતો હતો, પણ તેના મનની એ વલાંણ તેના લોભી પીતાને પસંદ નહી હતી અને પેટ ભરૂ કેળવણી લેવાનું છોડી દઇ દીકરાજી રાત દહાડો કવીતા લખે તે જોઇ બાવાજીનો મીઝાજ હાથથી જતો હતો. બેટીબાપને એકવાર બેવાર, ચાર વાર, હજાર વાર કહયું કે તું કવીતાના પછાડા છોડીદે તોપણ તેણે પોતાની શાહેરી ચાળુજ રાખ્યાથી એક દિવસે ભવિષ્યના તે શાયરને તેના પીતાજીએ ચાબકે ચાબકે ઝપેતી નાખ્યો. આ વેળાએ આંખમાં આશું લાવી તે બતુકલા કવીએ પીતાજી પાસ દરગુજાર ચાહી કે :—

"માફ કરો પીતાજી
જોડીશ નહિ કવીતાજી."

આ રડતે મોહેની કવીતા સાંભળી પીતાજીને હસવું આવી ગયું અને તેવણે હાથ ખાંચી વહાલા બેટાને એક વાર જતો મુક્યો.

એક પારસણ શિક્ષકનું માથું બાનું ઢીલું થઇ ગયાથી તેવણ તે છોડીને બરાબર પાછું બાંધવા જતાં હતાં તેટલામાં તેણીના વર્ગની હિંદુજી બાળકીઓએ મોટું ગોધીયારૂં કરી મુકી લાંબા લાંબા હાથ કરી "માસ્તર, માસ્તર, માસ્તર!" કરવા માડયું. શિક્ષકે ગુસ્સે થઇ પુછયું, "કેમ શું છે?" સર્વ છોકરીઓએ એક અવાજે કહયું, "માસ્તર, તમારા માથાંના વાળ-ભોંય ઉપર પડી ગયા છે." વાંચનારને જણાવવાની કશી અગત નથી કે શુધરેલી શિક્ષકને વાળની અછત હોવાથી તેવણે અંબોરાની અંદર ખોટા કેશનું ગુછરૂં વિટાળ્યું હતું, જે જમીન ઉપર પડી ગયાથી નાની બાળકીઓને નવાઇ સરખી મજાહ પડી હતી.

એક આયાના હાથમાં એક નાનું બચ્ચું રડતું હતું તેને અતિશય રડતાં જોઇ એક ત્રણ વરસની છોકરીએ પુછયું–'આયા, આ બાળક કયાંથી આવ્યું?' 'ખોદાયજીને ઘરથી,' આયાએ જવાબ દીધો. 'તાંહાં એ ઘણું રડયું હશે તેથીજ ખોદાયજીએ એને આહીં મોકળી દીધું,' છોકરી બોલી.

૧૭

મેસીદોન્યાના રાજા ફીલીપે પોતાના દીકરા સીકંદરને ઘણો ચંચળ અને ચપળ બુદ્ધિનો દીઠો ત્યારે તેને કસરત અને શરતવગેરેના અખાડાઓમાં પોતાની હુશિયારી દેખાડવા ઉશકેર્યો. સીકંદર બોલ્યો, 'હું મોટી ખુશી સાથ તેમ કરત પણ દિલગીરી એ છે કે મારી સાથ શરતબાજીમાં ઉતરવાને કોઇ પાદશાહ હરીફ નથી.'

એક પારસીને ગુજરાત તરફ મુસાફરીએ નીકળવાનું હતું, માટે તે એક ગાઇડ બુક લેવા કરાણીનાં દુકાને ગયો. કરાણીએ એક ચોપડી દેખાડી જે ખરીદવા પહેલાં પરની રીતે તપાસી જોવા ખાતર તે પારસીએ તેમાં સુરત શેહેર વિશે જોવા માગ્યું. ઘણી ખોળ કરતાં તે જડ્યું નહિ જ્યારે તેણે ચોપડી કરાણી તરફ ફેંકી દીધી. તે જોઇ કરાણીએ હાજર ચતુરાઇ વાપરી પેલા ભોળા પારસીને સમજાવ્યો કે "એમાં તો શેહેર નહિ મળે તેમાં નવાઇ જેવું કાંઇ નથી: કારણ કે તે તો બે જુદે જુદે વખતે લાગેલી આગમાં બળી ગયું હતું!"

એક નાટકશાળામાં એક અંગ્રેજ સ્ત્રી પોતાની એક નવી ફેશનની લાંબી ટોપી માથે પેહેરેલી નાટક જોતી હતી. તેણીની પાછળ એક અંગ્રેજ બેઠો હતો, જેણે તેણીને ટોપી ઉતારવાને અરજ કરી. સ્ત્રી જાને મીઝાજી માટે અખાડા કરી મુગી બેસી રહી. પેલા અંગ્રેજે પાછી વિનંતી કરી કહ્યું કે, 'માફ કરજો, બાઇ; પણ તમે ટોપી કાઢીને બેસશો નહિ તો કાંઈ નાખુશ બનાવ બનશે.' તે સ્ત્રીએ ફરી તેના બોલવાની દરકાર કરી નહિ. પેલા શખ્સે તે જોઇ પોતાની લાંબી ટોપી પેહેરી એટલે 'ટોપી કાઢ! ટોપી કાઢ!' ના પોકારો ઉઠ્યા. જ્યારે પેલી સ્ત્રી તે બાંગ પોતાના માટે થયલી સમજી અને તાબરતોબ ટોપી ઉતારવામાં લાવી. "મોટી મેહેરબાની કીધી, બાઇ. પેલો શખ્સ બોલ્યો."

કહે છે કે લન્દન શેહેરમાં એક સખસ ખગોળ વિદ્યાના અભ્યાસમાટે રાતના એક મોટી દુરબીન માંડી તારાઓનું અવલોકન કરતો હતો જ્યારે બે આઇરીશોની તેના ઉપર નજર પડી. એકે બીજાને પૂછ્યું, "રે, પેલો શખ્સ પેલી તોપને શું કરતો હશે!" બીજાએ જવાબ દીધો, "એ હું નહિ સ-

મજે; હા, એ તો તારાઓને તોપે કરી હેઠળ પાડે છે."

સંજોગ એવો બન્યો કે પેલો અભ્યાસી દુરબીન ગોઠવી બહાર આકાશ તરફ નજર કરતો હતો એટલામાં એક તારો ખરયો જ્યારે પેલો આઇરીશ પાછો બોલ્યો, "જોયું, મેં તને કહયું ન હતું કે તે તોપે કરી તારાઓને નીચે પાડે છે? જોયું કેટલી સેહજ વારમાં એકને તો ઉરાડી નાખ્યો. વળી એની તોપ એવી છે કે તેનો ફુટતી વેળા અવાજ પણ થતો નથી.

—(o)—

"શું તમે બોલ્યા, 'વરાળ?' વરાળ એટલે શું?"

એક ડાહાયા શખસે જવાબ દીધો, 'શું એટલું બી તું નહિ સમજતો? વરાળ એટલે—(કાન ઘવડતો)—એટલે—વરાળ એટલે—શું બન્યું? અરે હા, વરાળ એટલે વરાળ.

બીજો ડાહયો—મુવો એ, એ શુ સમજાવનાર હતો! સવાલ બીકટ છે. એ કાંઇ એને આવડે? એ તો મારૂં કામ. જુવોની—શું પુછયું? વરા કે? વરા હા વરા.

અરે વરા નહિ, વરાળ.

હા તેજ તો—વરાળ—વરાળ.

હું વરાળ—પણ તે શું હશે?

એટલે એમ કે પાણીની બાલદી જેને પરસેવો ઘણો છુટેલો હોય છે, સમજ્યા.

હા બધું!

એક દયાળુ જેલર—ઈંગ્લાંદ દેશના એક જેલર વિશે હારેસ વાલપોલ એવું કહી જાય છે કે તેણે એક બંદવો કે જેને ફાંસીની ટેપ મળી હતી તેને આ મુજબ પત્ર લખ્યો હતો—"મારા નેક મિત્ર, હું તમારી પાસેથી એક અરજ માગી લઉં છું. તે અરજ મારી ખાતરી છે કે તમારા હમેશના પરમાર્થું ખવાસ પ્રમાણે તમે નામંજુર કરશો નહિ. તમને આવતા શુકરવારે ફાંસી દેવાનો હુકમ થયો છે; પણ મને તે દિવસે કામ છે, તેથી જો તમે મેહેરબાની કરી તે પછીના બીજા શુકરવાર ઉપર ફાંસી ચઢવાનું કબુલ કરશો તો સેવક ઉપર ઉપકાર થશે."

"કેમરે પોરીઆ, શું તારો બાપ આવતે મહીનેથી ઘર ખાલી કરી જવાનો છે?" એક મિઝાજી ઘરધણીએ પોતાના ભાડુતના નાના છોકરાને પુછ્યું. રમતિયાળ બાળકે જવાબ દીધો "હા સા-

હેબ, મનેબી એમ લાગે છે, કેમકે ઘરમાં બાળવાનાં લાકડાં મંગાવવાને બદલે ઘરનાં બારી બારણાં બાળી નાખવાનો તેણે હુકમ કીધો છે."

—o—

"માય હું ઈચ્છુચ કે હું ઘણો મોટો હોત—બાવાના કરતાંબી એવડો!"

"અરે ચેરા વળી એમ કંઈ હોય? પણ વારૂં એમ હોય તો શું?"

"તો રાત્રે વાડીમાંથી છાકતા થઇને બાવા ઘેર આવેછે ને સાંઆં તમને આદમ પાક જમાડેછે, તેને બદલે હું તેવણનેજ એકાદ બે બુકાનો સ્વાદ ચખાડતે!"

બાવા વાડીએથી આવવા આગમચ બુચાને બોનુ ભગાડું નથી, અને તેને લીધે બીચારાને જાગયા કરતું પડે છે.

—(o)—

એક નવાઇ સરખા નજરે જોનાર શાક્ષીને મારામારીના એક કજીઆમાં રજુ કરવામાં આવ્યો હતો. વકીલ—'હવે હું મારાં કુલ તરફથી એક નજરે જોનાર શાક્ષીને રજુ કરૂછું. "ભીખુ દાદા, બોલ તું શું ધંધો કરે છે?" શાક્ષી—"એક આંધળો ભીખારીછું, સાહેબ."

—∞—

સુરત શેહેરના એક મોટા જાણીતા નાણાવટી વાણ્યાને કતાર ગામ જતાં રસતામાં દશ ચોરોની એક ટોળી મલી જેઓએ તેને તરત ઓળખી તેના ઝાટા લીધા. તેના પાસ કાંઇ દમ જેવું ન નીકલ્યાથી તેઓએ તેના પાસેથી શાહજોગી એક ચીઠી લખાવી લેવાની ગોઠવણ કરી. દઉત લેખણ અને કાગળ મેળવ્યા પછી એક જને રૂ ૧૦૦ની ચીઠી લખાવી લીધી જ્યારે બીજાએ પણ તેમજ લખાવી લેવા માગ્યું ત્યારે વાણીઆએ કહ્યું કે લાવ ભાઇ એકજ ચીઠી ઉપર બધાને લખી આપું. તેના કહેવા મુજબ બધાએ પોતાના માટે અકેકી સુન ચઢાવી લીધી. તેમ થવા પછી વાણીઆએ તેમને અરજ કરી કે ભાઇઓ તમે લોકે જેમ મને કહ્યું તેમ મેં કીધું; એક પણ સખુન તમારો મેં પાછો ફેરવ્યો નથી. અને એકસો અબજ રૂપ્યાની મોટી રકમ મારે કોઇબી રીતે તમને અદા કરી આપવી પડશે જે કરતાં મારૂં ઘરબાર મને વેચવું પડશે વાસ્તે હવે એક મારો સખુન તમે લોકો કરો કે રૂ ૧૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ની સંખ્યા આગળથી માત્ર એકડો છેકી નાખો અને બાકીની મોટી રૂ ૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ની રકમ તમે મારા પાસ આવી સુખે લઇ જજો. ચોરોએ તેની આ મા-

ગણી કબુલ રાખી, ત્યારબાદ તેને જતો મુકયો. વા-ણીઆને પોંહોંચી વળવું ઘણું મુશકેળ કામ રહેછે.

—⊜—

મધાઈ દોસાંને જ્યારે કોઇએ હસવામાં કહયું કે દુન્યાનો અંત આવ્યો છે ત્યારે તેઓ બોલ્યાં, 'મ-રેરે, હું તપકીર કયાંથી લાવશ!'

—o—

કેમ ભાઇ કયાં ચાકરી છો?
બી. બી. ને ત્યાં. (=બેઠા બેકાર છું.)
બી=બેઠા; બી=બેકાર.

—(o)—

મોબેદ—અરે ઝા, ઝા, તુને ઓરખ્યો.

તીકીત તપાસનાર—મોબેદ સાહેબ, ઘણી પતરાજી ના કરો. જરા ધ્યાન ઠેકાણે રાખો; અને બી. બી. રેલ્વે કમ્પનીના માણસ સાથ હુઝત કરશો તો ખોટું થશે. સમજ્યા. જરા ઓળખીને કામ કરો.

મોબેદ—અરે ઝા, ઝા, ઓરખ્યો કે તું બીબીનો નોકર છે.

—(o)—

એક દિવસ એક દરજીએ એક અમલદાર ઉપર પૈસાની ફરિયાદ માંડી. બેઠેલી જુરી તરફ નજર જતાંજ તે ચોકીને બોલ્યો-નામદાર જડજે જુરીની ખટપટ માડી વાળવી કારણ એ જુરી માંહેલો દરેક જન મારો કરજદાર છે.

—(o)—

"અરે યાર કોઇ પેલા નશરવાનદારૂ જોશીને બોલાવો! મારાથી ખમાતું નથી. તે કમબખતે મને સેહેજ કજીઆ ઉપરથી મુઠ મારી છે, જેથી હું મરવા પડયોચ!" એક જઇફ ભોલો મરદ સેહેજ તાવ આવ્યાથી બોલ્યો.

'છી! છી! કાકા, એમ શું બોલો છો; આજના વખતમાં એવા વેહેમ કોઇ રાખે કે!'

'અરે વેહેમ શું જાણોચ! તમે અંગ્રેજી ભણેલાઓનાં મગઝ ચડી ગએલાં રહે છે, તેથી એવું કાંઇ માનો નહિ; પણ હવે જાઓ કોઇ તેને બોલાવો, મારૂં કાલજુ ચાક થાય છે, અરે તેને સમજાવો, નહિ તો હું મરી જવાનો!"

તે જઇફની એવી હાલત જોઇ લોકોએ વિચાર કરયો કે, અગર કાંઇ હિકમત રમવામા નહિ આવશે તો તે નાહક વધારે હેરાણ થશે, માટે તેના સોબતીઓ નશરવાનદારૂ જોશીને સાંજરે કંપનીમાં

મળ્યા. તેઓએ તેને એવું સમજાવ્યું કે તેણે મુઠ મારી છે એવો ઢોંગ કરવો અને કે તે મુઠ માનતા કરયા વગર છુટશે નહિ, એવું પેલા જઇફને કહેવું. આ ઠરાવ મુજબ જોશી પેલા જઇફ આગળ ગયો અને બોલ્યો, 'કેમ ભાઇ, મારી સાથ પંચાતી કરયાનો સ્વાદ દીઠો?'

'હા ભાઇ દીઠો, હવે એનો ઉતાર કર, તારી મોટી મેહરબાની થશે.'

'મુઠ ઉતારૂં! અને પાછો તારી ગાળ ખાઉં કે! ના, ના, કદી કરૂ નહિ.'

'અરે જો, જોશી હવે કદી તને ગાળ દઉ નહિ. અગર તેમ કરૂં તો પાછી મુઠ મારજે અને તે કદી પણ ઉતારતો ના.'

'ઠીક, જો ધ્યાન રાખજે, હં! ફરીથી મને છેડતો ના. તોબાહ કર, અને સાત ઉઠબેસ કર.'

જઇફ બીચારો ભોલો અને વેહેમી તેથી જેમ જોશીએ કહયું તેમ કીધું.

'અરે પણ નહિ, તું મને પાછી ગાળ દેશ!'

'અરે નહિ, જો જોશી, હું ઘણો પસ્તાવું છું.'

'ખરો પસ્તાય છે?'

'હા, ખરો.'

"તો ઠીક; જા એક લીંબુ, સીંદુર, એક લોખંડનો ખીલો અને એ દારૂની બાટલી લઈ આજ સાંજરે આપણી કલબમાં આવજે, અને તું આપણી કલબમાં જમજે?'

સાંજ થઇ; દોસાજી ખીલો સીંદુર, અને લીંબુ લઈ આવ્યા જ્યારે આગળથી રાખેલી ગોઠવણ મુજબ દારૂના પૈસા કમ્પનીએ એકઠા કરી દોસાજીના ભાઈના હાથમાં મુકયા, જેણે કાકાને કોઈ ન જાણે તેમ આપ્યા બાદ સઘળા જન ખાઈ પી ઘરે ગયા. આખરે બે દીવસ પછી જહાંગીર સાઝો થયો અને પેલા જોશીનો ઉપકાર માનવા તેની નજદીક ગયો.

વેહેમનો પણ ઉતાર થઈ શકે છે.

—(૦)—

કેટલાક ઠોલીઆઓએ મોબેદોનો રકાસ કરવાનો નિશ્ચય કરયો. તેઓએ કેટલાક મોબેદોને બોલાવી કહયું કે, 'આજ રાત્રે વંદીદાદ બેસાડવા છે માટે સઘળી રીતની ગોઠવણ રાખજો અને અમે રાતે આવીએ તે પેહેલાં કામ આગળ ચલાવજો.'

મોબેદોને પાછળી રાતના સકારામાં ઉઠવાનુ માટે આગળી રાતે જલદીથી તેઓ ઉંઘમાં પડયા, જ્યારે પેલા મશખેરાઓ રાતના ૧૧ ને અમલે અગીઆરીમાં ગયા અને જોય શુ કે સઘળાઓ ભર

ઉંઘમાં પડેલા છે. તેઓએ સઘળાઓના જોડા, ટોપી અને પાઘડી દગળી એક ટોપલીમાં મુકી અને તે ટોપલી દોરડાંની મારફતે કુવામાં ઉતારી લટકાવીરાખી કે મોગેદો કદાચ ઉઠે તો તેમને તે સઘળું જડે નહિ. એ કીધા પછી દીવા બુજાવી તેઓ બહાર ગયા અને જોરથી દરવાજો ઠોકવા લાગા. મોગેદો ચોંકી ઉઠયા અને પસ્તાવો કરવા લાગા કે 'અરે રે મોડું થઇ ગયું અને આપણે તો સુઇ રહયા.'

અંધારામાં તેઓ જોડા, પાગરી, શોધતા એકેક સાથ અફડવા લાગા. તેમના ગભરાતનો તો પાડજ ન હતો, અને બહારથી બારણા પર ઠોકા તો બેસુમાર થતા જેથી તેઓની દોડાદોડ અને આચકા ઉચકી ચાળી રહી. જોરથી અફડાવાને લીધે અકેકનાં માથાં ફુટવા લાગાં અને 'બાપરે બાપરે' ના અવાજ અહિં તહિં અંધારાંમાં ઉભા થતા. 'અરે પણ મારા ઝેરા કાં ગુમ થઇ ગયા. મારા ઝોરા કોણના પગમાં છે. અરે મારી [illegible]ગલો કોણે પેહેરી. અરે મારી પાઘ[illegible] કોઈ ભૂલથી લઇ ગયું ય, કોઇ [illegible] લાવો વગેરેનો ગડબાડ ઘણો સાહ મચી રહી. એક કલાક સુધી ગડબાડ ચાલુ રહયા પછી પેલા મશ્કેરાઓ હાથમાં બળતી મીનબતી લ-

ઈ અગીયારીમાં દાખળ થયા જ્યારે મોબેદો ઉંઘાડે માથે તથા પગે હોવાથી નાહાસા નાહાસ કરી ખુણે ખંટોળે સંતાઈ ગયા. એક વાડો હોવાથી પાં-ચેક જન તો છીંડામાં પડયા. તેમની એ રવેશ-ની હાલત થયલી જોતાં મશખેરાઓને બહુ રમુજ મળી અને સવારે તેમની ખબર લેવાની ધમકી ક-રીને તેઓ ત્યાંથી દફે થયા.

જનાવરો ઉપરનું ઘાટકી પણું અટકાવવાને ઉભી થયલી મંડળીના મુનશી શેઠ કાવશજી મેરવા-નજી શરાફ એક વેળા બપોરના અસાએસ લેવા પલંગ ઉપર લેટ્યા હતા જ્યારે એક વિંછી તેમના કાન આગળ ઉપરથી પડયો. આગળ ઉભેલો એક હજુરીઓ એક લાકડી વડે તે પ્રાણીને મારવા જ-તો હતો જ્યારે બીજાએ તેને વારયો અને કહયું કે 'આપણા સેઠ જનાવરો ઉપરનું ઘાટકીપણું અ-ટકાવનારી મંડળીના મુનશી છે માટે એ પ્રાણીને મારશે તો તેઓ ઉઠીને તારા ઉપર ગુસ્સે થઈ તને પુલીસને સ્વાધીન કરશે.'

ચાંદરાત કીએ દહાડે પડી છે તે જાણવું હોય તો સાંજરે દરિયે કિણારે જવું, જો પારસીના બૈરાંઓનું રંગબેરંગી સારી વાળું ટોળું અસાધારન મોટું હોય તો જાણવું કે ચાંદરાત થઇ છે.

એક મોબેદ—તોબાહ! તોબાહ! શું વખત આયોચ કે બેહેદીનો શિખીને ભૂખે મરેચ તે તો સમજ્યા પણ આપણો અથોરનાન ટોળોબી હવે તેવી હાલતે પુગોચ.

બીજો મોબેદ—ખરીજ વાત પેલા રવીવારે મારા એક બેહેદીનને ત્યાં બે મોટાં રૂવાન થયાં ત્યારે હું ખોદાના શુકરાના કરવા લાગો કે વારૂં તે સાહેબે બેવડી રોજીના બાર તે દીવસે મારામાટે ઉંઘાડયાં હતાં.

પેહેલો—વારૂં, સુકરાણા, સુકરાણા; બધા અથોરનાનની એવીજ બોલબોલા થજો. અરદીબેહેસ્ત પાદશાહ તેમને યારી આપજો.

બીજો—અરદીબેહેસ્ત પાદશાહની મેહેર તો આપણા અથોરનાનો ઉપર છેજ; પણ આપણાજ લોકો આપણા પગમાં કુહાળી મારેચની. તે દહાડે મેં કહયું તેમ મારાં ગરાહકમાં બે રૂવાન થ-

યાં ત્યારે મરનારની બૈરીએ સઘળી ક્રિયા જોડાંની કરવા માગીજે સાંભળી આપણે તો ખુશ ખુશ થયા અને પેટ ઉપર હાથ પસવાડવા લાગા પણ તે બાઇની એક દોકરી છે તે વચમાં આવી પોતાની માને ધમકાવી બોલીકે "ચાલો, ચાલો માયજી, તમે કાંઇ બોલતાંના. મોબેદો તો પોતાના પેટને માટે આપણુને ઘણુંબી ઉલકાવે તેથી આપણે ઠગાવું નહિ જોઇએ હું કાંઇ ઉખીઆણું ભરવા દેવશ નહિ કે જોડાંનો સામાન મંગાવશ નહિ; એ બધું હમ્બગ છે; ઘટીત માત્ર એજછે કે ભણવાની ક્રિયા કરવી અને ફુલ પાણુ વગેરે જોઇએ તે મંગાવવું. બાકી બેવડા કોપરઘ્રાસના ખુમચા, ફુલીઆં, કાંસીઆ, કરસલી, સુદરા વગેરે મંગાવવું એ ના રવા છે. તે-દિવસે એરવદ શેહેરીઆડજીએ જોઇતા ક્રિયા માગેં સમજાવ્યા તે ઉપરથી સમજાય છે કે એ બધું મોબેદોનાં પોતાના પેટ માટે ઉઠી ઉભા કીધેલા ઢોંગ છે. ધરમનાં કાંઈ ફરમાન નથી, વાસ્તે એવા ધુતારાઓની ઠાળી ભોરવણી ઉપર આપણે ભોરવાવું ન જોઇએ."

પેહેલો—અરે તારૂં અત્યાપાટ થાયરે, શેહેરીઆડ, તુંએ આ શું કામ કીધું! હવે વખત જવે અથોરનાનો ભૂખે મરવાના! અવાખશે પસેમાન! ગઝ્બ્તે ગનામીનોના ભમાવેલાએ શું કીધુ!

બીજો—જોવોની કેવી ખરાબી! મોબેદ થાઇને મોબેદનીજ ખરાબી કીધી! બાકી અત્યારસુધીમાં આપણા લોકો જેમ બેહેદીનોને નચાવે તેમ નાચતા હતા, તેઓ આપણને પાદશાહના નામથી બોલાવતા; ઉભા થઇને માન આપતા; આપણા ગજવાં તર કરતા; આપણે તેમનું લોહી પીતા; તેમના ચાહારમની ગુર થોકતા; લગન ને મરણ બંધે હીંધામે તેમનાં પેટ ચીરતા; અને-"

પેહેલો—અને મરતી વેળા કાંહાં અપણે તેમને છોડતા હતા અને હજુબી કાંહાં છોડીએચ! અપણે મરીએ ત્યારે બેહેદીનનીજ ખાંધે બેસી જઇએચ.

બીજો—પણ તે સંધાં ઉપર હવે પુરો પડ-વાનોની!

પેહેલો—તેમાં શક શું. પેલા દાદાભાઈ માસતરનું શું ભલું થશે કે તેણે છોકરીઓને અંગ્રેજી ભણાવવાની હાઇ સ્કુલ કાઢી છે. અંગ્રેજી ભણ્યાથી માતીદાઓ તો બધો ધરમ મુકી બેઠા. તેઓને તરો લેવા કહે તો છી! છી!-પતેત ભણવા કહેતો-હમ્બગ. એમ કરી આજના માતીદાઓએ સઘળીક્રિયા ઉપર પૂરો મુકયો હતો હવે આ દુકટીઓ અંગ્રેજી વાળી થઈ એટલે સદાબરા ભૂખે મરવાના?

છોકરીઓની હાઇ સ્કુલમાંથી ઘરે જતા ફેં-તા પેહેરેલા ફાંકડા અદીઉપર મીસ પીરોજાંની નજર પડી જેથી તે સુધરેલી બુત મોજાં વાલી છોકરીના હાથમાંથી છતરી ગઇ હોલીના પવનના ઝપાટામાં ઉડીને કાલી ફુઇઓનાં મોહોલ્લામાંથી ગગડવા લાગી જે પકડવા દોડતાં તેણીના હાથમાંથી ચોપડીઓ કોઇ કાંહાં ને કોઇ કાંહાં નીકળી પડી અને વળી તે બીચારી એશકી બાનુ સાડી પગતળે આવવાથી જમીન ઉપર ઉંધી પડી ગઇ. એટલાં વિઘ્નમાં વધારો કરવા તે મોહોલ્લાની અસલી વિચારની કાળીફુઇઓએ તાબરા પાડી તાલ્યાલોલ કરી મુકી જેથી બાપડી ફાંકડી પોતાનું સઘળું પડતું નાખી ધુળથી ખરડાયલી ઘર ભણી ચાલી ગઇ.

—(o)—

દાકતર—તમે દરરોજ જરા જરા કલેરેત પીતા રહો કે તમને બરાબર ભૂખ છુટશે.

દરદી—નારે, સાહેબ, તે હું નહિ પીવું.

દાકતર—કાં નહિ–દારૂ નહિ પીનાર હશો.

દરદી—નહિ તેમ નહિ, સાહેબ; પણ હું દારૂની ભઠીમાં એક વેળા ચાકરી હતો જ્યાં દારૂ કેમ બનાવે છે તે હું સમજુછું.

—(o)—

એક છોકરે પોતાના ઘરના દરવાજા આગળ એક નારંગી મુકી અને પછી પોતે સંતાઇ બેઠો. તેને તેમ કરતાં એક શખશે દીઠો જેણે તેને તેમ કરવાનું કારણ પૂછી કહ્યું, "તારા એ કામથી કોઇ છોકરો તે લેવાને લલચાશે."

છોકરો—અને તેજ માટે મેં એ મુકી છે, કારણ કે તે લઇને પસ્તાય એવું છે. એ નારંગીનો માવો મેં કાઢી લઇ તેમાં રાઇ ભરી છે.

એક બારીસતર પોતાના ગોઠીયાઓ આગળ પોતાની વડાઇ કરતો બોલ્યો, "આ અદાલતમાં આજસુધીમાં હું જેટલા કુલો તરફથી લડયો છું તે ટલા તમે બધા એકઠા લેતા પણ કરી શકયા નથી.

"ખરીવાત છે," બીજો બોલ્યો, "અને આ પણ તમારી તારીફમાંજ કહી શકાયકે તે સઘળા તમારા કુલો મોટી મોટી તેપ પણ ભોગવે છે.

અમર, ભાઇ, હું તને પાંચ મીનતમાં પાંચ રૂપીઆ કેમ મેળવવા તે શિખવું તો તું મને શું આપશે?

અલબતાં, અડધો ભાગ.

ઠીક ત્યારે તું તારી જીભ બહાર કાઢ, અને પાંચ મીનત સુધી પકડી રાખ કારણ કાજીએ મા-

રા સાથ શરત કીધી છે કે જો તું તેમ કરે તો તને પાંચ રૂપીઆ તેઓ આપે.

—◎—

ઘરવાળી—શેઠજી, હું એકલી છું માટે છડાને મારૂં ઘર ભાડે આપતી નથી. તમે છડા લાગો છો.

ભાડુત—(ચિરડાઈને) છડો નથી; પણ મારી સાથ બીજા ૨૦ ભાયડા છે જેઓ સર્વ ૩૦ થી ૪૦ વરશની ઉમ્મરના છે. જો મરજી હોય તો આવીએ.

ઘરવાળી—(ગભરાઈને) ના રે બા; મને એવું ભાડુત નહિ જોઈએ.

જાણવું જે ભાડુત બચરવાળ હતો પણ પેલી ઘરવાળીના સવાલથી તે ચિરડાઈ ગયો હતો,

—o—

દાકતર—તમને મુબારકબાદી આપું છું.

દરદી—કાં, સાહેબ; હું સાઝો થઈશ કે?

દાકતર—બરાબર નહિ; પણ આ તામારૂં દરદ તદન નવું છે, અને તેને તમારૂં નામ આપવાનો દાકતરોની મંડળીએ ઠરાવ કરયો છે.

—(o)—

શેઠ-તમે મને કંઇ કહેવાના હતા?

મદદનીશ—હા, સાહેબ.

મદદનીશ-એઅદબી માફ છે, સાહેબ; આ મારી જગાઉપર મી. જીવણદાસનો પગાર મારા ક-રતાં રૂ ૨૫ અધિક હતો અને હાલ હું તેનુંજ કા-મ કરૂં છું, વાસ્તે મેહેરબાની કરી મારો પગાર વ-ધારો.

શેઠ-તમને ખબર છે, મી. માનદાસ, કે આ જગાનો પગાર હું ઘટાડવા માગતો હતો તેથી મેં જીવણદાસને બરતરફ કરયો; વાસ્તે તમને પરવડે તો રહો નહિ તો ના કહો.

મદદનીશ (મનમાં) બે ત્રણ માસ ગયા પછી પગાર વધારવાને શેઠને કહીશું અને નહિતો કે મ-ને શોભા તો છેજ.

—(o)—

એક ડોસાને પાંથરણે બેસવા જતાં મકાઇ ડો-સાં રસતામાં મોટી ગતર ખોડાયલી હોવાને લીધે પ-ડી ગયાં. પગ ધોઇ પાંથરણે બેઠા પછી તેવણ બો-લ્યાં, "મરેરે, મુવાઓએ ગતર ખોડીય તે મતોડાં-ના ઢગલી ઉંચકયા નથી."

બીજી સ્ત્રી—નહિ રે માય, એ કાંઇ ગતર ન-થી એ તો અંદર આગ ગાડી ચાલશે.

ત્રીજી—ઓ વાય મરે રે, એ કાંહાં કોટક જોવું અરે એતો ગામમાં પાણીની તંગી પડેચ તેથી જુના નાના નળ કાઢી નાખીને તેને બદલે નવા મોટા મુકેચ.

ચોઠી—અરે નહિ જી, નહિ; તેમ બી નહિ, એતો પેલો રૂશીઆન આવેચ તેથી લોકોને સંતાઇ બેસવાનું કરેચ.

—(o)—

ઘરવાળો—તમને શું આ માળ જોઇએ છે?

થનાર ભાડુત—હા, સાહેબ.

ઘરવાળો—તમારે ખટલો છે કે?

ભાડુત—નહિ.

ઘરવાળો—ઠીક, ત્યારે સામાન લાવો.

સામાન આવ્યો. આખુ કુટુંબ આવ્યું. તે જોઇ ઘરવાળો બોલ્યો, "કેમ ભાઇ, આ બચ્ચાં છોકરાં કોણનાં છે?"

ભાડુત—મારાં છે.

ઘરવાળો—કાં, તમે તો બોલ્યા હતા કે છોકરાં નથી ને આ કોણ ત્યારે?

ભાડુત—તમે છોકરાંને માટે ક્યારે પુછયું હતુ? તમે તો કોઇ ખટલાને માટે પુછયું અને અમારામાં કોઇ ખટલા નામનો છોકરો નથી.

—o—

મોબેદ—અરે મારા બારે હુકતાલા શાહેબ, આ તે શી કરામત હશે! ઝોની વીલર, કે આય શી-શીમાં કેની તે ઝીવતો પારો શે.

વીલર—ઓ વાય તમે બી શું કોતક કરોચ. મુઇ આવરી પાતલી શીશી ને મુવો દેવ જેવો પારો અને તેબી તમે કહોશ તેમ–ઓલુ કીધું–ઝીવતો તે કેમ અંદર ભરાય.

મોબેદ—અરે પણ તું ઝોની આમાં શે કેની એ એક બે ઇંચિ ઉપર ચહરે તારે આખા ગામમાં ગરમી ને ઉકલાત પડે; પાશો હેઠો ઉતરે કે થંડી થઇ જાય.

વીલર—રાખોરે, ઝી ભરૂં, હવે હું સમજી. એ તો ઓલું કીધું જાદુ હોશેજો, મરૂં તાંહાં વગ-ર બને નહિ. એ શીશામાં કેકા દેવે જાદુ બરેલું તે જો ભાગી ઝાય તોઝ કેથે ગરમી પરે નહિ. બેચાર અથાહુ વેરીઆ પહણો અને ઘરમાંથી દેવ દેવસ-તાનની ચીજ કોઇને આપી આવો નહી તો કોઇ દ-હારે આપુને બખી ખાશે.

—(o)—

એક લખનારે "મારા છોકરાનું શું થશે?" એવાં અજાયબ નામની એક ચોપડી છપાવી જે એક મશખેરાના હાથમાં જતાં તેણે પાછું છપાવ્યું

કે તે છોકરો જો ચોપડીના જેવો ખરાબ હશે તો તે કોઇ દીવસ ફાંસી જશે, એજ; કાંઇ વધારે નહિ.

—(૦)—

એક ઠેકાણે એક પારસણે આપઘાટ કરયો. ત્યાં લોકોની ગડબડ જોઇને એક ગામડયાએ પોતા પાસ ઉભેલા એક અકડકુને પુછયું કે એ શું છે ભાઇ, એ હંધી ગડબડ હેની થયલી.

અકડકુ—(લાહેરીમાં) એક ગામડયાની ઓરતે અજાણી દુન્યાના દરવાજા ભાંગીને ઉંઘાડયા.

ગામડયો—દરવાજા ઉંઘાડયા તેમાં લોક તે શું કરવા ભેગું થાયલું, ઉંઘાડયા તો ઉંઘાડયા, તેમાં તે હેનો વાંધ મારેલો; કાંઇ ચોરી બોરી તો નાંઈ કરેલી ને?

—૦—

એક અંગ્રેજ દાક્તરને નાચમાં કોઇએ નાચવા કહયું જ્યારે તેણે જવાબ દીધો કે ભાઇ, મને નાચતાં તો નથી આવડતું પણ નાચનારાઓને નસતર મારતાં આવડે છે.

—⊛—

એક બાપે પોતાની બેટીને કહયું કે પરણવું એ ઠીક છે કાંઇ ખરાબ નથી; પણ નહિ પરણવું

એ તેથી વધારે સારું છે.

ખરીવાત બાવાજી, થોડાં ઉપર સંતોષ રાખવો એ ઘણી સારી વાત છે; કેહેવત છે કે અતિ લોભ પાપનુ મુળ, માટે મને 'ઠીક' વધારે પસંદ છે. હું 'વધારે સારાં'નો લોભ કરતી નથી.

અક્કલનો નમુનો!!—એક ગ્રહસ્થ એક કુલવંત સ્ત્રી ઉપર આશક પડયો, તેણે તેણીને એક પ્યારનો પત્ર લખ્યો કે જેની છેવટે તાજે કલમમાં લખ્યું કે, 'જવાબ જરા જલદી લખજો કારણ કે મારી નજર એક બીજીમાં ભરાઇ છે.'

એક ઘરડા દાકતરને તેનાં દવાખાણાંનું પાનું ઘણું જુનું થયાને લીધે બગડી ગયું હતુ જેથી તેના ઓળખીતાઓએ તે બદલવા કહ્યું જ્યારે તેણે જવાબ દીધો કે, 'તે તેના ધંધાને બરાબર છાજતું છે કારણ તેના ઉપર રંગના પોપડા અને ફોલ્લાઓ ઉઠયા હતા.'

—(૦)—

કેમ બેહેરામ, આ મારો રસ છે કે બાઇનો?
બેહેરામ—(બાઇને) આજે સેઠ દેવાની થઇચ

કે મારા રસ ને બાઈના રસ બોલેચ! (સેહને) સેઠ, તારા રસ નથી ને બાઇના રસ નથી! એ તો ગુઝ-ના રસ છે. તું જીવતી છે બાઈ જીવતો છે, તારે ર-સ કેમ બોલી, જંગલીઓ એમ બોલે.

—(o)—

રૂસતમ, તને દેખાતું નથી કે ખાણામાં આ માખ પડી છે? એ અંદર કેમ પડી? તને સુધરો નહિ મળે?

રૂસતમ—બાઇ તે તો કોણ જાણે એ અંદ-ર કેમ આયો. હું વિચાર કરેચ કે એ બીચારા પો તાના ખુન કીધાચ, ખોદા જાણે કેમ કીધા. કદાચ એમ બનેચ કે ઘણા દહાડા કાંઇ ખાવાનાં નહિ મ-ળ્યા તેથી જમણ આયા, ને જમણ જોયા તે એક દમ તુતી પડયા બીસીઆર ખાધા. તેના પેટ મોટા થયા ને મરી ગીઆ. બાઇ તે બીચારા ઘણા કમ-જોર, શકતી નહિ. જારે મેં ભોણાં મુકયા તારે એ બીચારા આસ્તે આસ્તે કુદયા. બાઈ, એને પપેતો આખા ખાધુ તેથી મરી ગીઓ એટલું સમજુચ પછી તો પરવરદીગાર જાણેચ.

—(o)—

આ માસમાં આપણા અમદાવાડી હજામોએ એવા એક સંપ કરવાને સઘળા હજામોની એક સભા બોલાવી છે, અને તે માટે ભીટો ઉપર મોટા મોટા જાહેર નામાં જગેજગ ચોતાડયાં છે કે :– મુંબઇના સઘલા ગુજરાતી હજામોએ રાણી સાહેબનાં પુતળાંની સાંમેનાં ખુલ્લાં મેદાન ઉપર તા. ૧૪ મી એપ્રલ ૧૮૯૦ ને ચાર સોમેને દીવસે સઘળા હજામોની સભામાં હાજર થવું જ્યાં સભાના ખરચ માટે દરવાજા ઉપર એક આણો લેવામાં આવશે.

એક ભીખારીના દાંત સઘળા પડી ગયલા જોઇ એક શખસે તેને પુછયું, 'કેમ ભાઇ દાંત સઘળા પડી ગયા?'

ભીખારી—ખરીવાત સઘળા પડી ગયા છે; પણ એટળું ઠીક થયું છે કે તે વખતસરજ પડયા છે. હવે મને દાંતનું શુ કામ જ્યારે ખાવાનુંજ નજાવાના વાંધા છે.

—(૦)—

એક ગામમાં ખાંધીઆ તથા નસીસાલાર પોતાનો છુટક ધંધો કરતા હતા કારણ કે તેમને પગાર બાંધી આપનાર કોઇ ન હતું તે વેળાએ ખાં-

ભીખારીઓ રોજ પોતાની આગળ હસતી આપદાબ કરી દુવા માંગતા હતા કે 'રે પરવર દેગાર કોઈ સખ-ર આસામીને તારાં રોજના બાર ઉઘાડ.'

કેમ સરદાર તમારો બાપ બરમીઝ સાથ લ-ડતાં પેહેલી લડાઈમાં મારયો ગયો કે બીજીમાં?

મને બરાબર યાદ નથી કે તે પેહેલી લડાઈ-માં મારયો ગયો કે નહિ; પણ આટલું હું બરાબર જાણું છું કે તેણે બીજી અને ત્રીજી લડાઈમાં દુશ-મનો ઉપર જય મેળવી હતી.

—(o)—

એક બેરીસ્તર મીસીસ બ્રાઉન નામની એક વિધ્વા સાથ પરણ્યો હતો. તે એક દિવસે કોરત-માંજ ખુરસી ઉપર ઉંઘાઈ ગયો. થોડીક વારે કોઈ બ્રાઉન નામના શખસનું નામ કોરતમાં બોલાયું જે સાંભળતાંજ તે ચોંકીઉઠી બોલ્યો, 'ના હું એને પા-છી લઈ જવા દેવું નહિ.' તે એવું સમજ્યો હતો કે તેની બાયડીનો આગલો ભરથાર તેણીને પાછી લ-ઈ જવા આવ્યો હતો.

—(o)—

પ્રોગ્રામતરી સ્કુલના એક નીચલા કલાસમાં પરિક્ષા વખતે અમારા નાના અદીને પરિક્ષકે સવાલ કીધો કે બોલ બા, મારી પાસ પુદીંગની આ રકાબી છે તેમાંથી પા ભાગ હું તને આપું, પા તારા ભાઇને અને અડદો હું રાખું ત્યારે બાકી શું રહે. અદી જાતે હાજર જવાબી અને ચબરાખ હોવાથી તરત બોલી ઉઠયો, 'ખાલી રકાબી, સાહેબ.'

—(o)—

બંધવા, તું શું ધંધો કરે છે?

ન્યાયાધીસ સાહેબ, જોઇ તપાસીને કામ કરવાનો.

તે શું, બંધવા?

તે એમ કે. સારા દીવસ ફરી ફરીને સઘળું ધ્યાનમાં રાખુ છું અને રાતના ત્યાં જઇ ચોરી કરૂં છું.

—(o)—

વધાઇની વાત સાંભળવા તઇયાર થા, મારા દાંદાજી સાહેબ, કે આપણા રાજા સાહેબે તને સઘળા ગધેડાંઓનો હાકેમ નેમ્યો છે. ત્યારે તો મારા દોડ ચતુરજી તમે મારો હુકમ માનવાને પણ તઇયાર થાવો, કે હું તમારો ધણી નેમાયો છું.

—(o)—

બીચારા મી. ગરગરદાસને સવારના એકાદ બે શીકર ગ્લાસ બેવડો તથા સાંજે પાંચ વાગે પોર્ટરની માત્ર એક પેંત મદદને થંડી લાગે નહિ તેટલા માટે તથા બપોરે તથા રાતે ખાધેલું હજમ કરવામાટે એક વાઇન ગ્લાસ બ્રાન્ડી લેવાની ટેવ પડી ગઈ છે. તેવણ એક રાતે સેહાદીના જમણમાં તેબલ આગળ હાથમાં ગ્લાસ લઇ ઉભા અને ભાંગરો વાટતાં બોલ્યા કે "સાહેબ, આ સલામતી આપણા વરરાજાની કે તેઓ દર વરશ એ કરતાં મોટી ધામધુમથી પોતાની શેહાદી રામશની કરતા રહે.'

—❁—

અરે વારે સેઠ, તમે બી કીઆ સાહુ દરજીની મારીઆગળ શીફારસ કરી. આજ બે માસ થયા મારો મોંઘો દગલો તે સીવવા લઇ ગયો છે, અને હજી પાછો લાવ્યો નથી. મને મળેલી ખબર જો ખરી હોય તો તેણે તે દગલો મારવાડીને ત્યાં ગીરવી મુકયો છે.

મેં તેની બળામણ તમારા પાસ કીધી તો મારો દગલો તેણે મને છોડવી આપ્યો; હવે તમે કોઇને શોધી કાઢો કે તમારો છુટે અને તેનો ગીરવી જાય.

નહિ જી, મારા બે પગાર થયા, માટે એક ન-હિ લઉં.

બાઇ, બે કઇ રીતે થયા?

કાં સેઠ ગણો ની. હું હોરમજ રોજે ચાકરી રહીતીની? ને આજે એક અસપંદાદ રોજ જઇને બીજો થયો ની? તારે બે હોરમજ રોજ ભરાઇ ચુકા કે ની?

પણ તેમાં બે પગાર કેમ ચઢયા?

કાંયજી; એક મહીનામાં તે બે હોરમજ રોજ કભી આવતા હશે કે?

—(o)—

ગરગરદાસ—મારી પ્યારી ગુરનાર, હું હવે રોજ એકની એક ચીજથી કંટાળી ગયો છું. કાંઇ ફેરફાર કરવા ગમે છે.

ગુરનાર—કેવો ફેરફાર થયલો જોવા તમને ગમે છે.

ગરગરદાસ—કોઇ પણ જાતનો; કાંઇ નવો જેવો.

ગુરનાર—હું ધારૂં છું કે એક ફેરફાર હું તમને સુચવી શકશ.

ગરગરદાસ—શાબાશ મારી પ્યારી. તે શો ફેરફાર ભલા.

તે એજ કે તમે રોજ રાતના ઘણો દારૂ પા

તથા રખડી રઝડી ઘરે મોડા આવો છો તેમ ન ક-
રો, અને હવેથી દારૂ પીવાનો માંડી વાળો, તથા,
સકારે ઘરે આવો એટલે મોટો ફેરફાર કરેલો કહેવા-
શે. રોજ ને રોજ દારૂ પીતાં તમને કંટાળો આવ્યો
હશે; અને તેમજ રોજ રાતે તમારી રાહ જોતાં
મને ઝુરાપો આવ્યો છે; માટે કાંઈ ફેરફાર થવોજ
જોઇએ, નહિ તો ખરાબીની નિશાણી સમજવી.

—(o)—

ઘણી આહકી કોણને હોય છે દાકતરો કે હ-
જામોને? હજામોને.

કારણ?

કારણ સઘળા આંખ બંધ કરી એકજ માચ-
રા ઉપર ચઢે તો તે સઘળાને કેમ ટેકવી શકે!

—(o)—

એક પોસ્ત આપીસમાં એક લાલીઆને તેના
સાહેબે તેનો પત્ર આવ્યો હોય તે લેવા મોકલ્યો.

લાલીઓ—(પોસ્ત આપીસમાં) પોછમાતર
છાહેબ, મારા છાબનો કાગળ હોયતો આલો.

પોસ્તમાસ્તર—તારા સાહેબનો હુકમ લખા-
વી લાવ્યો છે?

લાલીઓ—અરે છાબ, બે ગાઉ ઉપરથી
આવેલો ને હુકમ તો લખાવી લાવવાની કાંઈ કામ
ન રહેલી.

પોસ્તમાસ્તર—જા લખાવી લાવ?

લાલીઓ -(બે કલાકે પાછો)લેવો પોછમાતર

પો. મા.—(વાંચીને) ઠીક, બેસ તહિં.

કાગળોમાં ખોલ ચલાવ્યા પછી (લાલીઆને) ભાઈ, સાહેબેને જઈને કેહ કે તેના કાગળ આવ્યા નથી.

લાલીઓ—તારે હુકુમ શું કરવા મંગાવેલો?

પુંજીઆજી (૬૦ વરશના)—નહિ પુતળી તું મને ના કહેશે તો હું કુવો તળાવ કરીશ જો.

પુતળી (૧૭ વરશની)—મને જરા એ બાબદવિશે વિચાર કરવો જોઈએ; અને પછી તમને જવાબ આપીશ.

પુંજીઆજી—કેટલો વખત લાગશે? આ એ પ્રીલ માસ ચાલે છે, મે મહિનામાં જવાબ દેશે કે ની?

પુતળી—બનતાં સુધી દઈશ નહિ તો તમે તમારૂં સુઝતુ કરજો.

મે મહિનો પુંજીઆ ધાંખરાએ ઈન્તેઝારીમાં પસાર કીધો. જુન બેઠો એટલે પાછો તે પુતળીને મળ્યો જેણી તેને જોતાંજ બોલી, 'શું તમે હજી જીવતા છો? તમો માતીદાઓ આવીજ રીતે વચન

પામો છો કે? તમે તો હું ના કહું એટલે કુવો તળાવ કરવાના હતા, તે કયાં છે?'

પુંજીઆજી—હા પણ તેં મને એટલા સુધી મોટી રાખ્યો કે કુવા તળાવનાં પાણી બધાં બંધાઇ ગયાં.

—(o)—

મેહેરબાની કરી આજ સાંજરે મારે તહીં આવજો આપણે સાથે જમીશું.

માફ કરજો સાહેબ, અવાય એમ નથી.

કાં, સાહેબ.

હું 'દલેર દિલશેર' જોવા જવાનો છું.

જોતા જતાં કેટલી વાર લાગવાની છે; પાંચ કે દશ મીનીત, પછી તો આવજો.

—∞—

બુચા, તારૂં નામ શું ?

બળી શીઆવક્ષ.

બાપનું નામ?

બળી જેહાંગીર.

અટક?

બુચાજી અટકી પડયા; કારણ, અટક એટલે શું તે તે સમજ્યા નહિ.

વારૂં બા, તમે કેવા?

મજાહના.

—(o)—

હેડમાસ્તર—(નવા છોકરાને) બા, તને ફારસી આવડે છે કે?

છોકરો—હા, સાહેબ, તમે જો તે ગુજરાતીમાં બોલો તો હું સમજી શકશ.

—(o)—

બૈરી—(લગણની બીજે દહાડે પોતાના ધણીને) ઓ દીયર, માફ કરજો, તમારાં બુત હું ધારંચ કે મારાથી બરાબર સાફ થયાં નથી; લાવો ફરીથી કરૂં.

ધણી—(બૈરીને પેટમા દાબી) નહિ, દીયર, એમ શું બોલોચ. બુત તો કાચ જેવાં સાફ થયાં છે.

બૈરી—(લગણની બીજે દહાડે) સવાર સાંજ ધણીને પગે પડતી) ખોદાતાળા તમને મારાં માથાં ઉપર સલાંમત રાખજો, એ મારો દુવા છે.

બૈરી—(લગણની વરસી પછી પોતાના ધણીને) મુવા, તારો મોંકાણથી બળાપો કરંચ—મુવો તો એવા આખે હાડકેનો છે કે જમીઆ પછી થાળી પણ સાફ કરતો નથી; તે કોણ તારી માએ મારી કરે.

—(o)—

એક વેળા એક આગગાડીને હુનારત બની જ્યા રે એક શખસ આકરો ગાભરો દિવાના માફક અહિંથી તહિં ભટકતો હતો તેને પુછવામાં આવ્યું કે તેને કાંઈ ઇજા થઇ હતી? તેણે જવાબ દીધો 'નહિ, પણ, મને મારી છત્રી જડતી નથી તેના ગભરાતમાં છું.'

બારીસ્તર—તું શું સોગંદ લઈ કહે છે કે આ અક્ષર તારા નથી?

બંધવો—હા, સાહેબ.

બા.—તારા અક્ષરને એ મળતા આવે છે, ખારૂં?

બં—નહિ, સાહેબ.

બા.—તું સોગંદ લઇને કહી શકશે કે એ તારા અક્ષર જેવાબી નથી?

બં—હા, હું સોગંદ ઉપર કહું છું.

બા.—હવે તું બોલ કે તે તું શા ઉપરથી જાણે છે.

બં—કારણ મને લખતાં આવડતું નથી.

શિક્ષક—અદી, તારા જોડા શાના બનેલા છે?

અદી—ચામડાંના, સાહેબ.

શિક્ષક—ચામડું ક્યાંથી આવે છે?

અદી—બલદનાં શરીર ઉપરથી.

શિક્ષક—ત્યારે કયો પ્રાણી તમને જોડા અને વળી ખોરાક પુરો પાડે છે.

અદી—મારા બાવા.

મા.—અદીબા, તેં તારા શિક્ષકને આજે સાલ મુબારક કહ્યું હતું કે?

અદી—નહિ માજી.

મા.—કાં નહિ?

અદી—અમારા શિક્ષક તો જ્યારે અમને મારેચ ત્યારેજ તેઓ ખુશખુશાળ રહેચ અને ત્યારે જ તેમનો દિવસ મુબારેક ગણાયચ.

શિક્ષક—છોકરાઓ સંકટની વેળાએ હંમેશ ધ્યાન ઠેકાણે રાખજો.

અદી—નારે સાહેબ, એવી વેળાએ ધ્યાન આપ્યાથી આપણી ધાસ્તીમાં વધારો થાય છે, તે કરતાં બેહેતર કે બેધ્યાન રહી કાંઇ ધાસ્તીની દરકાર કરવી નહિ.

—(0)—

જુવાન્યો—ગાંધી ભાઇ, મારા માથા ઉપરના રદી વાળ કાઢી નાખવાનો કાંઇ ઉપાય બતલાવશો?

ગાંધી—(પોતાનું બોડકું માથું ગવડતો) તમે પરણુતા કાં નહિ કે મારા જેવું માથું થાય?

—

એક રેલવે ટ્રેન એક ઢળાવ ઉપરથી ઉતરવાની હતી જ્યારે તેના ગાર્ડ અને એક ઉતારૂ બીહીકણુ સ્ત્રી વચ્ચે હેઠળ મુજબ વાત ચાલી:—

સ્ત્રી.—ઢળાવ મોટો છે માટે બીક લાગે છે કે રખેને ગાડી ઉંધી વળે!

ગાર્ડ—આપણા પાસ બ્રેક ઘણીજ મજબુત છે, માટે ફીકર જેવું કાંઇ નથી.

સ્ત્રી.—અને બ્રેકથી નહિ વલે તો?

ગા.— તો કાંચરનો ઉપયોગ કરી શું.

સ્ત્રી.—તેથી પણ નહિ વલ્યું તો?

ગા. તો પછી તમારો સઘળો આધાર આગળાં કરતુક ઉપર રહેશે.

—(o)—

'એક પક્ષીની હું માલેક થાઉં એવું હું ઇચ્છું છું!' 'નેક બાનું, મનેજ તમારૂં પક્ષી ગણોની' 'મને પોપટ રાખવા ગમતો નથી.'

એક બારીસ્તરે એક ગરીબ બંધવા તરફથી દરબારમાં લડવાનું માથે લીધું. જુરી તરફ આંગળી કરી તેણે બંધવાને પુછ્યું કે આ જુરીમાંથી કોઈ ની વિરૂધ તને કાંઇ શક છે. બંધવો બોલ્યો, 'તેઓ વિશે મને કાંઇ શક નથી.'

'વારૂં, કોઇ બીજાવિશે ?'

'નહિ; પણ મારો મોટો શક એક જન વિ-રૂધ છે.'

'તે બેલાસક બોલ, તને ફાયદો થશે.'

'મને મોટો શક આ ન્યાયાંધીસ (જડજ) ઉ-પર છે; વાસ્તે એને બદલી નાખો. એણે મને આ-ગળ ઘણી વેળા શિક્ષા કરી હતી, તેથી એ દુર થ-વો જોઇએ કારણ એનુ મન મારા વિશે શક ભરે-લું છે.'

ધણીતરફ બેદરકાર રહેનાર એક સ્ત્રીએ પો-તાના દીકરોને પુછ્યું, 'દીકરા, તું મોટો થઇને શું કરશે ?' 'માજી, હું મોટો થઇને પરણીશ, અને પ-છી સાસરે જઇ રહીશ.'

એક શખસે પરણીઆ પછી પોતાની બૈરીનું નામ ગુંદરબાઈ આપ્યું. જ્યારે કોઇએ તેને તેનાં કારણ વિશે પુછ્યું ત્યારે તે બોલ્યો, 'એ નામ મેં આપ્યું છે તે એવી ઇચ્છાથી કે તેણી મને હંમેશ વળગી રહે; મારાથી કદી છુટી પડી શકેનહિ.

—(o)—

દુખદાયક બનાવોની કટારમાં ચીનાઇ લખનારાઓ લગણની ટીપ આપે છે, તે કાંઈ ખોટું નથી, કારણ કે તે દહાડેથી ઇનસાન સંસારી જુસડી તળે પીડાવાને શરૂ કરે છે.

—※—

એક બોડકા શખસે છપાવ્યું કે જે કોઇ તેની આગળ એવી સારી વાત કરશે કે, જેથી તેનાં માથાના વાળ ઉભા થાય તેને એક હજાર રૂપ્યાનું ઇનામ આપવામાં આવશે.

—∞—

એક ઘાયલ થયલા સીપાઇની હાલત જોઇ એક સ્ત્રી બોલી કે લડાઈમાં બીચારા કેટલાઓ પડી મરતા હશે, જ્યારે તે સીપાઇ બોલ્યો કે મોહોબતમાં પડી મરતા લોકો કરતાં ઘણા થોડા.

—(o)—

અમારો નવો શોધ—ચીનથી મુંબઇ ત્રણ કલાકમાં જવાની રીત—પૃથ્વીની આસપાસની તમામ હવાને દુન્યા સાથ ફરતી અટકાવીને સ્થીર કરવી. આટલું તો સર્વ કોઇ જાણે છે કે દુન્યા પશ્ચિમથી પૂર્વ તરફ ફરે છે. હવે ચીન દેશ મુંબઇની પૂર્વ તરફ હોવાથી ચીનને મથાળે હવામાં બલુનની અંદર ઠોભવું અને જ્યારે મુંબઇ વાળો ભાગ બલુનની હેઠળ ફરતો ફરતો આવે કે તરત નીચે ઉતરવું એટલે મુંબઇગાં વગર મુસાફરી કરવે આવી પોહોંચશું.

—(o)—

પોતાની સામે ઉભેલા એક બંધવાને પોતાની લાકડીએ દેખાડી એક ન્યાયાધીસ બોલ્યો, 'આ લાકડીને છેડે મોટો બદમાશ છે.'

બંધવો—લાકડીને કીએ છેડે, સાહેબ?

—o—

ટ્રામ કન્ડકતર—બાઇ, આ છોકરાની અડધી તીકીત નહિ ચાલશે.

ઘરડી—કાં નહિ, એ તો છ વરશનો છે.

ટ્રા. ક.—બસ છ વરશ?

છોકરો—હા ટ્રામવે ગાડીમાં છ વરશનો અને ઘરમાં નવ વરશનો.

—(o)—

છોકરાઓ, મારે તમને એક શિખામણનો ધડો સમજાવવો છે; પણ તમે ગોંઘાટ ઘણો કરોચ તે જોઇએ નહિ.

બધા છોકરા (એકઠા)—ના, સાહેબ, સમજાવો અમે કાંઇ સોહાર કરીશું નહિ.

શિક્ષક—અરે છોકરાઓ, હું તમને એવું કહું છું કે ગોંઘાટ કરો ના.

બધા છોકરા (મોટે સાદે)–હાજી, સાહેબ, ગોંઘાટનું નામ પણ નહિ.

બારીસ્તર—જવાબ દો કે તમે જે કાંઇ કોરતમાં બોલો છો, તેથી ઉલટું કહેવાને તમને કોઇએ લાલચ દેખાડી હતી કે નહિ ?

બંધવો—હું જે કાંઇ હમણાં બોલ્યો તેથી જુદું કેની, સાહેબ ?

બા.—હા, તેથી જુદીજ વાત કહેવાને; વાસ્તે સોગંદ લઇ કહો કે કયા શખસ યા શખસોએ તમે હમણા બોલ્યા તેથી જુદું કહેવાને ઉશકેરવાની કોશેસ કીધી હતી? નામ દેવો તેમના.

બં—સર્વ કરતાં તમે પોતે તેવી કોશેસ કીધીછે અને કરો છો.

—(૦)—

એક સ્કુલના માલેકે નીચે મુજબ જાહેરખબર છપાવી:—

આ ફકત રવીવારે ચાલતી સ્કુલ મંગળ અને સનવાર બે દિવસ ઉંઘાડી રહે છે.

—⊜—

એક બચરવાર શખસ કરજમાં દબાઇ ગયો હતો જેથી તે બીચારો પોતાના માંગનારાઓથી તોબા, તોબાહ પડી અંતે મરણ પામ્યો કારણ તેના શકતા સગાઓએ તેને કોઇ પણ રીતની મદદ કીધી નહિ. તેની બૈરીએ તેના એક સખ્ત માગનારને પોતાના ભરથારની હાલતે તોબા પાડી મારી નાખવા ખાતર તેની સાથ પોતાનું લગણ કરયું અને તેને ૭ મહીનામાં કબરવાસ આપ્યો.

—(o)—

એક વેળા એક દોસાજી ઉંઘમાં પડયા હતા. જમવાનું તઇયાર હોવાથી તેની બૈરીએ પોતાના ચાર વરશના બાળકને તેને તેડવા મોકલયો દોસાને ઘુરતાં જોઈ છોકરો બીવો અને મા આગળ જઇ બોલ્યો, 'માયજી, બાવાતો નાકમાંથી મારી તરફ ભોસે છે?'

—⊜—

એક નિશાળમા એક શિક્ષક પોતાના એક નિશાળ્યા તરફ ચાહ રાખતો હતો અને એક બીજા તરફ તિરસ્કાર. એક દિવસે બંધે છોકરા ઘંટ વાગ્યા પછી ઘણા મોડા નિશાળે ભેગા ગયા. શિક્ષકે તેમને મોડા આવવાનું કારણ પુછ્યું ત્યારે માનીતાએ જવાબ દીધો, 'સાહેબ, આજે કાંઇ મેં એવુંજ સ્વપ્નું દીઠું કે હું જાણે 'સાવીત્રી' નામની આગબોતમાં કરાંચી જતો હતો અને સ્કુલના ઘંટને આગબોત ઉપડવાનો ઘંટ સમજ્યો હતો' શિક્ષકને તો એવુંજ જોઈતું હતું કે કોઈ પણ બહાણાથી તે માનીતો છોકરો છટકી જાય, તેથી તે બોલ્યો, 'વારૂં ઠીક છે, કાલથી વેહેલો આવજે.' એટલું કહી તે શિક્ષક બીજા છોકરા તરફ ફરી બોલ્યો, 'કેમ, ભાઇ, તારે શું કહેવું છે?' 'મારે તો સાહેબ, એટલુંજ કહેવાનું છે કે હું તો સકારો આવતે, પણ આ મારો મિત્ર જે કરાંચી જવાનો હતો તેને હુ મુકવા ગયો હતો, માટે મોડું થઇ ગયું.'

એક વેળા એક અંગ્રેજ બાંદરા હીલ તરફ ફરવા નીકળ્યો હતો. રસ્તે જતાં જે જગાએ તોલ લે છે ત્યાં જઈ ઉભો અને વેરો લેનારને પુછવામાં લાગ્યો કે તેના ઘોડામાટે શું તોલ આપવો પડશે.

તોલવાળો—તમારો ઘોડો ક્યાં છે?

અંગ્રેજ પોતાના પગ વચ્ચે નજર કરી બો-લ્યો, 'અરે હું સમજયો કે હું ઘોડા ઉપર ફરવા નીકલેળો છું!'

એક વખત એક ગામની સાંકડી ગઢેરમાં બે ગાલ્લીઓ સામાંસામી આવી લાગી અને બંધે પોતપોતાનાં મુકામથી અડધે રસ્તે આવી હતી તેથી કોઇ હાંકનાર પાછો ફરવા માંગે નહિ. એ રવેશની તેમની હુજ્જતથી આખરે ગામના પટેલને તે જગાઆગળ આવવાની ફરજ પડી જ્યારે તેણે અક્કલ ખરચી ચુકાદો કીધો કે બંધે ગાલ્લીને ગઢેરમાંથી બહાર ઊંચકી લઇ જઇ એક વાડીમાં મુકાવી અને વળી પાછી ગઢેરમાં આણી એટલે બંધે ગાલ્લી પોતપોતાના રસ્તાઉપર આગળ ચાળતી થઇ. એ રવેશના નીવેડાથી ત્યાં ભેગા થયલા ગામડીયાઓમાં વાત ચાલવા લાગી કે, હે, હે, પતેલ કાંઇ જેવો તેવો નહિ; મારો છછરો બહુ પોંહોંચેલો! બીચારા ગમારોને એટલી શુદ્ધ ન આવી કે એક ગાલ્લીને ગઢેરમાંથી બહાર કાઢી બીજીને રસ્તો આપતે તો ગરજ સરતે.

એક દાઢ ચતુરે પોતાની માશુકને એક પત્ર મોકળ્યો જેમાં લખ્યું હતું કે, 'અગર તું મને ચાહાતી ન હોય, તો આ પત્ર ઉખેરયા વગર મારા તરફ એમનો એમ પાછો રવાના કરજે.

—(o)—

અદુ અદગરા સાથે લગ્ન કરવાને એક સ્ત્રી તેની પુઠે લાગી રહી હતી જ્યારે લાચારીએ તેણીને દુર કરવાને તેણે પોતાની સઘળી મીલકત તેણીનાં નામ ઉપર કરી આપી અને પોતે બીજે ગામ જઇ રહ્યો.

—o—

એક શખ્સ પોહોંચખાણામાં પગાર આપી જમતો હતો. એક દિવસ કોઈ અકસ્માતથી તેના બે દાંત પડી ગયા જ્યારે તેણે પેલા પોહોંચખાણાવાલાને અરજ કીધી કે જમવાના પગારમાંથી કાંઇ ઓછું કરે કારણ કે તેના બે દાંત ઓછા થયા છે.

—o—

જાન્યુઆરી મહીનો જુરીના ફોરમેન સાથ કાં સરખાવી શકાય? કારણ બંધે વર્ગમાં પેહેલા હોય છે.

—(o)—

એક અદગરાને તેના શેઠે એક પેટીમાં બીલોર કામ મુકી તેમાં ગાંસ ભરી એક ગામ મોકલવા કહયું. વળી ચોકાસી માટે ઢાંકણા ઉપર 'ઉપલી બાજુ' એવી ટીકીટ ચોટાડવાની તાકીદ કીધી.

થોડા દિવસ પછી ગામથી કાગળમાં લખાઇ આવ્યું કે સઘળાં બીલોર કામના ચુરે ચુરા થઇ ગયા હતા. એ ઉપરથી સેઠે અદગરાને બોલાવી પુછયું, 'કેમ, તેં પેલી પેટીનાં ઢાંકણા ઉપર, 'ઉપલા બાજુ' નો કાગળ ચોટાડયો હતો કે?'

અદગરો—હા સાહેબ; એકજ નહિ પણ તળીયાંમાં પણ તેવીજ એક બીજી ટીકીટ ચોટાડી હતી કે કદાચ હેલકરીઓને ઉપરની ન જણાય તો હેઠળની તો જરૂર જણાય.

—⊛—

આ તે કેવો નબરવસ—એક વીકતોરીઆ વાલાને બજારે જવાનુ હતું તેથી તેણે પોતાની ગાડી ઘોડો જોડવા બહાર કાઢી અને ભુલમાં ઘોડાને ગાડીમાં મુકી પોતે વીકતોરીઆમાં જોડાયો જ્યારે તેણે ખંખારવાની કોશેસ કીધી ત્યારે તે પોતાની ભુલ સમજ્યો.

—(o)—

એક વેળા એક મેલામાંહેલાં એક દુકાણમાં એક ૧૦૮ વરસની ઉંમરના ઘરડાને જોવા લોકોની મોટી ગરદી થઇ તે જોઇ તેની સાંમેના દુકાણ વાળો લોકોને બુમ પાડી કહેતો 'આ કેવું હમ્બગ છે કે માત્ર ૧૦૮ વરશના જઇફને જોવા લોકો ભેગાં થાય છે; એમાં શી મોટી નવાઇ થઇ મારો કાકો જો આજ હઇયાત હોત તો તે ૧૫૦ વરશનો થયો હોત.'

—◌—

બારીસ્તર—(એક ડાકતરને) તમારે સંભાળી બોલવું જોઇએ, નહિ તો તમે જાણોચ કે ડાકતરની ભુલ જમીનમાં છ ફુત દતાય છે.

ડાકતર—અને તેમજ તમારે પણ સંભાળી બોલવું જોઇએ નહિ તો તમે જાણોચ કે બારીસ્તરની ભુલ જમીનથી છ ફુત ઉંચે લટકાય છે.

—◌—

એક સ્કુલના માલેકે નીચે મુજબ જાહેરખબર છપાવી:—

આ ફકત રવીવારે ચાલતી સ્કુલ મંગળ અને સનવાર બે દિવસ ઉંધાડી રહે છે.

—◌—

સુરત શેહેરમાં એક ઘરડી સ્ત્રીનું પોહોંચખાણું હતું. ત્યાં કેટલાક ઠોળીઆઓ જઇ લાગા. ખીસામાં પૈસા ન હોવાથી તેઓએ એક તાળ શોધી કાઢી અને પેલી પોહોચખાણાવાલીને કહયુ તમને ખબર છે કે ૧૬ હજાર વરશ પછી આપણે પાછા આ જગા ઉપર અને આજ વખતે ભેગાં થઇશું. તે વખત પછી આજની માફક સઘળું જેવીને તેવીજ હાલતે પાછું જણાશે. તેટેલી મુદત સુધી ઉધાર રહેશો? ઘરડી પેલા લુચ્ચાઓની હીકમત ચેતી ગઇ અને બોલી, 'હા, પણ તમને ૧૬ હજાર વરશની વાત ઉપર મે આજને દહાડે એક વખત ઉધાર ખાવાનું આપ્યું હતું તે પૈસા પેહેલા અદા કરો તો હું તમે માગો એટલું ખાવાનું ઉધાર આપુ.'

—◎—

એક સવારમાં એક સ્ત્રી પોતાના ધણીનું માથું દુખતું હતું તેથી તે દાબતી હતી, જ્યારે તેણીએ સવાલ કરયો કે ધણી ધણીયાણી એક કહેવાય એ વાત ખરી કે? ધણીએ જવાબ દીધો, 'અલબતાં, એકજ કહેવાય.' 'ત્યારે તો મારે શરમાવું જોઇએ, કે રાતનાં બહાર ઘણો દારૂ પીધો તેથી મારૂં માથુ દુખે છે.

—◎—

એક રવીવારે એક ચોકસ પાદરી ઘર તરફ પાછો ફરતો હતો; તેને રસ્તામાં એક બુઢીઆ મળી જેણીએ તેને સલામ કરી કહયું, 'રે સાહેબ, જે દિવસે તમે વાહેજી કરોચ તે દિવસ મને બહુ ગમે છે.' હવે પાદરી સારી પેડે સમજતો હતો કે તે લોકોમાં અનગમો હતો તેથી તેણે જવાબ દીધો, 'ભલી બાનું, તમારૂં કહેવું સાંભળી હું ખુશી યેથા છું. તમારા જેવાં લોકો ઘણા થોડાં હોય છે. વારૂં જ્યારે હું વાહેજી કરૂંચ ત્યારે તે તમને કહ બાબદમા ગમે છે.?'

'રે સાહેબ,' બુઢીઆ બોલી, 'જ્યારે તમે ભાષણ કરોચ ત્યારે મને સારી બેસવાની જગા મલે છે.'

એક ઘોલીને એક પારસી છોકરાના લગનમાં ઘોલ વગાડવા બોલાવ્યો હતો. જ્યારે તે છોકરો મોટો થયો અને એક મંડળીમાં હતો જ્યાં પેલો ઘોળી પણ વગાડવા ગયો હતો ત્યારે ઘોળી તેને જોઈ બોલ્યો, 'આ સેઠને મેં પરણાવેલા.'

બારીસ્તર—(કોરતમાં એક બંધવાને) તું ગાડી હાંકનાર છેની?

બંધવો—ના, સાહેબ.

બારીસ્તર—હું તને સોગંદ આપી જવાબ દેવા કહું છું કે, તું શું ગાડી હાંકતો નથી.

બંધવો—ના, સાહેબ.

જડજ—તું શું ધંધો ચલાવે છે?

બંધવો—ઘોડા હાંકવાનો, સાહેબ.

બારીસ્તર—ત્યારે તું ના કેમ કહે છે.

બંધવો—તમે ભણ્યા પણ ગણ્યા નહિ, અહિં મોટી વાત રહી છે. ગાડી એક નીરજીવ ચીજ છે, તેને આપણે કેમ હાંકી શકયે.

—(o)—

એક રાજાએ ખુશબખ્તીની વેળાએ પોતાના એક દરબારીની મશકેરી કરવા કહયું કે તે બલદોયા જેવો દેખાય છે.

ખરી વાત હશે, ખોદાવંદ, કારણ, હું એટલું જાણુંચ કે કેટલીક વેળા બીજા રાજાઓની દરબારમાં તમારા એલચી તરીકે હું તમારે બદલે ગયો હતો.

સેઠ—થોડે બોલવે ઘણું સમજી એક ને બદલે પાંચ કામ કરવાં એવી શરતે હું તને ચાકરી રાખીશ.

ચાકર—તે કેમ, સાહેબ.

સેઠ—જો કદાચ હું તને કહું કે રોતલી લાવ તો તારે રોતલી તથા ઉપર જે કાંઇ લાવણુ હોય તે તથા ચા દુધ વગેરે લાવવું. અગર હું કહું કે અસ્ત્રો લાવ તો અસ્ત્રા સાથ, સાબુ, આરસી, નાપકીન વગેરે લાવજે. કેમ સમજ્યો કે?

ચાકર—ઠીક, સાહેબ; હું સમજ્યો. કોઇ વખત તમે કહેશો કે કોઇ હેલકરીને બોલાવ તો હું તેને એકલાને નહિ પણ બીજા ચાર પાંચને લઇ આવીશ.

સેઠ—નહિ, તેમ નહિ. તેવી વખતે તો એકજ ધારીને લાવજે.

ચાકર—વારૂં સાહેબ.

સેઠ એક દહાડે માંદો પડયો એટલે પેલા ચાકરને તેણે હુકુમ કીધો કે પડોસમાંના દાકતરને બોલાવી લાવે. એક કલાક, ત્રણ કલાક વહી ગયા; પણ ચાકરતો પાછો ફરયો નહિ. રાહ જોઈ થાકો એટલે તે નજર પડયો.

સેઠ—કેમ, દાક્તર પડોસમાં રહે છે અને તને એવડી ખોટી કેમ થઇ?

ચાકર—અરે સાહેબ તમે જાણોચ કે જ્યારે મને એક હુકુમ કરો ત્યારે મારે જાણવું જોઇએ કે તે હુકુમ બજાવવા સાથ બીજુ શું શું જોઇશે, તેની તઇયારી કરવી એ મારી ફરજ હું સમજુ છું. તમે મને દાક્તરને તેડવા મોકલ્યો જ્યારે મેં વિચાર કીધો કે સાથે લાગા બીજાં પાંચ કામ કરવાં તેથી દાક્તરને કહી આવ્યા પછી મોટા દાક્તરને પણ તેડતો આવ્યો કારણ, કદાચ વહાર કાપનું કામ કરવું પડે તો તે કામ લાગે. વળી જળોવાલાની જરૂર પડશે એવું ધારી તેને પણ સાથે લાવ્યો છું. વકીલ પણ અહિં હાજર છે કે કદાચ તમને વશિયતનામુ કરવાની અગત્ય જણાય તો તેના માટે ખોટી રહેવું નહિ પડે. અરે સાહેબ, મારી હુશિયારી એટલામાં અટકી નથી. કદાચ તમે મરણ પામો તો તે વખત દોડાદોડ કરવી પડે નહિ એટલામાટે નસેસાલાર તથા ખાંધીઆઓને પણ અતરે લાવી બેસાડયા છે. એ તમામ કરી બેસી ન રહેતાં કામ પડે તો તમારી પાયદસ્ત ફેરવવાની ગોઠવણ પણ કરી રાખી છે કે કદાચ ગભરાતની વેળાએ ભુલી જઇએ તો મીજલસના વાખા પડે નહિ.

અરે ! તારો બાપ મરે રે ! અવર, તેં આ શું કામ કીધું; તને એટલું બધું કોણે કરવા કહ્યું હતું.

ચાકર—કાં સાહેબ, તમારો હુકુમ કરતાં મેં કાંઇ વધારે કરયું નથી.

—(o)—

એક મુસાફર ઇતિલી દેશની ઉત્તરમાં આવેલા આલ્પ્સ પાહાડ ઉપર પગે મુસાફરી કરતો હતો. જ્યારે તે એક ઘણા સાંકડા રસતા ઉપર જઈ નીકળ્યો ત્યારે તે એક મોટા ભુરા રીછની સનમુખ જઈ ઉભો. તેને જોતાંજ તે મુસાફરે ગભરાઇ પોતાની પીસ્તોલ કાઢી એટલામાં એકાએક તેની ભારે અચરતીમાં પેલો રીછ બુમ પાડી ઇન્સાનની માફક બોલ્યો, 'રે ઇન્સાન, પીસ્તોલ ફોડતો ના !'

એવું જણાયલું છે કે તે ખરો રીછ ન હતો, પણ તે પાહાડ ઉપરના ભોમીયાઓ રાહાદારી મુસાફરોને બીહીક આપી તેમની પાસેથી નાણાં કઢાવવાની મતલબથી રીછનું ચામડું પેહેરાવી માણસો ફરતાં રાખે છે. આ વેશ ધારણ રીછ થેડવેલી જગ ઉપર ભરાઇ બેસે છે અને જેવા ભોમીઆઓ મુસાફરોને તે જગા આગળ લઇ જાય છે, કે લાગલે તે રીછ તેમના ઉપર હુમલો લઈ જાય છે. એ વખ

તે ભોમીઆઓ જુદી ધરપચ યા દોડધામ કરી પેલા રોઝને ધુજતા મુસાફરો આગળથી હાંકી કાઢે છે, અને તેમ કરી મુસાફરો પાસેથી સારો બદલો મેળવે છે કે જેનો અલબતાં પેલા રોઝનો વેશ લીધેલા માણસને મોટો ભાગ મળે છે.

—(०)—

બાઇલરના ફાટવાથી ઘણું નુકસાણ થાય છે તે અટકાવવાનો સહેલો ઉપાય એક અદગરાએ શોધી કાઢ્યો છે. તે એ છે કે થોડું બરફનું પાણી તમાં જરાબંધ રેડવું.

—◦—

'કેમ માસ્તર સાહેબ, મારા દીકરાને આ પરિક્ષામાં ઇનામ મળશે કે?'

'નહિ; કારણ, એ આળશાઇને વળગી રહેવાને ઘણો ખંતી દેખાય છે.'

'અરે સાહેબ, કોઇ પણ કામમાં ખંત ધરવી એ સારો ગુણ છે. તમે કહો છો કે મારો છોકરો ખંતી રહે છે તો તેના ખંતીપણા માટે તો તેને પેહેલું ઇનામ મળવું જોઇએ.

—◦—

પેરીસ શેહેરનાં એક ગામમાં એક કુલવંત-સ્ત્રી દરરોજ સવારમાં કેટલાક ભીખારીઓને ભીક્ષા આપતી હતી. એક રાતે તેણી નાચમાંથી મોડી ઘરે આવી જેથી સવારમાં તેણીથી રાબેતા સર ઉઠાયું નહિ જ્યારે ભીખારીઓ તેણીની આશા છોડી જતા રહ્યા. સઘળાના જવા પછી એક ભીખારીએ તે સ્ત્રીના ખીદમતગારને પુછ્યું કે તેણી કયારે ઉઠશે. ખીદમતગારે જવાબ દીધો કે કદાચ પાંચ મીનીત લાગે યા કલાક, દોઢ કલાક પણ લાગે, તેનો કાંઈ ભરોસો નહિ. 'ત્યારે તો તારી બાઈ ઉઠે ને કહેજે કે આજ પછી તેણી બીજો ભીખારી જોઈ લે, મારે તેણીની સાથ હવે કામ પાડવું નથી,' ભીખારી બોલ્યો.

એક ગ્રહસ્થે કેટલાક છોકરાઓને પુછ્યું કે તેઓ શું કામના હતા. એક છોકરે જવાબ દીધો, 'અમે ઘણા કામના છીએ, અમે હોશું નહિ તો માતીદા કયાંથી થવાના હતા.'

—(o)—

બે પારસણો એકઠી બેસે એટલે તેમનું કામ કોઈ ત્રીજીની નિંદા કરવાનું.

રંડાયલાઓએ ચેટવું—એક ગરીબ હિંદુને આ દુન્યાની જંજાળમાંથી તથા એક ખરાબ સ્વભાવની કભાના બળાપાથી મોંહોતે છોડવ્યો એટલે બ્રાહ્મણો માટે જુદાં રાખેલાં સ્વર્ગના દરવાજા આગળ જઈ ઉભો. 'તેં સ્નાન કરી પ્રાયશ્ચીત (તોબા) કર્યું છે,' દેવતાએ પુછ્યું. 'નહિ; પણ હું પરણેલો હતો.' 'ઠીક, ત્યારે અંદર આવ; પરણવું અને પ્રાયશ્ચીત બંધે એકજ છે.' એ પછી થોડીક વારે એક બીજો ત્યાં આવી લાગો અને અંદર દાખલ થવા અરજ કરવા લાગો. 'સબર!' દેવતા બોલ્યા; 'તેં તોબા કરીછે કે?' 'નહિ; પણ તેમાં શું થઇ ગયું? તમે હમણા મારા જેવા એકને અંદર લીધો છે, તેણે તે કયાં પ્રાયશ્ચીત કરયું છે?' 'ખરીવાત,' દેવતાએ કહયું, 'પણ તે પરણેલો હતો એજ તોબા છે; કારણ, પરણવું અને તોબા ખમવી એ બંધે બરાબર છે. દોઝખમા ગજબ ખમવો અને પરણેલી હાલતમાં જીંદગી ગુજરવી એ બંધેની હાલત એક સરખી છે.' 'પણ હું તે કયાં નથી પરણયો! હું તો બે વેળા પરણયો હતો.' 'નીકળ અહિંથી, ત્યારે, આ બેહેસ્ત મુર્ખાઓ માટે ઉંઘાડું નથી.'

કહે છે કે પેરીસ શેહેરમાં એક ફાલ જોનાર-ને ફુલ કોરત હજુર ઉભો કરવામાં આવ્યો હતો. વડા જડજે ટકોરમાં તેને સવાલ કીધો, 'તને નશીબ પારખતાં આવડે છે હં!'

'હા સાહેબ.'

'ત્યારે તો આ તારા કેસનો શું નીવેડો આવશે, તે તું જાણતો હશે.'

'હા, સાહેબ.'

'તે શું?'

'એજ કે હું છુટી જવાનો.'

'તારી ખાતરી છે કે તને કાંઈ થવાનું નથી?'

'હા સાહેબ, મને કાંઈ થવાનું નથી.'

'તે કેમ તેં જાણ્યું?'

'તે એમ કે અગર તમે મને શિક્ષા કરવાના હોત તો આ કમ તાળે ઉપર ટકોરનો વધારો કરી દુખ ઉપર ડાહામ મુકતે નહિ.'.

'વડો જડજ આવી ધાંધલથી વિચારમાંપડયો. તેણે પોતાની સાથના બીજા જડજો તરફ નજર કીધી અને તેમના અનુમતથી પેલા ફાલ જોનારને છોડી મુકયો.

એક શખસ એવું કહેતો હતો કે ઘોડા કરતાં ખચર બહુ કામનો છે. જ્યારે તેને કારણ પુછવામાં આવ્યું ત્યારે તે બોલ્યો, 'એક દિવસે હું નદીમાં પડી જતે એવું હતું, પણ એટલામાં મારાં ખચરે મને એક જબરદસ્ત લાત ઝાડી જેથી હું જમીન ઉપર જઈ પડ્યો અને નદીમાં પડતો બચ્યો.'

એક અમલદાર—(બીજાને) તમે ધારોચ કે આપણા ઝાર (રશીઆ દેશના પાદશાહ) ને તખ્તનશીન કરવાની ક્રીયા સમાધાનીથી પાર ઉતરશે?

બીજો—ધારોચ? મારી ખાતરી છે કે તે ફતેહમંદી સાથ પાર ઉતરશે. અરે, આ પર્વે આપણો ઝાર જેટલો લોકોને વહાળો થઈ ગયો છે તેટલો કોઈ કાલે ન હતો. અરે એટલુંજ નહિ, પણ લોકો તેને સાતમાં આસમાનપર ચઢાવે છે.

પેહેલો—ખરી વાત, અને તે દાઈનેમાઈતની મદદથી.

અતરે જણાવવાની કાંઈ અગત્ય નથી કે દાઈનેમાઈત એક ખાણાખરાબીનું સાધણ છે.

તમારૂં કાપડ પાછું લો અને મારા પૈસા પાછા આપો, કપડું સારૂં નથી.

પૈસા શા માટે પાછા અપાય ?

કારણ તમે છપાવ્યું છે કે, 'પસંદ નહિં પડે, તો પૈસા પાછા આપવામાં આવશે.'

ખરી વાત, શેઠ; પણ પૈસા તો પસંદ છે, માટે તે પાછા કયાંથી અપાય.

જાણીતા પારસી, બેજન સુરતીને વાસ્તે કહે છે કે તે જ્યારે પણ કેડે કાઇને ધુટવા જતો ત્યારે તે પાયધોની ઉપરથી તબેલાવાળાઓ પાસેથી બે ઘોડાની ગાડી ભાડે લેતો, અને બે ત્રણ માણસોને રોજે રાખી ગાડીની પછવાડે ઉભા રાખતો. એ રવેશ તઇયાર થઇ તથા ગાડીમાં પોતાની સામેની બેઠક ઉપર પતરાંનો કેશ બાક્ષ મુકી એક દીવસે ભીંડીબજાર માંહેલા મહમદ બાકરના તબેલા આગળ ગયો અને દરવાજા આગળ ગાડી ઉભી રાખી, ગાડીમાંજ દમામથી બેસી રહયો. તેનો ઠાઠમાઠ જોઈ બાકર તથા તેના કારભારી વગેરે લોકો દોડતા કે તેની ગાડી આગળ આવી ઉભા અને અદબ અંદાજથી ફરમાસ ચાહી.

બેજન—આગા સાહાબ, તુમારા પાસ કુછ નામી ઘોડા અરબ્બી તોખમકા હયગા તો નીકાળો, અમ મંગતા કીંમતકી કુછ પરવા નહી રખનાં. અછા નીકાળો.

આગાએ ઘણીજ મોંઘી કીંમતના ઘોડા કાઢી આપ્યા અને ભાવ વિશે રકઝક કરયા વગર મોને માંગ્યું મુળ આપવા કહી ઘોડા પોતાના માણસો સાથ આગળ ચલાવી દીધા. પેલા આગાએ રૂપ્યા માંગ્યા એટલે તેની પાસેથી કાગળ કલમ લઇ નીચે પ્રમાણે તેને ચીઠી લખી આપી ફારબસ સાહેબની જાણીતી પેહેરી ઉપર બીજે દહાડે જવા કહયું :—

'આગા, આગા, તબેલેમેરી બેજન સુરતી દો ઘોડા લેકર ભાગા, ભાગા—ફારબસ સાહબકી આફીસ અમારા મુકામ—આયગા સો મીલેગા નહિ, ઓર નહિ આયગા સો મીલેગા નહિ.

રે ગાડીવાન, વરસાદમાં મારો દગલો ભીંગાઇ જાય છે, માટે ગાડીમાં લેતો જશે?

ગાડીવાન—પણ તને તે કેમ પાછો મળશે.

તેની ફીકર નહિ, હું તેની અંદર રહીશ.

એક માતબર શખસને બહાર જવાનું હતું; પણ તેને વિચાર આવ્યો કે મજબુત પેતીમાં નાણું મુકી જઈશ તો તે વિશે ચાકર નફરોને શક જશે તો તે ભાંગી નાંખશે, તેથી તેણે પુખ્ત વિચાર કરયા પછી ચુલાની રાખમાં પોતાની સઘળી નોટો અને રોકડા રૂપ્યા દાટ્યા. થોડીક વારે પાછો ફરતાં જોય શું કે ઘરમાં કોઈ તેને મળવા આવેલો હતો અને કે તેને ચાનો પ્યાલો આણી આપવા માટે ચાકરડીએ ચુલો સળગાવ્યો હતો. તાબરતોબ ચુલાહ આગળ જઈ તેમાં થંડું પાણી રેડી તે બુજાવી નાખ્યો; તો પણ તેની નોત સઘળી ખરાબ થઈ ગઈ હતી કે જે માટે બેંકવાળાઓ તેને નાણું આપવાની ના પાડતા હતા.

એક વેપારીએ પોતાના કારકુનને સર્ટીફીકેત લખી આપી; જેમાં લખ્યું હતું કે, 'તે ઘણોજ પ્રમાણીક છે, કોઈ કોઈ વખત સાચું પણ બોલે છે, અને કદી કદી છાકટો પણ થતો નથી.

એક શખસે પોતાના દીકરાની વરશગાંઠને દિવસે પોતાના ઓળખીતાઓને જમવા બોલાવ્યા. રાતના ઘણું મોડું થયું એટલે તેણે દારૂથી મસ્ત

થયલા પરોણાઓને ઘર બહાર કાઢવાની ઘણી તાલ-
મેલ કીધી; પણ કોઇ ગયું નહિ ત્યારે તે પોતે સુ-
વાના ઓરડામાં જઇ ઉગી ગયો કે તેના વગર પરો-
ણા એકલા પડવાથી પોતે પોતાને ઘરે જશે. સવા-
રમાં સકારે ઉઠતાં તેણે હજુરીઆને સવાલ કીધો કે
પરોણાઓ ગયા કે? હજુરીઆએ જવાબ દીધો,
'નહિ, સાહેબ, તેઓએ તો કાફીના માટે ઘંટ વગા-
ડયો છે.

એક નશીબ પારખનારે એક રાજાને સલ્લાહ
આપી કે તેણે પોતાનું સઘળું નક્કી કરી લેવું, કાર-
ણ આજથી ત્રણ દિવસમાં કોઇ તેને મારી નાંખ-
શે. રાજાએ તેને સવાલ કીધો કે, 'તને ખબર છે
કે તું કેવી રવેશે મરશે?' તેણે જવાબ દીધો, 'હું
તાવના હુમલાથી મરણ પામીશ.' રાજાએ તેને તે-
ના હુન્નરનું ખોટારૂં દેખાડવા હુકમ કીધો કે તેને
તેની હજુરમાં જબેહ કરે. તરતજ પેલા જયોતીષને
ગરદન મારવાની જગા ઉપર લઇ જવાને વાસ્તે પ-
કડયો, જ્યારે તેણે બુમ પાડી રાજાને કહયું, 'જા-
હાંપનાહ, મેહેરબાની કરી ખાતરી કરી લેવો કે મેં
જે આગાહી કહી હતી તે ખોટી નથી પડી; મને તાવ
ચઢયો છે, મારી નાડ જુવો.' આ પક્કાઇ ભરેલા
જવાબથી રાજાએ તેને જીવતદાન બક્ષ્યું.

શીરીન—(ઇરાણીને) આ ઓરડો ઝારી કાઢ.

ઇરાણી—બાઈ, તું શું બોલેચ?

શીરીન—ઓરડો ઝારી કાઢ? કેટલીવાર બોલવું જોઇએ.

ઇરાણી છેરાઇ ગયો હોય તેમ કાંઇ જવાબ આપ્યા વગર રાંધણીમાં જઇ બેઠો. તેની આ નાફરમાની માટે શેઠે તેને ધમકાવ્યો જ્યારે તેણે ખુલાસો કીધો કે, 'શેઠ, સેઠ, રાંધનીમાં આવ તુને કાંઈ કહેચ. તારો બાઇ દીવાના થયાચ.

સેઠ—દીવાનાં, એ શું બકેચ?

ઇરાણી—મેં નહિ દીવાના, તારો બાઇ થયોચ. મને કહેચ ઓરડા ઝારી કાહાર. ઓરડાને કેમ કારેચ, દીવાના થયાચ.

સેઠ—તુંને કચરો કાઢવા કહયું તેમાં શું થયું, કાં નહિ કાઢયો.

ઇરાણી—હં, સમજી; કચરા કાહારેચ ઓરડા નહિ.

કેમ બાઈ, ખચરે તમને લાત કેમકરી મારી.

તું શું મને દીવાનો સમજે છે કે તારા કહેવાથી હું ખચરને કારણ પુછવા જાઉ?

એક ડોંગી સ્ત્રીએ ત્રામની ગાડી ઉભી રખા-વી. એક મશખેરો તેણીને જોઇ બોલ્યો, 'આવી, નાજુક ગાડીઓ હાથીઓ માટે નથી.'

'નહિ કાં?' સ્ત્રીએ જવાબ દીધો. 'નોઆ-ના વહાણની માફક ત્રામ ગાડી સઘળાં પશુ માટે બાંધેલી હોય છે, તમારા એકલા માટે નથી.

માજીસ્ત્રેત—(બંધવાને) અને તું શું એવું કહે છે કે એક પારસીના બંગલામાંથી તરકી ચોર-વાનું જે આરોપ તારા ઉપર મુકયું છે તે ખોટું છે?

બંધવો—હા, સાહેબ, એ તદન ખોટું છે.

મા.—તે તું કેમ સાબેત કરશે?

બં.—અરે સાહેબ, તે હું સહેલાઇથી દેખા-ડી આપીશ. જે રાતે તરકી ચોરવાનું આરોપ મા-રા ઉપર મુકાયું છે તે રાતે તો સીલવા દાકતરની બે મરધી ચોરવામાં હું રોકાયલો હતો; અને તે સીલ-વા તો કોતમાં રહે છે અને આ પારસી સેઠ તો મ-હાલક્ષમી દરિયે કાંઠે રહે છે.

મા.—હું તારી વાત માનું છું અને તેથી તને છોડી મુકું છું.

એક ખરાબ સ્વભાવવાલી તકતકખોર ઓર-તના દાંત અલગા થયા જ્યારે તેણીએ તે બાબે દાક્તરની સલ્લાહ લેતાં તેણીને જણાવવામાં આવ્યું કે જીભના વારે ઘડીએના ઢબકારાથી દાંત તમામ ઢીલા થઈ ગયા છે.

—◌—

ઈંગ્લેન્દના રાજા પેહેલા જેમ્સે બાદશાહી મો-હોર રાખનાર બેકનને પુછ્યું કે ફ્રેન્ચ એલચી વિશે તે કેવું મત ધરાવતો હતો. બેકને જવાબ દીધો કે તે એક ઉંચો અને બરાબર બાંધાનો શખસ હતો. 'તે તો ખરૂં,' રાજા બોલ્યો, 'પણ તેનુ ધ્યાન કેવું છે?'

'અરે સાહેબ,' બેકને જવાબ દીધો, 'લાંબા માણસો પાંચ માળના ઘર જેવા હોય છે જેમનાં ઉપલાં કાતરીયાં સામાન વગરનાં ખાલી હોય છે.'

—(o)—

એક ગરીબ શખસના ઘરમાં રાતે ચોર ભરાયા જયારે તે થંડે પેટે બોલ્યો, 'રે ભાઈઓ, જે ઘરમાં ધોરે દિવસે ખોળ કરતાં કાંઈ મળી નહિ આવે તે ઘરમાં રાતની વેળાએ અંધારાંમાં તમને શું મળવાનુ હતું.

—◌—

આ (મુરદાંની) પેટી એટલી મજબુત છે કે, તેમાંથી જરા પણ હવા પેવશ થઇ શકતી નથી. વળી તે લોકોને એવી પસંદ પડતી રહે છે કે એક વેળા વપરાશમાં લીધા પછી કોઇને તે છોડવા ગમતી નથી.

બાઇ—ઓ મરે રે તું બેહેરામ, એ દાક્તરને કાં લાયો?

બેહેરામ—કેમ બાઈ મરેચ કાંએ! ઇંધુ દાક્તર સારા નહિ-હમજાત સારા.

બાઇ—પણ મુવા, એ તો ઘોડાના દાક્તર છે.

બેહેરામ—ઘોરાના છે, ગાયના છે, ગાયના વરના છે, બધાના છે, તેમાં શું?

બાઈ—ઓ મુવો રે તું.

બેહેરામ—બાઈ, બધી પારસી બાઇઓ મુવો, મુવો બોલેચ-કેવો ખરાબ!

બાઇ—પણ તું ઘોરાના દાક્તરને કાં લઇ આયો?

બેહેરામ—જોની બાઇ, એ ઘણું ઘણું દવા આપેચ. તપીલા ભરી આપેચ. તારી દાક્તર તો જરા આપેચ.

નિશાળના એક પરિક્ષકે એક છોકરાને તપાસતી વેળા સવાલ કર્યો કે પૃથ્વિની સપાટી શાની બનેલી છે. છોકરે જવાબ દીધો 'પાણી અને મટોડાંની' પરિક્ષકે પુરતી તપાસ કરવા છોકરાને તેજ સવાલ આડકતરી રીતે પુછયો, 'વારૂં પાણી અને જમીનનું શું બને?' છોકરો બોલ્યો, 'કાદવ.'

એક પારસી મરણ પામ્યો. તેની વિધ્વા જે એક નીચ, ઘણાજ ખરાબ સ્વભાવની આકરી અને પોતાના શિવાય કોઇના પણ સારાં તરફ અદેખાઇ દોડાવતી બૈરી હતી તેણીએ તેનાં ચાહારમની બારવણે બીજો માતી કીધો. જ્યારે એટલી ઉતાવળ બાબે તેણીને સવાલ કરવામાં આવ્યો ત્યારે તેણી બોલી કે, 'માએ, શું કરૂં! માદર જાત ઘરમાં એકલી કેમ રહું!' નાતરાં પછી થોડેક દહાડે બીચારા નવા ધણીને ઘર છોડી નાહાશી જવું પડયું.

ઇંગ્લેન્ડ દેશમાં એક નાની છોકરી પોતાના બાપ સાથ એક તળાવ આગળથી જતી હતી. તેમાં થોડું પાણી બંધાઈ ગયલું જોઇ તેણી બોલી, 'બાવાજી, પાણી એટલે શું તે હવે હું સમજી.'

બાપ—તે શું દીકરી?

દીકરી—પાણી એટલે બરફનો રસ.

—◎—

એક મુસાફરે લોકો આગળ ડફાંસથી પોતાની મુસાફરીની વાત કરી કે તેણે અને તેના ચાકરે એ જને મળી ૫૦ લુટારાઓને દોડાવ્યા જ્યારે ચાકરે કહ્યું કે ' ખરી વાત, અને તેઓ અમારી પુઠે હતા.

—◎—

એક કડીઓ પોતાના એક નાના ચાકર સાથ એક ઘરમાં કામ કરતો હતો. તે બહાર ગયો એટલે ઘરધણીએ પેલા પોરીઆને પુછ્યું કે તેનો સેઠ આ કામ ક્યારે પુરૂં કરી નાખશે. જવાબ મળ્યો કે, 'સેઠ કોઈ બીજું કામ મેળવવાની તલાશમાં છે જે મળવે હાથમાંનું પુરૂં થતાં વાર નથી લાગવાની.'

—◎—

બૈરી—પ્યારા, મને પાંચ રૂપ્યાની અગત્ય છે, વાસ્તે એટલા પૈસા મને આપશો?

ધણી—મારી પાસ ખીસામાં કાંઇ ખુરદો હશે; પણ રૂપ્યા તો નથી.

બૈરા—હું જાણતી હતી કે તમે એવો જવાબ દેશો તેથીજ તમારા ખીસા માંહેથી પાંચ રૂપ્યાની નોત મેં ગઇ રાતરે કાઢી લાખી હતી.

—(0)—

એક શખસ એક વેળા મ્યુઝીઅમ જોવા ગ-યો જ્યારે તે ત્યાં ઓલીવર ક્રામવેલનાં માથાંની ખોપડી જોઇ બોલ્યો, 'એ કાંઈ મોટાં માણસની નથી?' ખરી વાત, સાહેબ, પણ એ જ્યારે ક્રામવે-લ નાનો છોકરો હતો ત્યારે તેની ખોપડી હતી.

—◌—

બેહેરામ—બાઈ, તું મને મરે મરે કહેચ પણ માતીદા મરેચ નહિ, ઘણા વરસ જીવેચ.

બાઇ—બૈરાં વધારે વરસ જીવે છે.

બેહેરામ—હું ૧૦૦ માણસ દેખાડું જેઓ પોતાની બપાઈ મમાઇ મુવા પછી જીવતાં રહેલા છે. બૈરાં શું ઘણા જીવે? માતીદા જીવેચ.

—◌—

એક નાની છોકરીએ પોતાની ચાર વરશની બેહેનને એક તારો દેખાડી કહયું કે પેલો તારો જે દેખાય છે તે આપણી પૃથ્વી કરતાં પણ મોટો છે. બેહેને જવાબ દીધો, ત્યારે તેથી વરસાદ કેમ અટકતો નથી!

—◌—

પ્રોપ્રાયતરી હાઇ સ્કુલમાં કોમ્પોઝીશન (વિ-ષય) ની બાબત છેક નીચલા કલાસમાંથી શીખવે છે

ત્યાં એક માસ્તરે એક નાના બાળકને પુછ્યું કે 'પાંઉ શુ કામમાં આવે છે?' એક ચબરાક બાળકે જવાબ દીધો, 'સાહેબ, તે માખણ ચોપડવાના કામમાં આવે છે.'

—⊕—

'અગર મારા મિત્ર મેં જો કઠોર શબ્દ કદી તમને વાપરયા હોય તો તે હું પાછા ખેંચી લઉં છું.'

'ખરી વાત પાછા ખેંચી લેવો છો કે વળી ફરીથી વાપરવા તમને કામ લાગે.'

—⊕—

જોવોની, ભાઇ, આ મરઘી તરૂ તો નથી.
હું તે પારખી શકું છું.
તે કેમ ભાઇ!
દાંતમાંથી.
પણ મરઘીને તો દાંત હોય નહિ!
નહિ હોય તો મને છેની? રે ઉપરથી.
ઠીક, ત્યારે આવજો, સમજ્યા.

—⊕—

એક ગામડીયો પારશી એક મીજલશમાં ખુરશી ઉપર બેસવા જતો હતો એટલામાં એક મશકેરાએ તે ખુરશી પછવાડેથી ખેંચી લીધી જેથી બાપડો દેવ જેવો ચીભડાંની માફક ઝીકાઇને જમીન ઉપર પડયો. તે ચિરડાઇને ઉઠયો અને પેલા મશકેરાની ખબર લેવા દોડયો, જ્યારે તે તેને હસાવવા બોલ્યો, 'અરે જાઓ, મારા ભાઇ, તમારાથી એટલું હસવાનું તામોશ કરી શકાતું નથી?' પેલો ગામડીયો સઘળાના દેખતાં અખાડા કરી ગયો અને કાંઈ વિચાર કરતો બહાર નીકળ્યો. થોડીક વારે તે એક વાસણમાં કાદવનું પાણી તથા ઘોડાનો ચાબુક લઇ આવ્યો, પાણી પેલા મશકેરાનાં મો તથા આખાં દિલ ઉપર રેડયું અને ચાબુકથી તેની ઉપરાચાપરી ખબર લીધી; જેથી પેલો મશકેરો અતિશય ચિરડાઇ ગયો જ્યારે પેલાએ આંખ મીચીને તેને ખુબ ઠોકયો અને પછી કહયું, 'અરે જાઓ, મારા ભાઇ, તમારાથી એટલું હસવાનું તામોશ કરી શકાતું નથી?'

ધણી—મારી પ્યારી, તું એટલી ખુબસુરત છે કે તારી જોડ મળવી મુશકેળ છે.

બૈરી—હું પણ તમારા વિશે એવું બોલી

શકતી હોત તો કેવું મજાહનું થાત.

ધણી—અલબતાં તું પણ મારો માફક જુઠું બોલે તો તેમ કરી શકે.

—(o)—

વિચાર પારખનાર એક શખસે થોડાક વખત એક માણસનાં કપાળ ઉપર હાથ મુકી તે પાછો ખેંચ્યો અને પછી તેનાં નાક ઉપર જોરથી એક ફટકો લગાવ્યો. પેલા શખસે તેમ કરવાનું કારણ પુછયું જ્યારે તે બોલ્યો કે 'હું મુર્ખ છું એવું તું મારા વિશે વિચારતો હતો.'

—⊜—

એક ગામડયા છોકરાને માજીસ્ત્રેત આગળ ઉભો કરવામાં આવ્યો હતો. તેના ઉપર એવું આરોપ હતું કે તેણે એક ગામડયન જે તળાવમાં ઉતરતી હતી તેને હડસેલો મારયો. છોકરે પોતાના બચાવમાં કહયું 'સાહેબ, મેં આચકો મારયો નથી, હજી તો હું આચકો મારવા જતો હતો, એટલામાં તે અંદર પડી.'

માજીસ્ત્રેત—આચકો મારવો યા તેમ કરવા જવું એ એકજ છે; વાસ્તે તું દશ રૂપ્યાનો દંડ આપ યા દશ દહાડા તુરૂંગમાં જા.

છોકરો—સાહેબ, દંડ આપવાને મારા પાસ કાંઈ નથી; પણ જો હુકમ આપો તો મારા ઓળખીતાઓ પાસેથી માંગી લાવું.

માસ્તર—જા, જલદી આવજે.

છોકરો થોડીક વારે પાછો ફરયો અને બોલ્યો, 'સાહેબ, મને કોઇ આપતું નથી.'

મા.—ત્યારે તું તુરંગમાં જા.

છો.—અરે સાહેબ, તમારા કહેવા મુજબ દંડ આપવો અને દંડ આપવા જવું એ બંધે એકજ છે; વાસ્તે મને છોડી દેવો જોઇએ.

———o———

મા.—ભાઇ જરા માખણ લેની બા.

દીકરો—નહિ, માજી, હું તેમ્પરન્સ સોસાએતીમાં સામીલ છું. મને ગીલદરે કહયું છે કે કાંઇ પણ સ્ત્રોન્ગ લેવું નહિ.

———

પણ તમે બૈરાં છોકરાંનું પુરૂં કરવાને શકતીવાન છો કે મારી છોકરીનો હાથ માંગવા આવ્યાચ?

'પણ, શેઠજી, મને બૈરાં છોકરાં છે કાં હાં? હું તે શોધવાજ આવ્યો છું.'

———

દરદી—આ સેનીતેરીઅમના માલેકને હું મળવા માગું છું.

મેનેજર—તેઓ પોતાની તનદરોસ્તી માટે બહાર ગયા છે.

દરદી—ત્યારે મારી દેહ અહિં કેમ સુધરશે.

જમનારો (હોતેલમાં)—છોકરા, અહિં જો, આ વાણી કાંઈ ઘણી બેસ્વાદ લાગે છે. એમાં કાંઈ કોપરેલનો સ્વાદ લાગે છે.

છોકરો—એમાં કાંઈ દમ નહિ, સાહેબ, એ તો જેનો જેવો સ્વાદ. કોઈનાં મોનો સ્વાદ બગડેલો હોય. કોઈને કાંઇ ગમે અને કોઇને કાંઇ. સ્વાદની બાબદમાં રકઝોક કરવી ફોકટ છે.

એક શખસની પાસેથી તેનો મિત્ર પોતાના ઘોડા ઉપર પસાર થતો હતો જ્યારે તેણે પુછ્યું, 'કેમ, દોસ્ત, હું તારી પછવાડે બેસું કે?'

'બેલાસક, પણ એકજ ઘોડા ઉપર નહિ,' સ્વારે જવાબ દીધો.

એક મુકદમામાં એક સીપાઈને પુછવામાં આવ્યું કે 'તું આ કજીઆ માહેલી સ્ત્રી વિશે જે જાણતો હોય તે બોલ.' સીપાઇએ જવાબ દીધો, 'સા-

હેબ, તેણીની પડોસણ જે કાંઈ તેણી વિશે કહે છે તે શિવાય હું બીજું કાંઇ જાણતો નથી. પણ મારા વિચાર પ્રમાણે એક ઓરત બીજી વાસ્તે જે કાંઇ બોલે તે માનવા જોગ નથી.'

આ દુન્યા ખરેજ નાપાયદાર છે.

એક કન્ત્રાકતર—ત્યારે તો એને બાંધવાનું કન્ત્રાકત અપાયું હશે જેથી એમાં સારૂં કામ લેવાયું નથી.

સેઠ—ગુમારતા, તુંએ આ મુર્ખાઈનું કામ કરયું છે.

ગુમાસ્તો—સાહેબ, મેં એ કરવામાં તમારી નકળ કરી છે કારણ તમે મને ચાકરી રાખતી વેળા કહયું હતું કે જેમ તમે કરો તેમજ મારે કરવું.

વકીલો કેટલીક વેળા સાહેદીઓને ગુંચવાવી ધા તેમની પાસેથી કાંઇ જોઇતું બોલાવવા મુકદમા લંબાણ કરી મુકે છે પણ ઘણીક વાર તો સાહેદીઓ પણ એવા હોય છે કે તેમની તપાસ સાર વગર લંબાણ થઇ પડે છે જે હેઠળ જણાવેલી વાત ઉપરથી જણાશે :—

ગયો હતો ત્યાંથી પાછો ફરતાં સાડા આઠ વાગી ગયા. બહારના દરવાજા આગળ એક ઘરડો પારસી સુતો હતો, તેને પેલા છોકરે હાક મારયો.

એ કોણ છે રે?

'કાકા મેહેરબાની કરી બારણું ઉંઘાડો.' કાકો મિઝાજી હોવાથી ઉઠીને બારણું ઉગાડવાને બદલે બોલ્યો, 'કાયદા પ્રમાણે તમે આજની આંખી રાત બહાર રહો.' આખરે પેલા છોકરે એક પાવલી બારણાની ફાટમાંથી કાકાને આપી એટલે બારણું ઉંઘડયું.

જરા ધીમે પગલે ઓરડામાં જજે, નહિ તો માસ્તર જાણશે.

અરે પણ, કાકા, જરા સબર કરો મારી એક ચોપડી બહાર કતેરા ઉપર ભુળી આવ્યો છું વાસ્તે જરા મેહેરબાની કરી લાવી આપો, મારાં બુતને નાળ છે વાસ્તે તે અવાજ કરશે નહિ તો હું જતે.

પાવલી ખીસામાં પડયાથી બે દહાડાનો ટકોરો તથા ટપકીરની ખુશાળી તેને આવી હતી માટે તે બહાર ગયો અને અંધારામાં ચોપડી શોધવા લાગો. છોકરે તરત બારણું બંધ કરી નાખ્યું. કાંઈ નહિ મળવાથી તથા બહાર થંડીને લીધે તે ધુજવા લાગો તેથી તેણે બારણા ઠોકયાં પણ છોકરે ઉંઘાડયાં નહિ.

એ કોણ છે, રે?

ઉંઘાડ, ભાઇ, ઉંઘાડ; અહિં થંડીમાં મરી ચાલ્યો.

ઓ હો, કાકા તમે છો કે? પણ તમે જાણોચ, કાકા, આહિનો કાયદો શું છે તે? બારણું ઉઘાડવાનું તો મારૂં મન થાયચ પણ કાયદાથી મને અટકવું પડેચ.

અરે, છિ છિ! હું થંડીથી મરવા પડયો. બહાર ટાઢ બહુ લાગેચ.

ઘણીજ.

વાસ્તે, ભાઈ, હવે જલદી કર, અને ઉંઘાડ.

પણ કાયદો કેમ તમે ભુલી જાઓચ?

મેં તારા માટે ઉંઘાડયું હતુંની?

અરે, હા, ખરી વાત!

બારણું ઉંઘાડ, બાપા, પછી બધી વાત કર.

શું કાકા?

અરે મુવો કાકો. મારી કાંહાં કમબખ્તી લાગી હતી કે બારણું ઉંઘાડયું!

તેમાં શું થયું.

અરે, બાપુ, બારણું ઉઘાડ. અહિં તાઢે મરવા પડયો છું.

તાઢ ઘણી હશે!

અરે, ભાઇ, મને અંદર લે; પછી બધું પુછ.

કાકા, ઓધવાનું સાથે રાખ્યુંચ કે ? તાઢમાં કેમ રહેશો ?

અરે બારણું ઉંઘાડ, મારો બાપ કરૂં.

મને બાપ કરશો ?

અરે બપાવો કરૂં, બારણું ઉંઘાડ ?

પણ કાયદો ! નહિ, કાકા, મારાથી કાયદો નહિ તોડાય.

પણ મેં તારા માટે કેમ કાયદો તોડયો.

તે કાંઇ અમસ્થો નહિ.

હા, બાપાવા મારા, અમસ્થો નહિ. તું તો હંમેશ મેહેરબાન છે; વાસ્તે એક બીજી મેહેરબાની કર અને ઉંઘાડ. પરમેશ્વર તને બહુ વિદ્યા આપશે.

પણ પેલી પાવલી ?

તે તો મારી ટપમાં છે. ઓ બાપારે ! આ પવનના સપાટા !

ટપમાં પાવલી છે તો સપાટા ખમો.

પણ મને થંડી લાગેચ તે ?

તેને શું ! ઘણી થંડી લાગશે, જરા લખલખું ચઢશે, આંગ ધ્રુંજશે, પગ કાંપશે, એટલુંજ કે નહિ, પણ તે બધાથી શું થવાનું છે ? પાવલી તો કાકાજીની ટપમાં બીરાજેલી છે.

અરે બસ આ બારણું ઉઘાડ, મારો બાપો કરૂં.

હવે તો બાવો થવશ, બાપાવો થવશ, અને મમાવોબી થવશ. કાકાજી, હું કેમ તમારો બાપાવો કહેવાઉં! જરા વિચારીને બોલો.

પણ, ભાઇ, હવે માફ કર મારાથી થંડી જરા ખમાતી નથી. ખોદા ખાતર માફ કર.

કાકાજી, તમને થંડી ઘણી લાગતી હશે.

અરે બાપુ ઘણીજ.

ત્યારે તેનો ઉપાય કાં નહિ કરી નાખતા.

તે શો ઉપાય.

સેહેજ છે કે પેલી પાવલી જે રસ્તે મેં સેડવી હતી તેજ રસતે તમે સેડવી નાખો.

પાવલી પાછી આપું!

હા, જોઇએચ તો, મારો બાપો કરૂં.

પાવલી પાછી આપું!

તમને થંડી લાગેચ કે?

ઘણીજ, અને હવે તો તદન ધ્રુજું છું. લે, ભાઈ, તપાસી લે.

એક હાય સાથ પાવલી અંદર સેડવાઈ અને કાકા ઘરમાં ઓઘી પોધીને પડયા.

બૈરી—મુવા તારૂં ભેજું ઠેકાણે નથી; દેવાનું શાગુંચ.

ધણી—ખરી વાત, જ્યારે તારાસાથ હું પરણવા નીકળ્યો ત્યારે કોઇએ મને એમજ કહયું હતું.

—(o)—

એક વેળા એક દાકતર અને એક વકીળ બંધે સાથે જતા હતા. તેમને જોઇ એક મશકેરો બોલ્યો, દાકતર અને વકીલની હમાજોર થાય એટલે તેઓ રાહમારનું કામ કરે.'

'તે શી રીતે, કોઇએ પુછયું.

'બંધેનું કામ શું તે તમે નથી જાણુતા? બંધેને શું જોઇએચ, 'તમારા પૈસા નહિ તો તમારી જીંદગી.' દાકતર કહેશે કે પૈસા આપો તો તમારો જીવ બચાઉં; અને વકીલ કહેશે કે પૈસા આપો તો તમને ફાંસી જતા બચાઉં.'

—:o:—

વિકતોરયા નાટક મંડળીનો એક નાટક જોઈ આવ્યા પછી એક જોનારને બીજાએ પુછયું બધા નાટકીઓમાં સર્વથી સરસ કયો છે? જ્યારે જવાબ મળ્યો કે 'મામ્પતર,' કારણ જો કે તેનું બોલેલું મેં ઘણું સાંભળ્યું તો પણ તે મને જરાએ દેખાયો નહિ.

—(o)—

એક માતબર સ્ત્રી—અફસોસ! હજી હું ૪૦ વરશની છું ને અત્યારમાંથી મારી ચામડીની કરચલી કેમ વળતી હશે! આટલી બધી મારી દોલત શા ખપની કોઈ કરચલી વળતી અટકાવે તો તેને જોઈએ એટલા પૈસા આપું.

એક મરદ—બાઈ એક જન પાસ એનો ઉપાય છે, ખરો; પણ તેથી આવરદા ટુંકા થાય છે.

સ્ત્રી—પણ ચામડી કરચલી વગર સાફ રહી શકતી હોય તો તે ઉપાય હું અજમાવીશ.

કેમ, બાઈ, આ પાસે થમકીબાઈ રહેતાં હતાં તે ક્યાં ગયાં છે; આ અઠવાડયાંમાં ત્રણ ફેરા ખાઈ ગયો બારણું પણ ઠોકી જોયું તોએ કાંઈ જવાબ મળતો નથી.

તે કોણ જાણે બા, પણ થમકીબાઈ મારી આગળ એવું કાંઇ બોલ્યાં હતાં કે તમે બારણું ઠોકોચ ત્યારે તેવણ તરત સમજી જાયચ કે તમે છો.

કેમ ભાઈ, શું વિચાર કરોચ?

અરે બળ્યો વિચાર! તમે સાહેબ મને ઘણું ખરાબ લગાડોચ. તમે પાંચ મીનીત બહાર જાવો છો તો ખાણાંને કળ દઈ જાઓ છો. શું હું ચોર ; બોર છું?

એક કેસમાં એક બારીસ્તર પોતાની બાજુનો ફેસલો પુરો થયા છતાં બોલ્યા કરતો હતો. તેને ન્યાયાધીસે તેમ કરતાં અટકાવ્યો, તો પણ તેણે બોલવાનું ચાલુ રાખ્યું, જ્યારે ન્યાયાધીસે તેને જણાવ્યું કે 'સાહેબ, હવે બોલવાનું કાંઇ કામ નથી; જે કાંઈ તમે મને કહો છો તે એક કાનમાં દાખલ થઇ બીજા કાનમાંથી બહાર નીકળે છે.' બારીસ્તરે જવાબ દીધો કે 'મારા સાહેબ, એમાં અજાયબ જેવુ કાંઈ નથી; કારણ, બહાર જતું અટકાવવાને વચમાં કાંઈ હશે નહિ.'

—(o)—

મશ્કેરો—છગણ, એક સ્ત્રી બહુ ખુબસુરત છે, તે તારા સાથ ઓળખાણ કરવાને ઈંતેઝાર છે.

છગણ—હું સાંભળીને ઘણો ખુશી છું-ઘણી સુંદર હશે-હું ધારૂંચ કે મારા દેખાવ ઉપર તેણી મોહીત થઇ પડી હશે, નહિ વારૂં?

મ—બહુ, તેણીનો વિચાર તારા ઉપરજ બેસી ગયો છે.

છ—મારા ઉપર, વાહ! કેવો હરખ!

મ—તેણી એવું સમજેચ કે, તેણીના કુતરાની માવઝત તું સારી રવેશે કરી શકશે, તથા તેને રોજ ફરવાહરવા લઈ જવામાં તું ઠીક કામ લાગશે.

યુરોપ ખંડ પશ્ચિમમાં છે, અને સુરજ પશ્ચિમ દિશામાં કદી ઉગતો નથી, એ વાત જાણી આપણા લાલ બુઝરગ હંદેસામાં પડયા કે સુરજના ઉજાશ વગર યુરોપનાં લોકો શી રવેશે એટલા હુશિયાર અને સુધારામાં આગળ વધતા હશે!

એક રાહમારૂ ખુણી એક વખત એક ખાનગી ઘરમાં ખરાબ નિષ્ટાથી દાખલ થયો. ઘરના એક ઓરડામાં ચેરાગ બળતો હતો, તેથી તે ઉંબર ઉપર વિચાર કરતો ઉભો; પણ એટલામાં એક સ્ત્રીએ આવી તેને તોટામાંથી પકડયો અને મોહોલ્લામાં ઘસડી લઈ જઇ નાંખ્યો. ચોર ગુંગળાયલી હાલતમાં પુલીસની નજરે પડયો, જેઓએ તેને ઓળખ્યો. બીજા દિવસના વર્તમાન પત્રોમાં લોકોએ વાંચ્યું કે મોટો પ્રખ્યાત ખુણી ફલાણી ઓરતની મરદાનગીથી પકડાયો છે, તે વાંચી ઘણાઓ તેણીની હીંમત વિશે તેણીને મુબારકબાદી આપવા ગયાં, જ્યારે તેણીએ પોતાની અચરતી જણાવી જવાબ દીધો કે, 'મારો ધણી રોજ રાતના મોડો આવે છે, તેથી આજ રાતે તેને બહાર હાંકી કાઢવાના હેતુથી ભુલમાં મારાથી એવું બની ગયું છે.'

એક શખસ નવો ચીતારો બન્યો અને પોતાનું કાંઈ ચીતારેલું પોતાના દોસ્તોની મંડળીમાં પોતાની ચાલાકી દેખાડવા બતાવવા લાગો જ્યારે તે જોઇને તેમના માંહેલા એકે પુછયું કે, આ શુ કોઇ ફુલ પાડયું છે કે કોઈ જનાવર છે?

બૈરી—મુવા તારૂં ભેજુ ઠેકાણે નથી; દેવાનું લાગુંચ.

ધણી—ખરી વાત, જયારે તારાસાથ હું પરણવા નીકળ્યો ત્યારે કોઈએ મને એમજ કહયું હતું.

એક વેળા એક દાકતર અને એક વકીળ બંધે સાથે જતા હતા. તેમને જોઈ એક મશકેરો બોલ્યો, દાકતર અને વકીલની હમાજોર થાય એટલે તેઓ રાહમારૂનું કામ કરે.

'તે શા રીતે, કોઇએ પુછયું.

'બંધેનું કામ શું તે તમે નથી જાણતા? બંધેને શુ જોઇએચ, 'તમારા પૈસા નહિ તો તમારી જીંદગી.' દાકતર કહેશે કે પૈસા આપો તો તમારો

જીવ બચાઉં; અને વકીલ કહેશે કે પૈસા આપો તો તમને ફાંસી જતા બચાઉં.'

—⊜—

એક માતબર સ્ત્રી—અફસોસ! હજી હું ૪૦ વરશની છું ને અત્યારમાંથી મારી ચામડીની કરચલી કેમ વળતી હશે! આટલી બધી મારી દોલત શા ખપની! કોઈ કરચલી વળતી અટકાવે તો તેને જોઇએ એટલા પૈસા આપું.

એક મરદ—બાઇ એક જણ પાસ એનો ઉપાય છે, ખરો; પણ તેથી આવરદા ટુકા થાય છે.

સ્ત્રી—પણ ચામડી કરચલી વગર સાફ રહી શકતી હોય તો તે ઉપાય હું અજમાવીશ.

—(o)—

કેમ, બાઇ, આ પાસે થમકીબાઇ રહેતાં હતાં, તે કયાં ગયાં છે. આ અઠવાડયાંમાં ત્રણ ફેરા ખાઇ ગયો, બારણું પણ ઠોકી જોયું તોએ કાંઈ જવાબ મળતો નથી.

તે કોણ જાણે બા, પણ થમકીબાઇ મારી આગળ એવું કાંઇ બોલ્યાં હતાં કે તમે બારણું ઠોકોચ ત્યારે તેવણ તરત સમજી જાયચ કે તમે છો.

—⊜—

એક વખત કાતરીઆં ખાલીવાળો પુરૂષ એક ચીતારા પાસ ગયો અને બોલ્યો, 'મારી સબી એવી રીતે પાડ કે એક ઝાડની પછવાડે ઉભેલો હોઉં, કે જ્યાં મને કોઇ જોય નહિ.'

—(o)—

એક દાકતરની સ્ત્રી પોતાનાં ઘરની બારીએ ઉભેલી હતી, જ્યારે તે રસ્તેથી કોઇની પાયદસ્ત જતી હતી. પાયદસ્ત સાથ પોતાના ધણીને ચાલતાં જોઇ તેણી બોલી, 'જાણે એક દરજી પોતાનું કરેલું કામ ઘર આપવા જાય છે.'

એક ગામડયો મુંબઈ ચાકરી આવ્યો ત્યારે તેણે પોતાના ભાઇ ઉપર સુરત કાગળ લખ્યો કે તેના માટે તાકીદેથી સુરતી જોડા મોકલી આપે. ભાઇએ જોડા લીધા અને તેલીગ્રાફના તાર ઉપર લટકાવ્યા, કે જલદી પુગે. થોડીક વારે ખેતરમાંથી કામ કરીને કોઇ મજુર ઘર જતો હતો, તેની નજર પેલા જોડા ઉપર પડતાં તેણે તે ઉતારીને પેહેરયા, અને પોતાનાં જુનાં ખાસડાં તેની જગાએ લટકાવ્યાં. કલાક એક પછી પેલો ભાઇ ત્યાં આવ્યો અને જુનાં ખાસડાં જોઇ ખુશી થતો બોલ્યો, 'વાહ, જોડા કેટલી ઝડપથી મુંબઇ પુગા! મારા ભાઇએ

નવા લઇને જુના અહિં મોકલી પણ આપ્યા છે.'

એક અંગ્રેજ તડકામાં ફરયાથી ઘઉના રંગનો બન્યો હતો, તેને જોઈ એક ગામડયો બળાપો કરી બોલ્યો, 'રે ખોદા, શુ ગજબ થાયચ કે જ્યારે આ ગોરા લોકો આવી હાલતે કાળા થઇ જાય છે ત્યારે કાળા આદમીનો તે કેવો રંગ થઇ જશે.'

—(o)—

એક ખરાબ સ્વભાવની ઓરતે ચીડની માર પોતાનાં ગળાંમાં ફાંસો દઇ આપઘાટ કરવાની કોશેસ કીધી. તેના ઉપર કેટલાકોની નજર પડવાથી તેઓએ તેણીને બચાવી લાધી. તેણીના વરને તે ખબર પડી ત્યારે તે બોલ્યો કે 'પારકાઓનાં કામમાં માઠું ઘાલવાની લોકોને શી જરૂર, તેઓ પોતપોતાનું સંભાળતા કાં નહિ!'

એક ખુણીની તપાસ વેળાએ સઘળા જુરીવાલાઓએ તેને ગુનાહગાર ઠરાવ્યો, જ્યારે તેમના માંહેલો એક બોલ્યો, 'આપણે એને ફાંસી ચઢાવશું તો એનો જીવ આપણા માંથે ભમ્યા કરી આપણને હેરાણ કરશે, વાસ્તે છોડી દીયેલો ભલો.'

એક સ્ત્રી હંમેશ બીજીઓ જેઓ પોતાના ચેહેરા ઉપર રંગ યા પાઉડર લગાડતી હતી, તેમની પછવાડે નીંદા કરતી હતી, જયારે દાકતર જોહનસને એક વેળા તેણીને નીચલા સખુન કહયા, કે જેથી તે સદા ખાંમોશ રહી:—

જે ઓરતે પોતાના પડોસીની આબરૂને કાળો રંગ (કલંક) લગાડવાની ઇચ્છા કરે તેના કરતાં જે ઓરતો પોતાને મોંહોડે લાલ રંગ ચહડાવે તે હજાર દરજજે સારી કહેવાય.

—◎—

એક દરજી એક દાકતરનો ડગલો શીવી લાવ્યો જે તને બેસતો ન આવ્યાથી દરજીને પાછો લઈ જવો પડયો. બીજે દહાડે એવું બન્યું કે દાકતર અને દરજી બધે એક ઠેકાણે પાયદસ્તે ભેગા મળ્યા, જયારે દરજીએ દાકતરને કહયું, 'તમે ઘણા ભાગ્યશાળી દીસો છો.'

દાકતર—કેમ, ભલા.

દરજી—કારણ તમારા હાથે બગરેલું કામ તમો ઉપર પાછું મોકલવામાં આવતું નથી.

—◎—

એક અહસ્થ રસ્તેથી જતો હશે, તેને ખહીશી પીટાનો એક શખસ મળ્યો. તે શખસ આસ્તે ચા-

લતો હતો, તે જોઇ પેલો ગ્રહસ્થ બોલ્યો, 'કેમ ભાઇ કાંઈ આહેસ્તે ચાલો છો.'

દરદી—ખરી વાત પણ હવે હું ઝડપથી ગનુંચ.

એક શખસ એક ઘણીજ બટકી ઓરત પરણી લાવ્યો જ્યારે લોકો તે વિશે કાંઇ ઇસારો કરતાં ત્યારે તે બોલતો કે ખોદાએજીએ તેને ઘણી કીમતી ચીજની ઘડેલી છે કે જે જો વધારે વપરાતે તો ખોદાયજીને ભારી પડી જતે.

શખસ—ઘરધણી ઘરમાં છે?

નોકર—કેમ કાંઈ અગત્યનું કામ છે?

શખસ—નહિ, કાંઇ દમ જેવું નહિ; એટલુંજ કે આ ઘરમાં આગ લાગી છે.

શિક્ષક—કેમ, ધનજી, આ સેહેલી બાબદ તું સમજતો નથી?

ધનજી—અરે સાહેબ, તેનું કારણ એ છે કે મને ઘણી બાબદો શિખવાની હોય છે, તેથી સમજવાને વખત મળતો નથી.

એક શખસ લખે છે કે જો કોઈ ઓરત આપણને ચુંમા લેવા દે નહિ તો જાણવું જે તેણીની ચુંમીમાં વધુ મીઠાશ આવે છે.

—⊜—

'મારી પ્યારી તું મને એટલી બધી વહાલી લાગે છે કે તારા ખાતર હું ચાહે તો દુન્યાને છેડે પણ જઇ આવું'

'ઠીક, મને પણ એવુંજ જોઇએચ. માતીદા ઘરમાં ભરાઇ રહે તે સારૂ નહિ.' એટલું કહેતાં તેણીએ તેને ગાંસડાં પોટલાં બાંધી આપ્યાં.

—⊜—

અરે બા તું એમ કામકાજ વગર રહેશે તો હાજતમંદ થઈ પડશે.

ખરી વાત, કાકા સાહેબ, તમે કહોચ તેમ હું તમારી બેટીના હાથનો મોટાજદાર થઈચુકોછું ને!

કાકા ડોળા ઉંચે કરી મોઢું જોવા પડયા.

—(o)—

કેમ સેઠ તમારાં ધણીઆણી આ મીજલસમાં આવ્યાં હશે.

હાજી, પેલાં સર્વની વચમાં મોટા રેશમી સોફા ઉપર બેઠાંચ તેવણુને તમે દીઠાં.

ઓહો, એ તો મોટે ઘરનાં હમબાઈજી છે;

વાહ! તમે કેવા ભાગ્યવંત! સેઠ માફ કરજો મારાથી બેઅદબી થઇ. મુરબ્બી સાહેબ, ગરીબ સેવક ઉપર મેહેરબાની રાખજો. મને ખબર નહિ કે તમારાં ધણીયાણી એવણ છે.

એ હમબાઇજીને દીઠાં કેની?

હા સાહેબ, એવણ તો અડબી મુંબઇનાં મુરબ્બી છે. વાહ, કહેશે તમારાં મોઢાં ઉપર એવણની વડાઇ કરેચ; પણ બસ બોલોના, સાહેબ. એવણ સર્વનાં માવતર છે. હા એવણજ.

હા એવણ.

મુરબ્બી સાહેબ, તમારી સેવામાં મારૂં સર તઇયાર છે, કાંઇ હુકુમ ફરમાવોની સેવક સેતાબીથી બર લાવશે. મુરબ્બી હમબાઇજી ઉઠયાં.

હું, હવે તેવણની પછવાડે પંખો નાખતાં ઉભાંચ તે દીઠાં.

હા, પેલી તેમની દાસી કાળી.

હા, તેવણ મારાં ધણીઆણી છે.

તેવણ તારાં ધણીઆણી! અરે તારૂં અત્યાપાઠ થાય ત્યારનો એમ ભાંસની કે આંધળે બેહેરૂં કુટાય નહિ.

કેમ બોદાદાદ, તને મારાં દુકાણમાં ચાકરી

રહયાને છ મહીના થયા છે, અને મારૂં કામ સઘળું જોઇ ચુકો છે વાસ્તે બોલ કે તે સઘળાં કામમાંથી તું કયું કામ કરવાને ખુશી છે ?

ખોદાદાદ—દુકાણ બંધ કરી ઘર જવાનું.

—(o)—

એક કાકા એક ઠેકાણે પરોણા ઉતરયા. ઘરધણીઆણીને ટાઢીમીઠી રાખવા તેણીના દીકરાને રમાડવા પડયા. તેને પોતાના પગ ઉપર સ્વાર કરયો અને મોઢેથી ખુડુક, ખુડુક. કરી અવાજ કરી તથા પગ હલાવી છોકરાને પુછયું કેમ બા આ ઘોડો તને કેવો ગમે છે.

ગમેચ તો ખરો; પણ જેટલો ખરા ગધેડા ઉપર બેઠો હોતું તેટલો નહિ.

દુધવાળો—(પોતાના માણસને) કેમ પોરયા, આ દુધમાં પાણી કાં તેં રેડયું.

માણસ—કાં સાહેબ, તેમ કરવાને .તમે પોતે મને કહયું હતું.

દુધવાળો—મેં તને દુધમાં પાણી ભેળવા કયારે કહયું હતું. મેં તો તને એમ કહયું હતું કે દુધ દોહવાના તામડામાં પેહેલાં પાણી રેડી પછી તેમાં દુધ દોહોવું કે કોઇ આગળ સોગંદ ખાતી વ-

ખત જુઠું નહિ બોલાય.

માણસ—જુઠું તો ખરૂં, સાહેબ.

દુધવાલો—નહિ આપણે કયાં દુધમાં પાણી ભેલાયે છિયે; આપણે તો પાણીમાં દુધ ભેલીએ છિયે.

જડજ—(બેલીફને) કેમ, ગઇ રાત્રે તેં જુરીના મેમ્બરો સાથ કાંઇ પણ વાત કીધી હતી કે?

બેલીફ—નહિ, સાહેબ; તેઓ આખી રાત ખાવાનું અને બ્રાન્ડીમાટે મારૂં માથું ખાઈ ગયા પણ મેં તેમને સાફ જણાવ્યું કે તેઓ સાથ કંઇ પણ બાબદવિશે વાત નહિ કરવાને મેં સોગંદ લીધા હતા.

જડજ—શું ત્યારે આખી જુરીને આખો દહાડો અને આખી રાત ભુખી અને તરસી રાખી મુકી? કેવી મુર્ખાઇ!

વીલ્યમ તેલ નામના એક સ્વીસ તીરંદાઝને વાસ્તે કહેછે કે પાદશાહે તેને એવી શિક્ષા ફરમાંવી હતી કે તેણે પોતાના દીકરાનાં માથાં ઉપર એક સેબ ફળ મુકી તીડે તે ઉરાડી મુકવું. તેલ પોતાના દીકરાના જીવની ધાસ્તીમાં તો આવ્યો પણ તેણે

તે અખ્તરો અજમાવ્યો અને તેમાં તે પાર પડયો એ ઉપરથી બે છોકરાઓ તેલ દાવ રમ્યા. એક તેલ બન્યો અને બીજો તેનો છોકરો બન્યો. તીડથી છોકરાના માથા ઉપર મેલેલી નારંગી ઉરાડવાની કોશેસ કરતાં તેની આંખો ફુટી ગઇ અને તદન આંધળો બન્યો.

એક શખસ એવી વડાઈ લેતો કે તે વખત કદી ફોકટ ગુમાવતો ન હતો તેના વિશે એવું કહે છે કે તેણે એવી ગણતરી કરીછે કે તપકીર સુંઘનારાઓ ૪૦ વરશમાં ૨૪ મહીના લીંટ કાઢવામાં ગુજારે છે.

લોકો આગળ ભાષણ કરતાં એક શખસ એવું સમજાવતો હતો કે કુતરાના હડખાં બનવા વિશેની વાત તદન ખોટી છે. હજી તો આ વાત બોલતો હતો એટલામાં એવું બન્યું કે એક પીલા રંગનું કુતરૂં તેના પગ આગળ આવી લાગું જેને જોતાંજ તે લાગલો એક દુકાણ ઉપર ચઢી ગયો.

એક વેળા આપણા ગીલ્દર કેટલાક પારસીઓ આગળ ભાષણ કરી દારૂ નહિ પીવાના ફાયદા વિશે સમજાવતા હતા જ્યારે મીજલસમાં ગોંધાટ

ચાલી રહયો. ખબર કાઢતાં માલુમ પડયું કે એક પારસી ત્યાંજ છાકટ હાલતે દારૂની બાટલી હાથમાં લઇ મસતી કરતો હતો.

—⊜—

એક મશખેરા સેઠીઆને એક સાંજની વેળાએ નવરાં મેદાનમાં એક શખસ મળ્યો જેણે તેને તુરંગ તરફ જવાનો રસ્તો પુછયો મશખેરાએ ઠેકડીમાં જવાબ દીધો 'ભાઇ, તે તો સેહેલો છે. રાહમાં કોઇને લુટો કે ખાસા તમને ત્યાં લઇ જવામાં આવશે.'

સંજોગ એવો બન્યો કે પેલો શખસ એક રખડતો રાહમાર ખુણી હતો. તેણે તરત પોતાના ખીસામાંથી પીસ્તોલ કાઢી કહયું 'ઠીક છે, તમારી શિખામણ તમારા ઉપર હું પેહેલાં અજમાવું છું કારણ તે મારો ધંધોજ છે લાવો તમારો જીવ, નહિતો શરીર ઉપરનુ તમામ.'

લાચારીએ મશખેરાએ સઘળું કાઢી આપ્યું; અને બીજાની ઠેકરી કરવાનો સ્વાદ કેવો હોય છે તે તે દિવસથી શિખ્યો.

—⊜—

સેઠીઓ—કેમ તું અહિ શામાટે આવ્યો છે.

ભીખારી—હું અહિં તંગીને માટે નથી આવ્યો કારણ તેની મારા ઘરે કાંઇ ખુટ નથી ; તે તો અત્યંત છે.

એક અંગ્રેજે દીલ્હીમાં એક શિક્ષકને પુછ્યું કે કલકતાની બાર વાગતેની ગાડી આવી કે નહિ.

શિક્ષક—કઇ ગાડી ? ગઇ કાલના બાર વાગતાની કે આજના ? વખત તો બંનેનો થયોચ; પણ ગઇ કાલની આવી નથી.

☞ જડયું છે—નદીના માથાં પરની તોપી. પવનની પાંખમાનાં થોડાંક પીછાં. પથ્થરનાં જીગરમાંનાં લોહીનાં ટીપાં. ધિક્કારનાં આંગલાંનાં નખ. દિવાના આદમીની નોંધ પોથી. પહાડના પગમાંહેલું ભુત.—ધણીઓને અરજ કરવામાં આવે છે કે તેઓએ ભુતને મળવું, અને બરાબર સાબેત કરીને તથા ખરચ આપીને લઇ જવું.

કેટલાંક વરશની વાત ઉપર સ્વીદનની એક પાઠશાળામાં દશ કે બાર વિદ્યાર્થીઓ કમ્પાઉંડમાં ફરતા હતા. તેઓમા એક ગરીબનો છોકરો જે-

નું નામ કારલ હતું અને બીજો એક ઘણાજ માતબર ઉમરાવનો છોકરો હતો. તે વખતે ત્યાંના વડાની દીકરીએ ઓચીંતો દેખાવ દીધો. તેણી પોતાની બેનમુન ખુબશુરતી અને સભ્યતા માટે જાણીતી હતી છતાં પેલા ભીખારી વિદ્યાર્થીના મગજમાં કાંઈ આડા વિચારનો પવન ફાટી નીકળ્યો.

કારલ—અમીર આપણે આ બાગ છોડીએ તે પેહેલાં પેલી ખુબશુરતીની દેવીને હું ચુમી લઈશ.

અમીર—ત્યારે તો એવું જણાયચ કે તમે એકમેકને ઓળખો છો.

કા.—નહિ, મુદલ નહિ.

અ.—ત્યારેતો તું જે બોલેચ તે પ્રમાણે કરે તો એક ઉમરાવનો વચન પાળી હું તને સાત હજાર રૂપ્યા આપીશ.

આ રકમ પેલા મુફલેસ છોકરાને શ્વપ્ના જેવી લાગી તેથી પોતાના દેલમાં ધારેલું કામ કરવાને ઉશકેરાયો. તે તેણીની નજદીક ગયો અને નમીને સલામ કરવામાં લાવ્યો.

છોકરી—મી. કારલ, મારાબાપને મોંઢેથી તમારી તારીફ મેં ઘણી સાંભળી છે; અને તેથી તમારામાટે મને ઘણું લાગે છે. વાસ્તે મારા લાયક કાંઈ તમારૂં કામ હોય તો બેલાસક ફરમાવજો.

કા.—ઉપકાર માનું છું તમારો; પણ હમણાંજ પેલા અમીર અને મારા વચ્ચે એવું નક્કી ઠરાવ્યું છે કે જો તમે મને ચુમી લેવા દો તો તે મને સાત હજાર રૂપ્યાની એક મોટી રકમ આપે, વાસ્તે બેઅદબીની દરગુઝર ચાહી એટલી અરજ કરૂં છું.

લગાર વિચાર કરયા પછી તેણી તેની નજદીક ગઇ અને પેલા મુફ્લેસ છોકરાને ચુંમી આપી તથા તેના ગાલ ઉપર ચુંમીલઈ પોતાના ઓરડામ ભરાઇ ગઈ.

અ.—સાબાસ! વાહ! તમારી આ ચુંમીતો ઘણી કીંમતી થઇ પડીછે; પણ એટલી રકમની હું દરકાર કરતો નથી. લેવો આ ગણી લો.

તે વખતથી કારલના પોષાકનો દેખાવ ફેરવાયો જેથી તેના સાથીઓ સમજયા કે તેને કોઈ માતબર સગાંનો વારસો મળ્યો હશે.

તે વખત પછીથી કારલ પ્રમુખનાં ઘરમાં પરોણા દાખલ જતો થયો. એમ કરતાં તેણીને પરણવાની તેણીના બાપ આગળ માંગણી પણ કરી જેમાં તે ફાવ્યો.

પ્રમુખ—તારા ઉપર મારો પુરતો ભરોસો છે; પણ મારે જાણવું જોઇએ કે તને પૈસો

કયાંથી મળ્યો હશે.

કારલ—તમારી દીકરી તમને તે વાતથી જાણીતા કરશે.

છોકરીએ સઘળી વાત અવલથી તે આખેર લગીની પોતાના બાપને કહી સંભળાવી જેથી તે ઘણો ચિરડાઇ ગયો અને બોલ્યો, 'કારલ, તું કોઇ ખરોજ લુલ્લડ અને જુવાન લુચ્ચો છે; અને દુકતી, તું—

છોકરી—બાવાજી મેં તો એને ઘણીજ જરા ચુંમી આપી હતી અને તે એટલાજ માટે કે એને મોટી કમાઇ થાય.

કારલ હવે પ્રમુખનો જમાઇ થયો અને સ્વીડન દેશમાં ઘણી પ્રખ્યાતી પામ્યો.

એક દાઢ ચતુર વકીલ એવું કહેતો જણાયો છેકે, જે ઓરત શાથ કોઇને અદરાવું હોય અને તેણીનો પ્યાર કેવો છે તે જો તેણે જાણવું હોય તો એક બીજી ઓરત સાથ તેણે લગન કરવું કે જેથી તને તેણી ચાહાતી નહિ હશે તો તરત જણાઇ આવશે.

એક ઘરમાં આગ લાગી જ્યારે તેમાંના એક

બાકુતે જોયું કે તેની ઘરડી મા આગમાં બળી જશે તેથી તરત તેણે તેણીને આગમાંથી બચાવવા ખાતર ત્રીજે માલની બારીએથી ફેંકી દીધી.

ગામડીયો—એ શેનું બીલ છે ?

ઉઘરાણી કરનાર—દાકતરનું.

ગામડીયો—એમાં શું લખ્યુંચ ?

ઉ—દવાના અને દાકતર મુળાકાત લઇ ગયા તેના પૈસા.

ગા—દવાના પૈસા લે, ભાઇ.

ઉ—અને મુળાકાતના ?

ગા—મુળાકાત તે શું ?

ઉ—દાકતર તમને જોવા આવ્યા તેના.

ગા—તેના શેના ; લાવની તું કહે તો દાકતરને હું પચાશ વખત મળવા આવું તેમાં શું.

શેઠ—સંભાળ, હજામ, મારી મુછ ઉપર અસ્રો શા માટે ફેરવેચ ?

હજામ—કાં સાહેબ ? તમે મને ના કયારે કહ્યું હતું. ફરીથી હજામત કરાવો તો મને પેહલેથી ખુલ્લુ જણાવજો.

શેઠે હજામને જોરથી લાત મારી એટલા

ઉપરથી હેઠળ ગગડાવી મુકયો જ્યારે હજામ રડતો રડતો બોલ્યો, 'કાં, સાહેબ, મને લાટ શીદનેમારી?

શેઠ—પણ તેં મને ના કયારે કહયુ હતું ફરીથી હજામત કરવા આવે તો મને પેહેલેથી ખુલ્લુ જણાવજે.

એક વેળા એક ગામમાં એક પીર મરદ, સફેદ દહાડી અને પોષાક વાળો હાથમાં લાકડી લઇ ખોદાનું નામ ઝબાન ઉપર બોલતો બોલતો જઇ લાગો. તેની બુઝરગી જોઇ લોકો તેને ઇસ્તેકબાળ લેવા ગયાં અને તેનાં ખાણા પીણા, સરપાવ તથા ઉતારા માટે ગોઠવણ કરવા લાગાં. ત્યાંના નગરશેઠની બાયડી તે વખતે પોતાને મહીરે ગઇ હતી તેથી તેમના ઘરમાં પેલા જઇફ પરેહજગારનો ઉતારો મળ્યો. એક ફાલટુ ઓરડામાં એક બીછાણું હતું તે ઉપર તેને સુવાડવામાં આવ્યો.

સવારમાં ઘરધણી અને બીજાઓ તેની મુલાકાટે તથા ખબર અંતર પુછવાને આવ્યા.

ઘર ધણી—મેહેરબાન પીર સાહેબ, આશા છે કે તમે ખુશ કારક રાત ગુજારી હશે!

પીર—તોબાહ? તોબાહ! ઘણી અસુખી.

પીર મરદ ત્યાંથી વહેયા થયા અને જ્યારે બીજે દહાડે ઘર ધણીઆણી મહીરેથી પાછી ફરી ત્યારે ફાલટુ ઓરડામાં જઇ આવી ધણીને પુછવામાં લાવી કે ઘરમાં કોઇ આવ્યું હતું? ધણીએ જવાબ દીધો પીર સાહેબને ઉતારો આપ્યો હતો.

ધણીઆણી—એ ઓરડામાં પીર મરદને ઉતારો આપ્યો હતો ? અરે શું બોલોચ, પીર મરદ? અને અહિ સાંતેળું મારૂં ઘરેણું તે લઈ ગયો ?

—※—

એક જદજ એક બારીસ્તર સાથ દરિયા કિનારે ફરતો હતો એવામાં તેની નજર એક ખુબસુરત નાજનીન ઉપર પડી જેથી પેલા બારીસ્તરને પુછવા માં લાગ્યો કે તે પેલીને ઓળખે છે ! બારીસ્તરે જવાબ દીધો કે તેનીનુ નામ ગલાસ છે. ગ્લાસ ? એવું ગલાસ જો હોટને લાગે તો તે ખચીત ભારી પડે; અને આપણુને છાકટા કરી નાંખે.

—◎—

વહાંણ માહેલો દરદી—નહિ દાકતર સાહેબ, હું કાંઈ દરિયાઈ મંદવાડની ફરિયાદ કરતો નથી.

દાકતર—ત્યારે તમને શું થયું છે !

દરદી—મને તો આ વાહાણ ડોલેછે તેથી ફેર આવેછે ; બાકી, દરિયાની હું કાંઇ દરકાર કર-

તો નથી.

—⊜—

કુવર દોસાં—પરણવું એ ગંભીરાઇની વાતછે.

ભતરીજી—હાજી, પણ નહિ પરણવું એ તેથી પણ વધારે ગંભીરાઇની વાત છે.

—(o)—

જે ધણી હવામાં કિલ્લા બાંધવાનો શોખ ધરાવે તે આ જમીન ઉપર મીલકત ધરાવી શકે કયાંથી?

—⊜—

એક ફાંકડા શેકારીનો એવો રવાઇયો હતો કે તે જુદી જુદી જાતનો શેકાર કરવા જતો ત્યારે જુદો જુદો પોષાક પેહેરતો હતો. એક વેળાએ તેને પોતાના શેહેરના અમીરે પોતાના શેકારગાહમાં બોલાવ્યો, અને એક હરણ નજરે પડતાં કહયું કે તેનો શેકાર કરે; પણ ફાંકડાએ જવાબ દીધો કે તેણે તે વખતે ઉંદર મારવાનો પોષાક પેહેરેલો હતો વાસ્તે હરણ મારી શકાય નહિ.

—(o)—

એક દસ્તુર લોકો આગળ ભાષણ કરતાં એવું બોલ્યા કે બેહેસ્ત એક અંધારો ગાર અને ઘણીજ સીતલ જગાછે કે જ્યાંની થંડી આપણાથી જરા પણ ખમાય એવી નથી. લોકોને તેમ ઉલટું

સમજાવવા માટે કોઇએ તેને ઠપકો આપ્યો જ્યારે તે બોલ્યો કે અગર લોકોને હું એમ સમજાવું નહિ તો લોકોની ત્યાં મોટી ગરદી થાય.

એક શેહેરમાં એક બાળક રેળવેની સડક આગળ રમતાં કચડાઇ ગયું તે વિશેની નોંધ લેતાં શેહેરનાં એક વર્તમાન પત્રમાં લખ્યું હતું કે ક્રિયા એટલી અસરકારક અને એટલી ગંભીર હતી કે રેલ્વેના રસ્તા ઉપર રમવાની ધાસ્તી વીશે બચ્ચાંઓના મન ઉપર તે અસર કરયા વગર રહેશે નહી.

એક માતબર સ્ત્રી એક ગાંધી આગળ ગઇ અને દાંત સાફ કરવાનો બ્રશ માંગયો. ગાંધીએ એક આપ્યો જ્યારે તેણી બોલી કે મારે એકજ દાંત સાફ કરવો નથી પણ બધાજ કરવાને વાસ્તે ૩૨ બ્રશ આપો.

દોસાં—જી ભરૂં માસ્તરજી, ઓલુ કીધું મારા બાપ ધનજીશાહને તમારી નિશાળે ચાકરી રાખો, લોકો કહેજે એ સુધરશે.

માસ્તર—પણ એને કાંઇ આવડેચ કે?

ધનજીશાહ—હાજી, થોડું અંગ્રેજી અને ગુજ

રાતી વાંચતાં આવડેચ.

મા—તમને શું આવડેચ ?

ધ—હાજી, કહું. તોબાકો એટલે તમાખુ, લીકર એટલે દારૂ, સ્પીરીચુઅસ લીકર એટલે બેવડો દારૂ, તોડી એટલે તાડી, ગેમ્બ્લીન્ગ હાઉસ એટલે જુગારખાનું, કાફી હાઉસ એટલે કાવાખાણુ.

મા—બીજું કાંઇ આવડેચ ?

ધ—હાજી, ઘણું; દીબાચરી યાને રંડીબાજી, દાઇસ યાને પાસા, કાર્દ યાને પાણા, ઉઇન યાને જીતવું, લુઝ યાને હારવું, મની યાને ફુલ્યાં, ઓદ એન્દ ઇવન યાને એકી બેકી.

મા—અરે એવું શું કાંઇ બીજું ?

ધ—હાજી લેવોની કહું; વરેનદા યાને ઓટલો, સ્લીપ યાને સુવું, ઇત યાને ખાવું, દ્રીન્ક યાને પીવું, દેન્સ યાને નાચ, જેલ યાને બંદીખાણું, રાબ યાને તફડાવવું, હાર્દ લેબર યાને સખત મજુરી, સેન્તેન્સ યાને તેપ.

મા—હાલતો ચાકરી નથી; બીજી વખત જોશું.

—(૦)—

ત્રામની ગાડીમાં એક સ્ત્રી પાસ એક મરદ બેઠો હતો એવામાં એકાએક તે મરદને ફીકર આવ્યુ.

ગાડી ઉભી રાખી લોકોએ તેની સારવાર કરી ; પણ તે મરણ પામ્યો જ્યારે પેલી સ્ત્રી બોલી, પણ જે માણસો ઉપર એવી કજા ઘડી ઘડી બનતી હોય તેઓએ ત્રામ ગાડીમાં બેસવું નહી જોઇયે.

—(o)—

એક પારસી ગ્રહસ્થને ત્યાં સેહાદીની ખુશાલીમાં રાતના નાચ ચાલતો હતો ત્યાં એક બુચો પોતાના બાપના ખોલા ઉપર બેઠો હતો એટલામાં એક જઇફ મરદ મિજલસમાં આવી લાગથી બધાઓએ ઉઠીને તેને આગળી બેઠક આપી; તે જોઇ પેલો બુચો બોલ્યો, 'બાવાજી, મને જલદીથી સફેત દાઢીવાળો થવા ગમેચ. 'તેનું કારણ?' કારણ એજ કે મને પણ પેલા આગળના કોચ ઉપર બેસવાનુ મળે કે બધું બરાબર દેખાય.

—(o)—

બાપ—કેમ દીકરા, તને નિશાળે જવા ગમેચ કે?

દીકરો—જવા તો ઘણુંજ ગમેચ; પણ—

બા—પણ-શું વારૂં?

દી—પણ, એટલુંજ કે ત્યાં જઇને તરત પાછો ફરવા વધારે ગમેચ.

શું દુન્યાબી છે કે જ્યારે મારી સ્ત્રી ગુજરી ત્યારે તે વાતની જેટલા લોકોને ખબર પડી તેઓએ મને બીજી બૈરી આપવા કહી; પણ જ્યારે મીશીઅસ બજી લાલચુ અને ધનજી ભીમાની કુંપનીની પેહેડીમાં મારા રૂપ્યા દુબી ગયા ત્યારે કોઇ મને તે આપવા આવ્યું નહિ.

—(o)—

એક ગામમાં એક કવીએ કજીયાખોર અને ખરાબ સ્વભાવવાળી ઓરત ઉપર કવીતા જોડી જ્યારે એક પારસીએ તેની નકલ માંગી. હવે કવીને ખબર કે તે પારસીની ઓરત ઘણીજ કુસ્વભાવની હતી તેથી તે બોલ્યો, 'અરે ભાઇ સાહેબ, તમારા ઘરમાં એ કવીતાની અસલ નકલ છે ત્યારે બીજી શું કરવા જોઇએ.

એક વખત એક છોકરાને તેના ઉસ્તાદે શિખામણ દીધી અને કહયું કે, 'છોકરા, તું ભણતો નથી તો પછવાડે તારૂં શું થશે?'

છોકરો—અરે સાહેબ, જેમ બધાનું તેમ મારૂં થશે, ચપટાં, પાપડી, મલીદા; વળી બીજું શું થાય!

પ્રખ્યાત બેજન સુરતીને વાસ્તે કહે·છે કે, તેણે એક વેળા બીચારી એક દોસી જેના પાસ પોતાનાં મોતલાકડાં હતાં, તેણીના પાસેથી રૂ૨૫૦ ઉછીકા લીધા. કેટલાક મહીના ગયા પછી તે પોતે પેલી દોસી આગળ ગયો અને દમ કરી બોલ્યો દોસી તારા ઉપર મેં કોરતમાં ફરયાદી મંડાવી છે વાસ્તે તાંહાં તું આવતી જુમેરાતે વેહલી આવજે.

દોસી—નારે બાપજી, હું કોરતમાં નહી આવું, મારી વીતી તુંજ જજે; પણ મેં શું કરેલું ?

બેજન—તારી ઉપર ફરિયાદ છે કે તેં મને એવા ખરાબ અને નેહેસ્ત રૂપીઆ ઉછીકા આપ્યા કે તેનો હાથી દાંતનો વેપાર કરતાં (જુગાર રમતાં) મારા લખો રૂપીઆ જતા રહયા.

—(૦)—

દોસી—(રાંદેરમાં એક ઝાડપાળાના વઇદને) જોવોની મરૂં, આ મારા પોયરાને હું થીયેલું.

વઇદ—(નાડી તપાસ્યા પછી ઘણી વારે) હો હો! પારયખું; ભાઇ તો માંદો થીયેલો, કેમ હમજેલી કે દોહી ?

દોસી—હા, મરૂં, હમજેલી; અને ખદાયજીના દુવા માંગુંચ કે તમને અમારા ગામમાં મોકળેલા કે હઉનું હારૂં થાય.

—(૦)—

એક સ્ત્રી—કેમ બાઈ, તમે હંમેશ આપણી મંડળીમાંથી બધાં ગયાં પછી જાવો છો.

બીજી—તેમ કરવાનું કારણ છે.

પેહેલી—એમાં કારણ તે શું હશે?

બીજી—તે એજ કે મારા જવા પછી તમને મારી નિંદા કરવાની તક નહિ મળે.

પેહેલી—ત્યારે તમારો જીવ કેટલો નાનો? કોઈની ખુશી તમારીથી દેખી શકાતી નથી.

—(o)—

દરદી—અરે દાકતર સાહેબ વળી તમે આ બીજોબી દાંત ખોટો ખેંચી કાઢયો.

દાકતર નીમ હકીમ—પણ હવે ભુલ થશે નહી.

દરદી—મારા ફકત ત્રણ દાંત બાકી હતા અને તેમાંથી બે આખા અને સારા દાંત તમે ખેંચી કાઢયા. દુખતો દાંત હજી રહી ગયોછે. હવે કેવી ભુળ બાકી છે!

દાકતર—પણ હવે તો મારી સઘળી હુશિયારીથી દુખતોજ દાંત ખેંચી કાઢીશ; કાંઈ બીહો ના.

—(o)—

એક દેવળનો ઘંટ વાગતો હતો જયારે એક પાદરીએ એક શખસને કહયું, 'આ ઘંટ સાંભળી તને તારાં મોતની યાદ આવતી હશે!' પેલો શખસ

પેલા પાદરીને ઓળખતો હતો તથા તેના વિશે જાણતો હતો કે તે બાતેનમાં બુરો આદમી હતો. તેણે જવાબ દીધો કે 'મને એનું દોરડું યાદ આપેછે કે તમે કયા મોતે મરવાના.'

—(0)—

એક વખત એક બબરચીએ પોતાની સમજ મુજબ ઉકમાઇની ચા બનાવી. જ્યારે સેઠીઆ-ઓ તે પીવા બેઠા પણ કોઇએ તેની તારીફ કીધી નહિ ત્યારે એક બુચો જે ચા પીતો હતો તેને લોક સાંભળે તેમ પુછ્યું, 'કેમ, બુચાજી, તમને આજની ચા કેવી લાગેચ ?'

બુચો ચા તો મજાહની છે; પણ તેમાં પાણી-નો સ્વાદ ઘણો જણાય છે.

—

શિક્ષક—છોકરા તું પસાર થયલો ગણાય એટલીજ માર્ક લાવ્યો છે વધારે નહિ.

છોકરો—(હસતે ચેહેરે) ત્યારે તો ઘણું સારૂ, સાહેબ.

સિક્ષક—કાં, સારૂં કેમ ?

છોકરો—જે કાંઇ જોઇતું લીધું હોય તે ઠીક. આ મારૂં બાદયાન મને બેસતું આવે એટલું સી-વ્યુંચ તો ઠીક લાગેચ; પણ જોઇએ તે કરતાં વધારે કપડાંનું સીવ્યું હોત તો ઠીક નહીં કહેવાત.

—(0)—

પવનના સુસવાટા નીકળે છે તે શા માટે હશે ?

એટલાજ માટે કે તેના સુસવાટા પ્રમાણે પાંદડાં નાચે.

—(o)—

એક પારસી સેઠીઆનાં મરણની બીજે દહાડેનાં વર્તમાન પત્રોમાં સઘળે ઠેકાણે "દુખદાયક મરણ" એવું મથાળું કરવામા આવ્યું હતું, જે વાંચતાં અદુ અદગરાને ઓચંબો લાગી આવ્યો, અને તે મનસે બોલ્યો કે સુખદાયક મરણ તે કેવાં હશે !

—(o)—

દોસાં—બાવા, દાકતર, જરા જલદી ચાલો તો, મારે ઘર આવો, પછી આ બધાં જીભરાયાંને દવા આપજો, મરૂ.

દાકતર—દોસાં, કોણ માંદું છે ?

દોસાં—અરે મરૂં, જરા મારા જીવને સારૂં નથી.

—⊜—

એક શખસ ઉપર ગોધાએ હુમલો કીધો, જ્યારે એક ખુશ મશખેરાને તેથી ઘણીજ રમુજ મળી, અને તેને ખડખડ હસવું આવ્યું. એવું બન્યું કે તેજ ગોધો મસ્તી કરતો કરતો એકદમ તેના તરફ ધસ્યો જેથી તે ઘણો જખમી થઇ, એક વાડમાં તેના સાંકડા દરવાજામાંથી ભરાઇ ગયો.

તાના જખમ સાફ કરતો બોલ્યો, સારૂં કે મેં પેહેલેથીજ હસી લીધું, નહિ તો મને હસવાનું મુદલ બનતે નહિ.

એક સ્ત્રી-ડાકતરને એક વેળા એક માતબર પારસી દરદીને જોવા બોલાવી તેણીએ તે દરદીની નાડી જોયા પછી જણાવ્યું કે તેણે જલદીથી પરણવું જોઇએ.

દરદી—વહાલાં ડાકતર, તમે પણ કુંવારાં છો.

ડાકતર—ખરી વાત; પણ ડાકતરો તો ઉપાય દેખાડે, કરે નહિ.

માંગનાર—કેમ ભાઇ, એટલું નાણું અદા કરોની?

કરજદાર—મારાથી અપાય એવું નથી.

માં—કાં, તમો તો પ્રમાણીકમાં ખપોછો ને?

ક—મારાંમાં પ્રમાણીકપણું છે તોજ હું તમને કહું છું કે મારાથી અપાય એવું નથી.

માં—એને તમે પ્રમાણીકપણું કહો છો કે?

ક—અલબતાં; નહિ તો કે તમને આપવા કહી, જુઠા ફેરા ખવડાવ્યા કરતે.

દુકાનનો માલેક—(પોતાના મદદનીસને) તમે તમારાં કામમાં ગફલત કીધી છે માટે હું તમને દંડ કરીશ.

મદદનીશ—કામમાં કસુર થઇ તે માટે દંડ!

માલેક—હા; ઇનસાફ ખાતર કરવુંજ પડે

મદદનીશ—તમે ઇનસાફને ચાહોચ ત્યારે, સાહેબ?

મા—અલબતાં.

મ—ત્યારે તો જ્યારે હું જેટલાં તમારાં મન-ગમાં કામ કરૂં ત્યારે ફકટ મોઢેથી ઉપકાર જણાવ-વાને બદલે તેટલાં દરેક સારાં કામને વાસ્તે ઇનામ આપતા રહો.

ધણી—મારી પ્યારી આજે કોણ જાણે મારાં ઘડિયાલને શું થયું હશે! એકાએક કેમ બંધ પડી ગયું!

બૈરી—એમાં કચરો ભરાયો હશે તેથી સાફ કરાવવું જોઇએ.

બુચો—નહિ, માયજી; આજે સવારે મેં અને મારી બાઇએ એને ગરમ પાણીમાં બોરીને ઘણું સાફ કીધું છે. એમાં કચરો જરા પણ રહયો નથી.

બેજન સુરતીએ એક વેળા એક મારવાડી પાસેથી રૂ૫૦૦ વ્યાજે કરાવ્યા. મારવાડીએ તેના પાસેથી રૂ૫૦૦૦ ની ચીઠી લખાવી લીધી. વરશ એક વહી ગયું; ત્યારે મારવાડી ઉઘરાણી ગયો. બેજને તેને બીજે દહાડે આવવા કહયું. બારવણે મારવાડી ચીઠી લઇ ગયો. બેજન તે વેળા ઓરડામાં આતશનું પાતરૂં માંડી ભણવા બેઠો હતો. પાતરાંમાં શુકર મુકી બળતું કીધું પછી ભણતો ભણતો મારવાડી ગમ જોઇ ઇસારત કરી બાજમાં બોલ્યો, 'ચીઠીની મુદત થઇ છે કે હજી બાકી છે.' મારવાડી બોલ્યો, 'ના, શેઠ, મુદત પાકી ગઇ છે. જોવોની.' બેજને તે ચીઠી લીધી અને વાંચવાનું ડોળ કરતો મારવાડીને બોલ્યો 'ઠીક છે ભાઇ, બેસ, હું જરા વાંચી જોવુંચ.' મારવાડીએ એક પેટીઉપર બેસવા જવાને પીઠ મરડી એટલે બેજને ચીઠી બળતાંમાં મુકી દીધી; અને મારવાડી રડતો કુટતો ઘર ગયો.

—(o)—

શિક્ષક—દુન્યા નારંગીના જેવી ગોળ છે; અને તેમાં $\frac{1}{4}$ ભાગ જમીન છે ત્યારે બાકીનો $\frac{3}{4}$ ભાગ શેનો હશે?

નિશાળીઓ—છાલ.

—(o)—

કોટવાળ—બંધવા તને જ્યારે છેલ્લા અહિં પકડી લાવ્યા હતા, ત્યારે મેં તને એવી સરતે છોડી મુકયો હતો કે જો તું ચાકરી ધંધો નહિ કરશે તો તને શિક્ષા કરવામાં આવશે. તું કેમ ચાકરી નહિ કરતો?

બંધવો—અરે સાહેબ, મારો વિચાર તો થાય છે કે હું ગીરણીમાં મજુરીએ જાઉં, પણ કેડ ફેસાદ થાય તે મને નહિ ગમતું.

કો—ફેસાદ શેનો?

બં—કાં, સાહેબ; મારૂં વારંવાર મન થાય છે કે મજુરોને સમજાવી જે ગીરણીમાં મને રાખે ત્યાં હડતાલ પડાવું.

કુંવારો—હું પેલી સાથ કદી પરણનાર નથી.

દોસ્ત—કાં, ભલાં?

કુંવારો—બસ નહિ, હું તેણીને ધિક્કારૂંચ.

દો—પણ કારણ?

કું—કારણ, મારી સાથ પરણવાને મેં તેણે કાળાવાળા કરયા; પણ તેણીએ મને તુચ્છકારી કાઢયો.

—(o)—

એક અડધો દિવાનો તદન પોતાની મા તથા ભાઇને માથે પડેલો હતો. તેને કાંઇ મસ્તી કરવા

માટે તેના બાપએ ઠોકી કાઢી મુકયો. બહાર રસ્તામાં નીકળી મોટે સાદે તે બોલ્યો, 'જાઓ, હવે, તમે બધાં રખડી મરવાનાં. આ હું તો ચાલ્યો. ગમે એટલી વાર પાછો બોલાવોની પણ આવુંજ નહિ.'

—(૦)—

એક વેપારી એક નાટક કરનાર સ્ત્રી ઉપર આશક પડયો. તેણે બે પોપાક ખરીદયા અને તેણીના ઉપર મોકલી કહેવાડયું કે 'હું તમને મળવા આવું તે પહેલાં આ પોપાક માંહેલો એક પસંદ કરી રાખજો અને જે તે નક્કી જવાબ દેજો'. થોડાક વખતમાં તેને જવાબ મળ્યો કે 'તમારે આવવાની તસદી લેવી નહિ. કારણ કે મને બંધે પોપાક પસંદ પડયાથી તે રાખ્યા છે.'

—○—

બૈરી—તમને જોતાંજ મને દવાની શીશી યાદ આવે છે કે જેના ઉપલા ભાગમાં કાંઇ ભરેલું હોતું નથી.

ધણી—હાં, મારા ઉપલા ભાગમાં તો તું ભરેલી છે અને તું કાંઈ પણ નાચીજ કેમ હોય.

—○—

એક મુરદાં ઉપર જ્યુરી બેસવાની હતી તેથી કોરોનરનાં માણસો કેટલાક શાહુક વાણીઆઓને

જુરીમાં બેસવા પકડી લાવ્યા. તે સઘળા ગભરાવા લાગા અને રામ! રામ! બોલવા લાગા. મુરદાં આગળ તેમને તપાસ માટે લઇ જવાના છે એ ખબર સાંભળતાં તેઓ માંહેલો એક એટલો પોચો હતો કે ઉજરો ફગ થઇ ગયો. તેની તેવી હાલત થયલી જોઇ કારોનર બોલ્યો કે તેને ત્યાંથી કાઢી મુકે, નહિ તો એક જુરી ઉપર તેમને બીજી જુરી ભરવી પડશે.

—(o)—

ભીખારી—સેઠજી, તમારા પાસ કાંઇ જુનું બદીઆન હોય તો આપો, મોટી મેહેરબાની થશે.

કંજુસ—બાપુ, મારાં કપડાં ઘરે કબાટમાં છે નહિ તો હું મોટી ખુશીથી આપતે.

ભીખારી સાંજના કંજુસની પછવાડે તેને ઘર જઇ ઉભો અને બોલ્યો, 'શેઠજી, કાંઇ મેહેરબાની કરો.'

કંજુસ—(ચીરડાઇને) અરે તું બી કેવો શખસ દેખાય છે; આખો દહાડો મારો પીછો છોડયો નથી? જા, હું ચીરડાઇ ગયોચ, બસ હવે હું તને નથી આપવાનો.

આયા—ડાકટર સાહેબ, મારી બાઇનો ખાવીંદ ઘણો બીમાર પડયો છે અને બાઇની એવી મરજી છે કે તમારી મદદ વગર તેને મરવા દેવો નહિ.

—

પરિક્ષક—છોકરાઓ, મને જણાવો કે બીજો એદવર્દ રાજા કિઓલ્સમાં કાં જન્મ્યો હતો ?

એક છોકરો—કિઓલ્શ લોકોને પોતાના દેશમાં પેદા થયલો રાજા જોઇતો હતો, તેથી તેના બાપે પોતાની રાણીને કિઓલ્સ મોકલી, જ્યાં તેણીએ બીજા એદવર્દને જન્મ આપ્યો.

બીજો છોકરો—નહિજી, એમ નહિ.

પ—ત્યારે કેમ.

છો—તે એમ કે તેની મા ત્યાં જ્યાઇ હતી.

—

એક શખ્સે એક હજામને તેડી કહયું કે બે પૈસાના જેટલું તેનું માથું બોડ. હજામે માથું બોડયું, જ્યારે પેલાએ પુછયું કે 'હજામ તું જાણેચ કે બે પૈસા જેટલી કીંમતનાજ વાળ તુંએ કાપ્યા છે ?' હજામે હા કહી એટલે પેલો બોલ્યો, 'ઠીક છે, બાઇ, ત્યારે તો મારી હજામતના પૈસા બદલ એજ વાળ તું લઇ જા.'

—

એક કુપરે પોતાના દીકરાને પીપમાં બેસાડ્યો કે તે પીપનું ઢાંકણુ જડવામાં તેને કામ લાગે. ઢાંકણું જડાઇ ગયું અને અંદર રહેલા છોકરાને તેણે કાકવાટે બહાર કાઢવાને ફાંફાં મારયાં.

એક શખસ સવારમાં સકારેથી શિકાર મારવા નીકળ્યો. ફરતો ફરતો તે કોઇ ગ્રહસ્થનાં જંગલમાં જઇ લાગો કે જ્યાં શિકાર મારવા વિશેના કાયદા ઘણા સખ્ત હતા. ભોગજોગે પેલો ગ્રહસ્થ તેને મળ્યો, જેને જોતાં તે શખ્સે પુછ્યું, 'કેમ સેઠ, આજે કાંઇ એટલા સકારામાં બહાર નીકળ્યા છો?'

ગ્રહસ્થ—નાસ્તા માટે ભૂખ લાગે એટલા વાસ્તે બહાર નીકળ્યો છુ; અને તું એટલો સકારે કેમ નીકળ્યો છે.

શખસ—હું તમારાથી ઉલટીજ મતલબસર બહાર નીકળ્યો છું, અને તે એજ કે ભૂખ માટે નાસ્તો હાથ લાગે એટલા માટે.

એક ગામડયો 'લેલી મજનુ'નો ખેલ જોવા બેઠો હતો. ખેલમાં મજનુ આગળ લેલી પોતાની મોહોબત જણાવતી હતી, જ્યારે પેલો ગામડયો

એકદમ પોતાનો ઉભરો બહાર કાઢો બોલ્યો, 'અરે પણ, ઇને શા માટે બેહોસ કરે છે, મારી સાથ મારે ગામ આવ આપણે પરણીશું.'

—⊜—

એક શખસ જ્યારે પણ પોતાની માશુકને જોતો ત્યારે 'આગ, આગ' કરી બુમ પાડતો; અને જ્યારે તેને પુછવામાં આવતું કે 'ક્યાં?' ત્યારે તે પોતાની છાટી ઉપર હાથ મુકી કહેતો, 'યાંહાં.'

—(o)—

માજીસ્ત્રેત—બંધવા, જુબાની ઉપરથી ખુલ્લું પુરવાર થાય છે કે ફલાણાં દુકાણમાંથી વકરો લઈ બહાર નીકળતાં તું પકડાયો છે; વાસ્તે હવે તારે શું કહેવાનું છે?

બંધવો—ખરી વાત છે, સાહેબ, કે હું દુકાણમાંથી વકરો લઇ બહાર નીકળ્યો અને એજ માફક ઘણો વખત ઉંઘમાં મારાથી થઇ જાય છે. મને ઉંઘમાં ચાલવાની ટેવ છે; કદી કદી તો બારીએથી પડી જવાની ધાસ્તીમાં આવી જાઉં છું.

માજી—વાસ્તે હું હુકુમ કરૂં છું કે—

બંધવો—મને છોડી મુકે.

માજી—નહિ, પણ તારાં બંધીખાણાની બારીને મજબુટ ગરાડ જડી લે.

—⊜—

એક પારસી લખોપતી હંમેશ સાદો ફરતો હતો, તેને એક વેળા અમો મળવા ગયા હતા. અસલી રેવાજ પ્રમાણેનો તથા જાતે ધરમી હોવાથી હજામત કરાવતી વેળા મેલાં કપડાં પેહેરી ભોંય ઉપર બેસતા હતા. એક વેળા તેઓ એ રવેશે હજામત કરાવતા હતા, જ્યારે અમારૂં તેમને મળવા જવું થયું. તેમની રાહ જોતા અમો બહારના ઓરડામાં બેઠા હતા એટલામાં એક ટપાલવાલો તે સેઠને નામનો એક પત્ર લાવ્યો અને સેઠનેજ પુછવા લાગો કે ફલાણા સેઠ કયાં છે.

સેઠ—હેવ, તે અમચાજ કાગળ હયે.

ટપાલવાળો—મશ્કરી સોડા અને સેઠ કુઠે હય તે સાંગા.

હજામ—એઓજ સેઠ છે, એમને આલ.

ટપાલવાળો—દોગી ગમ્મત કરત બઇસલા હય.

એ રવેશે વાત ચાલતી હતી, એટલામાં અમે જઈ સઘળો ખુલાસો કરી આપ્યો.

આ રમુજ ઉપરથી સાર એ છે કે દરેક જણે પોતાનો ટેક પોતાની ગુંજાશ માફક રાખવો જોઇએ.

વેલાતમાં એક સ્ત્રીએ પોતાના ધણીથી ત-

લોક માગ્યા. જ્યારે કારણ પુછવામાં આવ્યું ત્યારે અતિશય ચાટકીપણાંનું બહાનું કાઢયું. દાખલો માંગ્યો એટલે એક તેણીએ એવો જણાવ્યો કે કોઈ કોઈ વખત તે મોઢાંડે ચોપડવાનો તેણીનો પાઉડર પોતાની પીતળની સાંકળી સાફ કરવા કામે લગાડે છે અને એ રીતે તેણીને હેરાણ કરે છે.

—(o)—

ઉતારૂ સ્ત્રી—મેહેરબાની કરી વસાઈની એક તીકીત આપો.

તીકીતવાલો—બકરાં ગાડીની કે ઉતારૂની.

ઉ—ઉતારૂ ગાડીમાં તમારા જેવાંજ લોકો મળવાના હોય તો બકરાંની તીકીત આપો, તે ભલી.

—(o)—

એક સેઠે પોતાના ચાકરને શિખામણ દીધી કે કાંઈ પણ ચીજ ખરીદ કરીએ તો તપાસીને કરવી. એક દિવસ સેઠે તેને દિવાસળીની ડાબડી લેવા મોકલ્યો, જ્યારે તેણે સેઠની શિખામણ યાદ કીધી અને તે મુજબ દરેક દિવાસળી સળગાવી જોયા પછી ઘર લઈ ગયો.

—(o)—

વાણીઆ ઘણા દયાળુ હોય છે. તેઓ હવે મેહેરબાની કરી એટલું કરે તો સારૂં કે ગાય ભેંસ-

નાં દુધનો ખોરાક લેવાનો બંધ કરે કે જેથી બીચા-રાં તેમનાં બચ્ચાંને દુધ પીવાનું મળે અને તેમને દુવા લાગે.

ઝાડપાનને જીવ હોય છે, એવા વિચાર તળે અમારો એક પારસી બાહાબંધ કદી પણ ઘાંસ ઉપર ચાલતો નથી.

વકીલ—બંધવાને પથ્થર મારતાં તેં દીઠો?

શાખસી—હા, સાહેબ, દીઠેલો.

વ—શું દીઠું તે કહી જાઓ.

શા—એક પથ્થર દીઠેલો.

વ—કેટલો મોટો.

શા—અલબતાં જરા મોટો.

વ—તેનું કદ?

શા—અલબતાં કદમાં ઠીક હતો.

વ—પણ તે કેટલો મોટો તેનો જવાબ ચોક્સ કેમ નહિ આપતો?

શા—તે પથ્થર અલબતાં બાસો મોટો હતો.

વ—પણ તે વિશે આ જુરીને કાંઈ વિચાર આવે તેમ દેખાડ.

શા—અલબતાં મારા વિચાર પ્રમાણે તો તે બાસો મોટો હતો.

વ—પણ કોઇ બીજી ચીજ સાથ તેની સરખામણી કર.

શા—અલબતાં ચાકના લોંદા જેટલો.

ચીકાગો શેહેરમાં ઉંદરનો ઉપદ્રવ એક ઠેકાણે ઘણો વધી ગયો હતો, ત્યાં તેમને પકડવાને ઘણાંક છટકાં માંડવામાં આવતાં, પણ કોઇમાં ઉંદરો સપડાય નહિ; તેનું કારણ જાણવા માટે ઘરનાં માણસોએ તપાસ કરવાનો વિચાર કીધો. એક છટકું હિકમતથી મુકવામાં આવ્યું, જ્યારે એક નાનો ઉંદર ત્યાં જણાયો, અને તે મોતનાં છટકાંમાં કુદવા જતો હતો, એટલામાં એક ઘરડો ઉંદર તેની તરફ ધસતો આવ્યો, અને તેને પુછડીમાંથી પકડી દરમાં ઘસડી લઇ ગયો.

એક માતબર શખસે દાકતર આગળ ફરિયાદ કીધી કે તેની ઉંઘ જતી રહી છે. દાકતરે જવાબ દીધો, 'જતી રહી છે, તો તે કોઇ ગરીબને મળે તો કેવું સારૂં!'

એક શખસ એક ઘણી ઠીંગણી બટકી સાથ પરણ્યો જ્યારે તેને તેમ કરવાનું કારણ પુછવામાં

આવ્યું ત્યારે ને બોલ્યો, 'જેમ બને તેમ ગળા ઓછી રહેલી સારી છે.

શેઠ—કેમ બેહેરામ, આ તારી નવી ચાકરી કેવી છે?

ઈરાણી—શેઠ ઘણા મઝનહનાં.

શેઠ—ખાવાપીવાનું સુખછેની?

ઈરાણી—ઘણા, બાઈ ઈંદાં રાંધેચ, અને ઈંદાં ખાયચ મને ઈંદાના રસ રહેચ તે ખાવા આપેચ ઘણા મઝબુત છે કવિત આવેચ.

એક માતબર કુમારા ગ્રહસ્થને તાવ આવ્યો. તરત પાસ થયલી એક સ્ત્રી દાકતર જે પડોસમાં રહેતી હતી તેણીને બોલાવવામાં આવી.

દાકતર—(નાડી જોઇ દવા લખ્યા પછી) તમારી માવઝત થવી જોઇએ.

માતબર—તમેજ આખી જીંદગીસુધી માવઝત કરો તો કેમ.

દાકતર—મારે કાંહાં ના છે.

એવું કહે છે કે જો એક ઓરત સતર વરશની ઉંમરે ખુબશુરત ન દેખાઇ તો શીંતેર વરશે તો જરૂર દેખાશે, એવો શોધ એક અદગરાએ કર્યો છે.

વાહરે કાકા! તમે તો વહડકણી બૈરી લાવ્યા ખરા, પણ રોજ પુદીંગ ને તરેહવાર સ્વાદીઆં સાસરેથી આવેલાં જમોચ.

ખરી વાત, ભાઈ, મને રોજ મોહાઇ સાથ ખાતાપુદીંગ અને મેથીપાક ઉઠતાં ને બેસતાં મળેચ.

એક શખ્સ પોતાની કાકટ બૈરીથી કંટાળી ગયો હતો, તે એક મિત્ર આગળ તેણીની ફરિયાદ કરતો હતો, તેને જોઇ એક ત્રીજાએ પુછયું કે તે બિચારાને શું દુઃખ થયું છે, જયારે પેલા મિત્રે જવાબ દીધો કે તેને ભાભર ભુંજનું દરદ થયું છે, તેનો ઇલાજ સુઝ નહિ પડતો.

બાપ—કેમ દીકરા તું દશ વાગે એટલો મોડો કેમ ઉઠયો? તારી વાટ જોઇ અમે નાસ્તો ખાઇ ગયાં.

દીકરો—બાવાજી, હું તો મરઘાંઓની સાથે ઉઠયો હતો.

બાપ—ઠીક ત્યારે હવે કાળથી વેહેલો હેઠળ આવજે કે નાસ્તો મળે, આજનો દહાડો તો તે વગર ચલાવ.

આલસુ છોકરો તે દહાડેથી રોજ સકારે ઉઠવા લાગ્યો.

એક હોડીવાલો પોતાનો મછવો ઘાસનાં દોરડાંવતે કિનારે બાંધી ગયો એટલાંમાં એક ગાય ત્યાં આવી લાગી અને મછવામાં ઉતરી પેલું દોરડું કરડી ખાધું, જેથી મછવો ઓટમાં તણાઇ ચાલ્યો અને થોડેક દુર ગયા પછી ઉંધો વળ્યો એટલે ગાય ડુબી ગઇ. ગાયના ધણીને ખબર પડતાં હોડીવાલા ઉપર ગાયની કીંમત ભરી લેવા ફરિયાદી માંડી જયારે હોડીવાળાએ પોતે ગાયના ધણી ઉપર ફરિયાદ નામુ મેળવ્યું. કજયો નીકળતાં કોતવાલ સાહેબ વિચારમાંજ પડયા કે ઇનસાફ કેમ કરવો.

સુખીઆરાં જોડાંનો નમુનો.

શીરીન—મારા દીયર જાંગલા, હજી તો આપણને પરણ્યાને બે મહીના થયાચ, અને એટલી ટુંક મુદતમાં આપણો પ્યાર કેવો મજબુત થતો જાય છે. હું નહિ ધારતી કે આપણાથી એક બી-

જાની જુદાઇ તામોશ કરી શકાશે. તમે એક દહાડો પણ બહાર ગયા તો પછી હું તો ઝુરીને મરી જાઉં જો.

આ બોલ સાંભળતાં કીકલો લાલોઓ જે પાસેના ઓરડામાં ઝાડૂ કાઢતો હતો, તે ખરખર હસી પડયો અને મનસે બોલ્યો, "મારી હાહુ ઇતલુઇ નહી હમજતો કે જલદી બંધાયલી મોહોબત જલદી તુટે. છછરીને જરા આગળ તો ચાલવા દે ને પછી કીકલો બંદો હંધુ દેખાડછે.

જાંગીર જાંગલો—પ્યારી સીલા, એ તું શું બોલી! જુદાં પડીએ! અરે એક દહાડો તને જોઉં નહિ તો બસ ઘેલો બની જાઉં.

કીકલો—(મનમાં) નવું હવું સે તીટલાંજ તો, હઉએ.

શીરીન—ઓવારૂં રે, એવું અવર જેવું શું બોલોચ, તમારા મદદના જીવને જરાબી સંતાપશો, તો ફક્ત તેટલાજ ખાતર હું મારૂં સર પટકીને આપઘાટ કરી નાખશ જો. તમારા વગર બલ્યું રે જીવવાનું. તમે સુખી તો હું સુખી. તમારા વગર બાપીકા પૈસા શું કામનો. દીયર તમારા ઉપર મારૂં તમામ તન, મન અને ધન હું ફીદા કરવાને તઇયાર છું.

ફીકલો—(મનમાં) તો, તો, પુછવું છું પછે.

લગણની વરસીનો સુમાર હતો, જ્યારે એક દહાડો ફીકલો પોતાની ઓરડીમાંથી જોય શું કે બાઇ સાહેબ કુવાની પાલ ઉપર ચહડેલાં અને તાંહાંથી બુમ મારતાં કે 'ભસતે ગીઆ, મને બધી નાગી તો કીધા, પણ વધ્યાસધ્યા મારા બે રૂપ્યા ગયા માસમાં ઉછીકા લીધા, તે પણ લઇ બેઠો. મુવા અબ ઘડી તે લાવ નહિ તો બસ આ કુવામાંજ પડુંચ.

ફીકલો—(બાઇને પકડીને) બાઇ છાહેબ, એમ છું કરોચ. દછ મહીના થયલા ને તમે બોલેલાં કે પ્યારા તમારા ઉપર મારૂં તન ને મન ને વળી ધન હરવે રીદા કરા ને ઇમ કેમ કરોછ, રોજ ફેછતા છું કરવા કરોચ. તમારાં કરતાં મારી ફીકલી ભલી કે ઉડતાં ને બેછતાં પછ મારી હેવાજ બજાવે. છેઠ કરતાં હજી હું ભલો કે ડાગ ભાજીએ છુપી છું.

—☺—

એક શખ્સેને એવું લાગું કે તેની સ્ત્રી તેને ચાહાતી નથી; તે વિશે પકી ખાતરી કરવાને ઠરાવ્યું. તેણે પોતાની બૈરી ઉપર એક કાગળ લખ્યો જેમાં જણાવ્યું કે, 'તને આ કાગળ મળે તે પેહેલાં હું મેદાન માંહેલા એક કુવામાં પડીશ, જ્યારે તું

શું કરેચ તે જાણવા ખાતર મારો જીવ તારા આગળ આવી ભમતો રહેશે.' ભૂલમાં તે કાગળ તેની બાયડીને ન મળતાં પડોસનને મળ્યો, જેણીએ તે વાંચી વિચાર કીધો કે આ ચીઠીથી બિચારી દુખી અબળાનાં દુખમાં વધારો થશે, તથી બેહેતર કે પુલીસના હાથમાં આપું. પુલીસે તલાસ કરી અને પેલા શખ્સને કુવા આગળ દીઠો. તરત તેને પકડી બંદીખાણે નાંખ્યો અને તેની સ્ત્રીને તેનો પત્ર આપ્યો. તેણીએ વાંચ્યા પછી તેના ઉપર દિવાનાપણાંનું તોહોમત મુકી દિવાનાશાળામા પુરી મુકવાની પુલીસને અરજ કીધી જે સ્વીકારી નહિ.

આકડા સ્વભાવની બદફેલ એક બદકામગાર સ્ત્રીએ પોતાના ધણીને ઘણી તોબાહ આપી હતી. તે મરણ કાંઠે પડી ત્યારે પોતાના ધણી આગળ બોલી, 'મારા વહાલા, તારા તરફ મારી વર્તણુંક સારી હતી,' જ્યારે ધણી બોલ્યો, 'બેશક, ચાને રૂડી નહિ તેમ ઘણી બુરી નહિ.'

એક સ્ત્રી—કેમ, છપણબાજ, દીવાળીની રોશની જોવા આવોચ કે?

છપણબાજ—નહિ, બા.

બીજી—કદાચ એવણ પોતાના વરથી બીહી-
તાં હશે.

છપણ—વરથી બીહુ ? પાંચ પાંચ વરથા નહિ બીધા તો એ છહાથી કોણ બીહીનાર છે.

એક ચોપાન્યાંના અધિપતી ઉપર દરજીએ બીલ મોકલ્યું, જ્યારે તેણે પાછું મોકલી ઉપર લખી આપ્યું કે ચોપાન્યામાં લેવાય એવું નથી.

બેબી—માયજી, પારસીઓ કાઇનેબી તોપી ઉતારી માન આપતા નથી, એમ કાંય?

મદમ—તેઓ ફકત હજામનેજ એ માન આપેચ.

જડજ—કેમ, બંધવા, તારે કાંઇ કહેવું છે કે? તારા ઉપર તારી મા તથા સાસુ એ બંધેનાં ખુન કરવાનો અપરાધ સાબેત થઇ ચુકો છે.

બંધવો—એટલુંજ છે કે આવો બનાવ મા-
ના ઉપર હજી પેહેલવેહેલો બન્યો છે.

ગામડયો—જીંદગીનો વાંમો ઉતારે તે શું કામનો.

દોઢચતુર—તે એમ કામનો કે જારે તું મરી જાય, ત્યારે તુને પૈછા મલે કે પછી તું ભુખે નહી મરે ને કોઈ પાછ હાથ નહી ઓરે, હમજ્યો.

ગામડયો—હમજ્યો કે મુવા પછી મને પૈછા મલે, અને પછી હું મોજ કરયા કરૂં, એમ બહુ છારૂં.

—◎—

બાઈ—કાં, ગુરગીન, તું હસેચ કાં? આજે સવારનાં પોહોરમાં કાંઈ બહુ લેહેરમાં છે.

ગુરગીન—બોઈ, મને બહુ હસવા આવેચ. તમે લોક ઈંધુ છે, ફારીસતાંઉ છે, કે ઝરથુસ્તી છે, કોણ છે?

બાઈ—ઈંધુ છે?

ગુર—હા, બોઈ, જોની તમે કેવી આજે સકારે ઉઠી, નહી તો હરરૂઝ આઠ વાગે ઉઠેચ.

બાઈ—પણ આજે બારી દહાડો છે કેની.

ગુર—બારી દહારો શું કરવા. દહારા બધા સરખા; તમે લોક ઈરાણીઓને જંગલી કહેચ, ઈરાણી જંગલી નહી, પારસી જંગલી. ઈંધુની દીવાળી આવી કે સકારે ઉઠેચ, તારી લેચ, ઘરનાં બારણાં આગળ છાંનેચ, ઈંદુ ભાજેચ, કારી મરથી કાપેચ, શું કરવા? આપણો નોરોઝ નથી કરવાનો?

બાઈ—મુવા તું સમજે નહી, એ તો બારી દહાડા છે તેથી.

ગુર—સવારે ભારી દાહરા ને રાતે રોશની થાય. બોહ એસકી થઇ ગારી લાવી ફરવા જાયચ અને એક કલાકના પાંચ રૂપયા આપી દેચ, બે ચાર રૂપીઆની મીઠઇ ખાયચ, તારે દાહરા હલકા થઈ જાયચ અને ખીસાબી હલકા થાયચ.

બાઈ—મુવા, તારા બાપનું શું ગીઉં.

ગુર—મારી બાપ તો ઇરાણુ છે, તે કાંઇ દીવારોઆ નથી, તેનું શું જાયચ. તે કાંઇ ઇંગરેજ લોકની નાતાલ પાળતો નહી. મારો માય છે, તે કાંઇ તમે લોક માફક ગીરણને દહાડે ધાણી, કપરાં, પૈસા આપે નહી, ઇંધુ નવા વરસને દાહરે સગન કરવા મીઠું લે નહી. પારસી જંગલી લોક છે. બીજી જાતવાલા પૈસો એકઠો કરેચ, વેપાર કરેચ ને દોલતવાન થાયચ. તમે લોક હોળી, દીવાળી, દસેરા, નાતાલ, તાબુત ને બીજા ઘણા ઘણા દાહરા પર મોજ મજાહ કરેચ, પૈસા ખાઈ જાયચ. બીજાં ૨૫ વરશ જાયચ કે પારસી લાચાર થાયચ, યાદ રાખેચ. અમે ઇરાણી ચાહ, કાફી, કસતર, કેક, પુદીન વેચી પૈસાવાલા થાયચ.

ગમઓસારના અધીપતી

મી॰ જીજીભાઈ કાપડયાનાં લખાંણુ વિશે

પતરોનાં મત.

જામે જમશેદ તા॰ ૩૦ મી જુન ૧૮૮૫

....આ ભાગ્યશાલી પારસી ગુજરાતી સાહીતીઅના બાબમાં કોઈ કાચો યા નવોસવો લખનાર નથી...મી॰ કાપડયાનો અંગરેજી વાંચનનો શોખ બોહોલો છે. તેવણ ચાહે તો સારો સંભાળ અને દુરઅંદેશાથી રમુજ સાથ પ્રજા ઉપયોગી બાબદો અંગરેજી ભણતર મંહેથી એક સરસ જહવેરીની મીશાલ ધુંદી કાહાડી ગુજરાતી આલમની અછી સેવા બજાવી શકશે...કેટલાક ચીબાવલા લખનારાઓ પોતામાં ઓરીજીનલ લખાણ કરવાનું કસુ પણ પાણી નહી હોવા છતાં અંગરેજી 'નોવેલો 'ના નામ નીશાનને દાબી રાખી પારશી નામોથી તેમના તરજુમા આપી એક કોમની રીતભાતોનું જે હીનપસ્તી ભરેલું છરબર કરી નાંખે છે, તેમને પગલે નહી ચાલવામાં મી॰ કાપડયાએ જે ડહાપણ જોયું છે, તે તેઅની સંગીન કેળવણીને શોભા લગાડનારૂં છે...તે થોડાક વખતના અરસામાં આપણાં જુનામાં જુનાં માશાકોને પણ તકર મારી શકશે....

છપાય છે.

પાક નાર ચાહુદન.

થોડુંકમાં બહાર પડશે.

કીંમત આગમચથી ખરીદનારને રૂ૧)

તથા પાછળથી રૂ૧॥.

☞ જાણવું જે આ પુસ્તકની ભાષા, રચણા, નવી તરાંહની છે. એ કીસ્સાનો સાર વાંચનારનું મન રીઝવવા સાથ ચાબુક તથા ગ્નાન બોધક છે. બાનુઓના હકમાં તે તદન ફાયદા ભરેલો છે.

અમોએ પ્રગટ કરેલી સઘળી વાર્તાઓમાં 'પાક નાર ચાહુદન' ને અમે પેહેલ્લો દરજ્જો આપીએ છિયે. કારણ બેસુમાર લખાતા મોહોબતના એક ઢબી કીસ્સાથી એ તદન નીરાળી છે.

કોટમાં બજાર ગેતના રસતા ઉપર મીનારાની સાંમે મી૦ પીરોશા દીનશા મુગ્દમના બુક ડીપોમાં તથા ટાઉન હાલની સાંમે 'ધી ગુજરાતી પ્રેસ' માં નામ નોંધાવવાં.

જીજીભાઈ ખ. મારફતીઆ.